અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 DECEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 159 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અસીમ મુનીરની ધમકી, ભારત ભ્રમમાં ન રહે : હવે હુમલો થશે તો પાકિસ્તાન પણ કડક જવાબ આપશે

4  એક્સિડન્ટ નાં વળતર રૂપે સારી એવી રકમ મળી હતી છતાં રામુકાકા કેમ ઉદાસ હતાં?

6  કોહલી 2025માં ભારતનો ટોપ વનડે સ્કોરર : ટેસ્ટમાં શુભમન, ટી-20માં અભિષેકે સૌથી વધુ રન બનાવ્યા

7  ચાંદી 2034 અને સોનું ₹848 સસ્તું થયું : 10 ગ્રામ સોનાનો ભાવ ₹ ₹ 1.28 લાખ અને ચાંદીનો ભાવ ₹ ₹ 1.77 લાખ પ્રતિ કિલો થયો

## RSSએ CBI, ED, ECI પર કબજો કર્યો : રાહુલ ગાંધી

# રાહુલ ગાંધીએ તમામ સંસ્થાઓ પર RSSનો કબજો હોવાનું કહેતા હોબાળો

### દેશની તમામ યુનિવર્સિટીઓમાં RSSના કુલપતિ લોકસભામાં SIR પર ચર્ચા ટાણે રાહુલ ગાંધીના કેન્દ્ર પર પ્રહાર

**નવી દિલ્હી, તા.09**

સંસદના શિયાળુ સત્રમાં આજે વિશેષ (SIR) એટલે કે મતદાર યાદી સુધારણા પરની ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), સીબીઆઈ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર ગંભીર પ્રહારો કર્યા છે. તેમના આક્ષેપોના કારણે ગૃહમાં ભારે હંગામો થયો છે.



રાહુલ ગાંધી(Rahul Gandhi) એ પોતાના ભાષણની શરુઆત ખાદીના મહત્ત્વથી કરી હતી. તેમણે કહ્યું હતું કે 'મહાત્મા ગાંધીએ ખાદી પર ભાર એટલા માટે મૂક્યો હતો, કારણ કે તે માત્ર કપડું નથી, પરંતુ તે ભારતના સામાન્ય લોકોની અભિવ્યક્તિ, આત્મનિર્ભરતા અને

રાહુલ ગાંધીએ મતદાર યાદી સુધારણા પર વાત કરતી વખતે RSS પર પણ આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'RSS તમામ સંસ્થાઓ પર કબજો કરવા માંગે છે. દેશની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓ RSSના છે.' આ વાત

ચાન્સેલરની નિમણૂક કરવામાં આવી છે. એક સંસ્થા સાથે જોડાયેલા લોકોએ CBI, ED પર કબ્જો કર્યો છે. દેશની ચૂંટણીને નિયંત્રણમાં રાખતી સંસ્થા ચૂંટણી પંચ પર પણ એક સંસ્થાએ કબજો કરેલો છે, મારી પાસે તેના પુરાવા છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'ભાજપ લોકશાહીને નુકસાન પહોંચાડવા માટે ચૂંટણી પંચનો ઉપયોગ કરી રહી છે. સીજેઆઈને સીઈસીની નિમણૂક પ્રક્રિયામાંથી હટાવાયા, જ્યારે તેમને હટાવાયા ત્યારે એકતરફ વડાપ્રધાન મોદી અને અમિત શાહ બેઠા હતા, જ્યારે બીજી તરફ હું બેઠો હતો. અત્યાર સુધીમાં કોઈપણ વડાપ્રધાને આવું કર્યું નથી. લોકસભા ચૂંટણી-2024 પહેલા ડિસેમ્બર-2023માં નિયમ બદલીને ચૂંટણી પંચને દંડ ન કરવાની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં CCTV અને ડેટાના નિયમો પણ બદલી નાખવામાં આવ્યા છે. સત્તા અને ચૂંટણી પંચ વચ્ચે તાલમેલ છે.'

તેમણે એવું પણ કહ્યું કે, 'હરિયાણાની મતદાર યાદીમાં એક બ્રાઝિલિયન મહિલાની તસવીર 22 વખત છપાયેલી છે. અમે હરિયાણા અને મહારાષ્ટ્રમાં વોટ ચોરી થઈ હોવાનું સાબિત કર્યું. બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરાયા બાદ મતદાર યાદીમાંથી 1.22 લાખ ડુપ્લિકેટ ફોટો છપાયા છે.' આ દરમિયાન અધ્યક્ષે તુરંત રાહુલ ગાંધીને ટકોર કરીને કહ્યું કે, 'તમે વિપક્ષના નેતા છો, ગરિમા જાળવીને બોલો તો ઠીક છે, નહીં તો આવી રીતે સદન ન ચલાવી શકાય. તમે તમારા સભ્યોને ગરિમા શીખવાડો. વિરોધ કરવાની પણ રીત હોય છે, પણ તમે જે રીતે બોલો છે, તે શું યોગ્ય છે.'

# ઇન્ડોનેશિયામાં 7 માળની ઇમારતમાં આગ, 20નાં મોત

### ઘણા લોકો હજુ પણ અંદર ફસાયા, બેટરીમાં બ્લાસ્ટ થવાથી દુર્ઘટના સર્જાઈ



**જકાર્તા, તા.09**

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં આજે એક 7 માળની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. સ્થાનિક ચેનલ કોમ્પાસ ટીવી અનુસાર, આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં 20 લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે, જેમાં 5 પુરુષ અને 15 મહિલાનો સમાવેશ થાય છે. તેમાંથી કેટલાકનાં મોત શ્વાસ રૂંધાવાથી થયાં હતાં. મીડિયા રિપોર્ટ અનુસાર, કેટલાક લોકો હજુ પણ ઈમારતની અંદર ફસાયેલા છે તેમને બહાર કાઢવાનું કામ હજુ પણ ચાલુ છે.

જે ઈમારતમાં આગ લાગી હતી એ ટેરા ડ્રોન ઈન્ડોનેશિયાની ઓફિસ છે. આ કંપની ખનન (માઈનિંગ) અને ખેતી (એગ્રિકલ્ચર) સંબંધિત કાર્યો માટે ડ્રોન સર્વે સેવાઓ પૂરી પાડે છે. આગની શરૂઆત ઈમારતની પહેલા માળથી થઈ. શરૂઆતમાં કર્મચારીઓએ આગ બુઝાવવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ તેઓ એના પર કાબૂ મેળવી શક્યા નહીં. પોલીસે જણાવ્યું કે પહેલા માળ પર રાખેલી બેટરીઓમાં આગ લાગી ગઈ હતી. આને કારણે આગ ફેલાતી ગઈ અને જલદી જ સાતમા માળ સુધી ફેલાઈ ગઈ. હાલમાં આખી ઈમારતની તપાસ હજુ ચાલુ છે. ફાયરબ્રિગેડની ટીમ દરેક માળ તપાસી રહી છે. થોડા દિવસ પહેલાં જ હોંગકોંગના ઉત્તરીય તાઈ પો જિલ્લામાં 35 માળના રહેણાક કોમ્પ્લેક્સની ઈમારતોમાં આગ ફાટી નીકળી હતી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, આ ઘટનામાં 36 લોકોનાં મોત થયાં છે, જ્યારે 257 લોકો ગુમ છે. અહેવાલમાં જણાવાયું છે કે આગ ઓછામાં ઓછી આઠ ઈમારતોમાં ફેલાઈ ગઈ છે. અત્યારસુધીમાં ફક્ત એક જ ઈમારત પર કાબૂ મેળવી શકાયો છે.

## જાપાનમાં 7.5ની તીવ્રતાનો ભૂકંપ, 30 ઘાયલ : 2700 ઘરમાં વીજળી ગુલ, 8ની તીવ્રતાના હજુ વધુ ભૂકંપ આવે તેવી ચેતવણી

**ટોક્યો, તા.09**

જાપાનમાં ઓમોરી પ્રાંત નજીક સોમવારે 7.5 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અગાઉ તેની તીવ્રતા 7.6 જણાવવામાં આવી હતી. ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે 11:15 વાગ્યે આવ્યો હતો. જાપાન ટાઈમ્સ અનુસાર, ભૂકંપમાં 30 લોકો ઘાયલ થયા છે.



જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સીએ ઓમોરી, ઈવાતે અને હોકાઈડો પ્રાંતો માટે સુનામીની ચેતવણી જારી કરી હતી. થોડા કલાકો પછી આ ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી છે. ભૂકંપથી ઘણા ઘરોને નુકસાન થયું છે. રસ્તાઓ ધસી પડ્યા હતા, જેના કારણે ઘણી ગાડીઓ ફસાઈ ગઈ હતી.

એજન્સીએ હોકાઈડોથી ચિબા સુધીના ઉત્તર-પૂર્વીય કિનારે 8 તીવ્રતાના વધુ ભૂકંપ આવવાની ચેતવણી આપી છે. એજન્સીએ રહેવાસીઓને આવનારા સપ્તાહમાં સુરક્ષિત સ્થળોએ જવાની અપીલ કરી છે.

ભૂકંપનું કેન્દ્ર જાપાનના કિનારેથી 70 કિમી દૂર સમુદ્રમાં 50 કિમીની ઊંડાઈએ હતું. ભૂકંપ પછી ઓમોરી પ્રાંતમાં 2,700 ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. ઓમોરી શહેરમાં આગ લાગવાની 2 ઘટનાઓ બની છે.

જાપાન દુનિયાના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત દેશોમાંનો એક છે. તે ચાર મોટી ટેક્ટોનિક પ્લેટો પર વસેલું છે અને પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર'નો ભાગ છે. દર વર્ષે અહીં લગભગ 1500 ભૂકંપ આવે છે, જેમાંથી મોટાભાગના હળવા હોય છે.

જાપાનના નોટો ટાપુમાં 2024માં આવેલા ભૂકંપમાં લગભગ 600 લોકો માર્યા ગયા હતા. 2011માં 9.0 તીવ્રતાના ભૂકંપ અને સુનામીએ 18 હજારથી વધુ લોકોનો ભોગ લીધો હતો.

જાપાન સરકારે આગામી 30 વર્ષમાં અહીં 75-82 ટકા સુધી ભૂકંપ તીવ્ર બનવાની ચેતવણી આપી છે. જો આવું થયું તો 2.98 લાખ લોકો માર્યા જઈ શકે છે અને 2 ટ્રિલિયન ડોલર (167 લાખ કરોડ રૂપિયા)નું નુકસાન થઈ શકે છે.

## મમતાએ કહ્યું- બંકિમ બાબુને યોગ્ય સન્માન મળ્યું નહીં : PM માફી માંગે, લોકસભામાં મોદીએ બંકિમચંદ્ર ચેટર્જીને બંકિમ દા કહ્યા હતા

**કોલકાતા, તા.09**

સંસદમાં વંદે માતરમ્ પર ચર્ચા વચ્ચે કૂચબિહારમાં મંગળવારે આયોજિત એન્ટી SIR રેલીમાં મમતા બેનર્જીએ કહ્યું કે મોદી સરકારે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને તે સન્માન આપ્યું નહીં જે તેમને મળવું જોઈતું હતું.



તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે માફીની માંગ કરી અને આરોપ લગાવ્યો કે તેમણે નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને બંકિમ દા કહીને તેમનું અપમાન કર્યું છે.

તેમણે કહ્યું કે જ્યારે દેશને આઝાદી મળી હતી ત્યારે PMનો જન્મ પણ થયો ન હતો અને તેમ છતાં તેમણે બંગાળના સૌથી મોટા સાંસ્કૃતિક પ્રતીકોમાંથી એકને આમ જ સંબોધવાનું પસંદ કર્યું. મમતાએ આરોપ લગાવ્યો કે PMએ તેમને તે ન્યૂનતમ સન્માન પણ ન આપ્યું જેના તેઓ હકદાર છે.

ખરેખર, સોમવારે લોકસભામાં વંદે માતરમ્ની ચર્ચામાં PM મોદીએ બંકિમચંદ્ર ચેટર્જીને બંકિમ દા કહીને સંબોધિત કર્યા હતા. ત્યારે જ તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાંસદ સૌગત રોયે તેમને ટોક્યા હતા.

વડાપ્રધાન મોદીએ લોકસભામાં વંદે માતરમ પર ચર્ચા શરૂ કરી. આ દરમિયાન તેમણે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને 'બંકિમ દા-બંકિમ દા' કહ્યા. પીએમ 4 વખત બંકિમ દા કહી ચૂક્યા હતા. ત્યારે તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ સૌગત રોય ઊભા થયા, તેમણે પીએમને ટોકતા કહ્યું- શું કહી રહ્યા છો... બંકિમ દા નહીં... બંકિમ બાબુ કહો.

તેમના આટલું કહેતા જ પીએમ અટક્યા, તેમણે સૌગતને કહ્યું- બંકિમ બાબુ કહું...થેંક્યુ-થેંક્યુ... તમારી ભાવનાઓ માટે હું આદર કરું છું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે તે આરોપોને ફગાવી દીધા જેમાં વંદે માતરમ્ ચર્ચાને બંગાળ ચૂંટણી સાથે જોડીને જોવામાં આવી રહી હતી. તેમણે કહ્યું કે વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર રાજ્યસભાની ખાસ ચર્ચા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય રીતે નક્કી કરવામાં આવી હતી અને ટીકાકારોને રાષ્ટ્રીય ગીતના વારસા અને મહત્વ વિશે નવેસરથી વિચારવાની જરૂર છે.

રાજ્યસભામાં શાહે કહ્યું કે કેટલાક વિપક્ષી સાંસદોએ કહ્યું હતું કે ચર્ચા પશ્ચિમ બંગાળમાં ચૂંટણી રાજનીતિ સાથે જોડાયેલી હતી. કેટલાક લોકોનું માનવું છે કે કારણ કે બંગાળમાં ચૂંટણીઓ છે, તેથી આ ચર્ચા થઈ રહી છે. તેઓ વંદે માતરમની ચર્ચાને પશ્ચિમ બંગાળ ચૂંટણી સાથે જોડવા માંગે છે.

લોકસભામાં ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જી સૂટમાં પહોંચ્યા હતા. કલ્યાણ બેનર્જીએ બરાબર ટાઈ પણ પહેરી હતી. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ આના પર મજાક કરતા કહ્યું કે કલ્યાણ બેનર્જી આજે સૂટમાં આવ્યા છે, ટાઈ પણ પહેરી છે. કલ્યાણ બેનર્જી પોતે પણ સ્પીકરની વાત પર હસી પડ્યા. ટીએમસી સાંસદે આ પછી ચૂંટણી સુધારા પર ચર્ચામાં બોલવાનું શરૂ કર્યું.

મમતા બેનર્જીએ મંગળવારે કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યું કે તેમની સરકારને કોઈ મદદની જરૂર નથી અને તમામ કલ્યાણકારી યોજનાઓ એકલા ચલાવતા રહેશે. તેમણે NRC અને CAA નો પોતાનો સખત વિરોધ પણ ઉઠાવ્યો, અને કહ્યું કે બંગાળ ક્યારેય ડિટેન્શન કેમ્પને મંજૂરી આપશે નહીં.

તેમણે કહ્યું કે કેન્દ્રએ અમને 6 ડિસેમ્બર સુધીમાં ત્રિમાસિક લેબર બજેટ જમા કરાવવા માટે નોટિસ આપી હતી. પરંતુ હું કહેવા માંગુ છું કે તમારી નોટિસની કોઈ કિંમત નથી. બંગાળ 100 દિવસનો કાર્યક્રમ પોતે ચલાવશે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે બંગાળમાં કોઈ ડિટેન્શન કેમ્પ નહીં હોય. કોઈ NRC નહીં, કોઈ CAA નહીં, અમે તેમને ક્યારેય સ્વીકારીશું નહીં. અમે લોકશાહી બચાવીશું અને બંગાળને બચાવીશું. MGNREGA ફંડ રોકવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી. મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ PM મોદી અને અન્ય નેતાઓ સાથે મળ્યા હતા, પરંતુ તેમણે હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી.



# મેટ્રોનું કામ પૂરું થયા પછી પણ રસ્તા પર કચરાના ઢગ

## ટ્રાફિક DCPએ એક્શન મોડ ઓન કર્યો, પર્વત પાટિયા-રઘુવીર માર્કેટનો 3 KM રોડ એક અઠવાડિયામાં ખુલ્લો થશે

**સુરત, તા.09**

મેટ્રોના કામ પૂરા થયા પણ શહેરના રસ્તાઓ હજુ વેસ્ટ મટીરીયલથી ભરેલા છે. છેલ્લા એક વર્ષથી લોકો જે ટ્રાફિકની હાલાકી ભોગવી રહ્યા હતા, તે મેટ્રોનું કામ પત્યાના 15 દિવસ પછી પણ દૂર થઈ નહોતી. પર્વત પાટિયાથી રઘુવીર માર્કેટ સુધીનો મુખ્ય માર્ગ મેટ્રોની બિનજરૂરી મશીનરી અને કચરાના ઢગલાને કારણે બ્લોક રહ્યો હતો. શહેરની ટ્રાફિક સમસ્યાથી ત્રસ્ત જનતાની બૂમ હવે છેક પોલીસના કાન સુધી પહોંચી છે. ટ્રાફિક ડીસીપી પન્ના મોમ્યાએ આ મામલે એક્શન મોડમાં આવીને મેટ્રોના અધિકારીઓને કડક સૂચના આપી છે.

ડીસીપીએ તાત્કાલિક મેટ્રો, કોર્પોરેશન, BRTSઅને ટ્રાફિક પોલીસના અધિકારીઓની ટીમ બનાવીને સ્થળ પર જોઈન્ટ વિઝિટનું આયોજન કર્યું હતું. 15 દિવસ પહેલાથી જ કામગીરી પૂર્ણ




થયા બાદ પણ 3 KMના બ્લોક રોડ પરથી મશીનરી અને બિન જરૂરી વસ્તુઓ અધિકારીઓ હટાવી રહ્યા નહોતા જેથી મેટ્રોના અધિકારીઓ ને સ્થળ પર બોલાવી ડીસીપી દ્વારા સખત સૂચના આપવામાં આવી છે કે તાત્કાલિક તમામ વસ્તુઓ હટાવવામાં આવે..ડીસીપી પન્ના મોમ્યાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "મેટ્રો દ્વારા જ્યાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં પોતાનું બિનજરૂરી મટીરીયલ મૂકી રાખવામાં આવ્યું છે, જેના કારણે ટ્રાફિકને ગંભીર અડચણ થાય છે.

પરવત પાટિયાથી રઘુવીર માર્કેટ સુધીના 3 કિલોમીટરના પેચમાં કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં રોડ બ્લોક હતો. આ તાત્કાલિક હટાવવું પડશે.વિઝિટ દરમિયાન પર્વત પાટિયાથી લઈને સારોલી ગામ ગેટ સુધીના આખા વિસ્તારમાં રસ્તા પર પડેલું તમામ વેસ્ટ મટીરીયલ અને મશીનરી યુદ્ધના ધોરણે દૂર કરવા માટે મેટ્રોના અધિકારીઓને સખત સૂચના આપવામાં આવી છે. ટ્રાફિક પોલીસનો ધ્યેય સ્પષ્ટ છે: લોકોને રાહત આપવા માટે આ રસ્તાઓને ઝડપથી અને સંપૂર્ણપણે ખુલ્લા કરવા.

મેટ્રોના કામને કારણે ટ્રાફિકની હાલાકીની સૌથી વધુ પીડા સારોલી ગામ ગેટથી રઘુવીર માર્કેટ વિસ્તારના લોકોને ભોગવવી પડતી હતી. આ રોડ છેલ્લા એક વર્ષથી માત્ર એક સાઈડ જ ચાલતો હોવાથી ખાસ કરીને સાંજના પીક અવર્સમાં અહીં ભયંકર ટ્રાફિક જામ થતો હતો. હવે ડીસીપી પન્ના મોમ્યાની દરમિયાનગીરી બાદ આ સમસ્યાનો પણ અંત આવશે. મેટ્રોના અધિકારીઓએ ખાતરી આપી છે કે આગામી એક અઠવાડિયામાં આ રોડની બીજી સાઈડ પણ ટ્રાફિક માટે સંપૂર્ણપણે ખુલ્લી મૂકી દેવામાં આવશે. આ નિર્ણયથી ટ્રાફિક બંને તરફ સરળતાથી ચાલી શકશે અને પીક અવર્સની માથાકૂટનો અંત આવશે.

ડીસીપી મોમ્યાએ સ્પષ્ટપણે જણાવી દીધું છે કે આ તો માત્ર શરૂઆત છે. શહેરમાં અન્ય જે પણ વિસ્તારોમાં મેટ્રોની કામગીરી પૂરી થઈ ગઈ છે, તે તમામ પેચીસ અમે આઈડેન્ટીફાય કરીશું. મેટ્રોના અધિકારીઓને સાથે રાખીને જ્યાં જ્યાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાંથી રોડ તાત્કાલિક ખુલ્લો કરાવવાની કામગીરી આગામી દિવસોમાં સતત ચાલુ રાખવામાં આવશે. સુરત પોલીસનો આ સખત પગલું ટ્રાફિક સમસ્યાથી પીડાતા નાગરિકોને મોટી રાહત આપનારું સાબિત થશે, અને મેટ્રોના કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ સંદેશ આપે છે કે હવે રોડ બ્લોક કરીને શહેરીજનોને પરેશાન કરાશે તો ચલાવી લેવામાં નહીં આવે.

# બર્થ-ડે સેલિબ્રેશન માટે ગયેલા મિત્રો વચ્ચે ઝઘડો, 18 વર્ષીય યુવાનને છાતી-પેટમાં છરીના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો...

**રાજકોટ, તા.09**

રાજકોટમાં બે દિવસમાં હત્યાની બીજી ઘટના સામે આવી છે. 8 ડિસેમ્બરની મોડીરાતે ભીલવાસ ઠક્કરબાપા વિસ્તારમાં રહેતો 18 વર્ષીય ધાર્મિક ઉર્ફે પ્રકાશ મકવાણા મિત્રનું બર્થ-ડે સેલિબ્રેશન કરવા ગયો હતો. બર્થ-ડે સેલિબ્રેશન બાદ ચા પીવા જતાં સાત મિત્રો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બર્થ-ડે બોય રાહુલ વાઘેલાના પિતરાઈ ભાઈ મયુર લઢેરે ધાર્મિક મકવાણાને છાતી અને પેટના ભાગે છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

ઘટનાની જાણ થતાં DCP, ACP સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. પહેલા ઘંટેશ્વર પાસે અકસ્માત નડયાનું કહી લાવનાર ભણેજે કહ્યું કે, તપાસમાં છાતીમાં છરીનો ઘા દેખાયો. શહેરમાં સોમવારની મોડી રાતે જાહેરમાં બનેલી આ ઘટનાથી પોલીસનું નાઈટ પેટ્રોલિંગ માત્ર કાગળ પર હોવાનું ફરી એક વખત




સાબિત થયું છે.

મૃતક ધાર્મિકના પિતા અને મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટ આધારિત સફાઈ કામદાર પ્રકાશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, ગઈકાલે મારો પુત્ર ધાર્મિક તેના મિત્ર રાહુલ વાઘેલાના જન્મદિવસના સેલિબ્રેશન માટે ગયો હતો. જ્યુબેલી પાસેની મોમાઈ ટી-સ્ટોલ પાસે મિત્રો વચ્ચે ઝઘડો થયો હતો. રાહુલના પિતરાઈ ભાઈ મયુર લઢેરે મારા પુત્રને છરીના ઘા મારી દેતા તેનું મૃત્યુ નીપજ્યું હતુ. હત્યા કરનાર મયુર પેડક રોડ પર રહે છે.

જ્યારે વાલ્મિકી સમાજના પ્રમુખ મુકેશ પરમારે જણાવ્યું હતું કે, શહેરના ભીલવાસ ઠક્કરબાપા વિસ્તારના નિર્દોષ યુવાનની હત્યા કરવામાં આવી છે. જે તેમના પિતાનો સૌથી મોટો પુત્ર હતો અને પરિવારનો આધાર સ્તંભ હતો. હત્યા કરનાર રાહુલ માથાભારે શખ્સ છે, જેથી તેની સામે કડક કાર્યવાહી કરી મૃતક યુવાનના પરિવારજનોને ન્યાય અપાવવામાં આવે તે જરૂરી છે.

રાજકોટમાં 20 નવેમ્બરના રાત્રિના હુડકો ક્વાટરમાં દારૂ પીવાની ટેવ ધરાવતા 42 વર્ષીય નરેશભાઈ વ્યાસની તેના જ પુત્ર હર્ષ વ્યાસે છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. 22 નવેમ્બરના ભગવતી પરાના કોપર ગ્રીન સોસાયટીમાં રહેતા સ્નેહાબેન આસોડિયાની તેના જ પતિ હિતેશે ઘર કંકાસના કારણે હત્યા કરી નાખી હતી. 7 ડિસેમ્બરના દૂધસાગર રોડ ઉપર ઘર કંકાસના કારણે 27 વર્ષીય પરિણીતા નિલેશ્વરી બોરીચાની તેના જ પતિ યોગેશે હત્યા કરી હતી. જે બાદ 8 ડિસેમ્બરના મોડીરાત્રિના ભાઈબંધના જન્મદિવસની ઉજવણીમાં ગયેલા યુવાન ધાર્મિકની હત્યાની ઘટના બની છે.

# MLAના કાર્યાલય નજીકની દિવાલનું ડિમોલિશન

## કોટસફીલ રોડ પર અરવિંદ રાણાના કાર્યાલય નજીકની દિવાલ પર બુલડોઝર ફરી વળ્યું

**સુરત, તા.09**

પૂર્વ સુરતના ભાજપના ધારાસભ્ય અરવિંદ રાણાના કાર્યાલય નજીક બનેલી એક દિવાલ પર પણ મહાનગર પાલિકાનું બુલડોઝર ફર્યું છે. કોટસફીલ રોડ પર ડીકેએમ હોસ્પિટલની બાજુમાં મુખ્ય રોડને અડીને ચણાયેલી આશરે 60 ફૂટ લાંબી દિવાલને સુરત મહાનગર પાલિકા દ્વારા તોડી પાડવામાં આવી છે. રાજકીય પક્ષના નેતાઓના વિસ્તારમાં થયેલી કાર્યવાહીને કારણે આ મુદ્દો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ દિવાલ મુખ્ય રોડ પર નડતરરૂપ હતી અને તેને પાર્કિંગ બનાવવાના હેતુથી ચણવામાં આવી હતી. મંગળવારે સવારે, સુરત મહાનગર પાલિકાની ડિમોલેશન ટીમે સ્થળ પર પહોંચીને આ ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી. બુલડોઝરની મદદથી આખી



દિવાલને ધ્વસ્ત કરવામાં આવી હતી, જેના પગલે તે વિસ્તારમાં ચહલપહલ જોવા મળી હતી.

આ દિવાલ મુદ્દે જ્યારે પૂર્વ સુરતના ધારાસભ્ય અરવિંદ રાણા સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે સ્પષ્ટતા કરી હતી કે, આ દિવાલ તેમના ઘરની બહાર નહોતી. તેમણે જણાવ્યું કે, કોટસફીલ રોડ પર ડીકેએમ હોસ્પિટલ પાસે એક ખાંચો હતો જ્યાં સ્થાનિક લોકો કચરો નાંખતા હતા અને તેના કારણે ભારે ગંદકી થતી હતી.

રાણાએ વધુમાં જણાવ્યું કે, 'સ્થાનિકો લોકોએ આ વિસ્તારને સ્વચ્છ રાખવાના હેતુથી અહીં દિવાલ બનાવી હતી, અને હવે પાલિકાએ આ જગ્યાએ પાર્કિંગ ઝોન બનાવ્યું છે. જોકે, પાલિકાના સત્તાધીશોના મતે મુખ્ય માર્ગને અડીને આ બાંધકામ ગેરકાયદે હતું અને રોડ પર અવરોધરૂપ થતું હોવાથી તેને દૂર કરવું જરૂરી હતું. સમગ્ર શહેરમાં દબાણ હટાવવાની આ ઝુંબેશમાં કોઈની પણ શેહશરમ રાખ્યા વિના કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો સંદેશ સ્પષ્ટ થયો છે.

આ ડિમોલિશન એવા સમયે થયું છે. જ્યારે સુરતમાં ભાજપના જ અન્ય ધારાસભ્ય કુમાર કાનાણીના પત્ર પછી મેયર દક્ષેશ માવાણી અને કમિશ્નર અનુપમ સિંહ ગેહલોત દ્વારા વરાછા વિસ્તારમાં મોટા પાયે દબાણ હટાવવાની ઝુંબેશ ચાલી રહી છે. આ કાર્યવાહીની ગુંજ શહેરના અન્ય વિસ્તારોમાં પણ પહોંચી છે, જેના ભાગરૂપે સુરત શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ભજિયાવાળાએ ચૌટાપુલ વિસ્તારમાં પણ દબાણ હટાવવાની માંગ કરી હતી.

# ઈન્ડિગોએ રસ્તે રઝળાવ્યા તો ભારતીય રેલ આવી વ્હારે : નજીવા ભાડા વધારામાં 9 ટ્રેનની 40 ટ્રિપ ચલાવશે; જુઓ સ્પેશિયલ ટ્રેનનું લિસ્ટ.....

**સુરત, તા.09**

ઈન્ડિગોની ફ્લાઈટ કેન્સલ થવાને કારણે પશ્ચિમ રેલવે દ્વારા 9 સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી રહી છે, જેના પગલે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને દિલ્હીના મુસાફરોને ટ્રેન મારફત તેમના સિટી સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. બે દિવસમાં આઠ ટ્રિપમાં મુસાફરોએ લાભ લીધો છે.

અનુભવ સક્સેના (જનસંપર્ક અધિકારી, વડોદરા મંડળ પશ્ચિમ રેલવે)એ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધા માટે હંમેશાં તત્પર રહે છે. ફ્લાઈટ કેન્સલ થઈ રહી હતી, જેના કારણે વધારાની ભીડ જોવા મળી. વધારાની ભીડને જોતાં અને મુસાફરોની માગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ હંમેશની જેમ સ્પેશિયલ ટ્રેનો જે અમારી નિયમિત ટ્રેનો ઉપરાંત હોય છે, એને ચલાવવાનો નિર્ણય કર્યો અને અત્યારસુધીમાં અમે પશ્ચિમ રેલવેએ 9 ટ્રેનની લગભગ 40 ટ્રિપ



નોટિફાઈડ કરી ચૂક્યા છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ટ્રેનો મુંબઈથી દિલ્હી તરફ જઈ રહી છે. શકુર બસ્તી, નવી દિલ્હી અને દુર્ગાપુરા, ભિવાડી, આ ડેસ્ટિનેશન માટે અમે તેમને નોટિફાઈડ કર્યા છે, જે ગુજરાત અને રાજસ્થાનને કવર કરીને જઈ રહી છે. એક ટ્રેન વલસાડથી બિલાસપુર પણ છે, જેની ફ્લાઈટ કેન્સલ થઈ છે, તે આ પરિસ્થિતિને જોતાં એક વૈકલ્પિક માર્ગ તરીકે રેલવે દ્વારા પણ યાત્રા કરી શકે છે. ટ્રેન મુંબઈથી ચાલ્યા પછી વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અમે સ્ટોપેજ આપેલાં છે. ત્યાર બાદ રતલામ થઈને જયપુર, કિશનગઢ, એટલે કે રાજસ્થાન તરફ જઈને પછી આ ટ્રેન દિલ્હી પહોંચે છે. તો ગુજરાત અને રાજસ્થાનને કવર કરીને ટ્રેન રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પહોંચી રહી છે. ટ્રેનો ત્રણથી ચાર દિવસ માટે નોટિફાય કરી છે. એક ટ્રેન અમારી જે વલસાડથી લઈને બિલાસપુર જઈ રહી છે, તે 31 ડિસેમ્બર સુધી અમે નોટિફાય કરી છે.

જે મુસાફરોની ફ્લાઈટ કેન્સલ થઈ હોય તેમની સહાયતા માટે ભારતીય રેલવેએ એરપોર્ટ પર સ્પેશિયલ કાઉન્ટર્સ ખોલ્યાં છે, જેથી મુસાફરો જો રેલવેને વૈકલ્પિક યાત્રાના વિકલ્પ તરીકે પસંદ કરે તો અમે તેમને સહાયતા ઉપલબ્ધ કરાવીએ છીએ અને સ્પેશિયલ ટ્રેનો વિશે માહિતી આપીએ છીએ, જેથી તેઓ પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકે.

સ્પેશિયલ ટ્રેનો છે, એનું ભાડું (ફેર સ્ટ્રક્ચર) સામાન્ય ટ્રેન કરતાં થોડું અલગ હોય છે અને અમે ફેસ્ટિવલ સિઝન હોય છે એમાં પણ સ્પેશિયલ ટ્રેનો ચલાવીએ છીએ, આ નિયમિત ટ્રેનો ઉપરાંતની સ્પેશિયલ ટ્રેનો છે. તો અમારું જે ભાડું છે, જે અમે સ્પેશિયલ ટ્રેનો ફેસ્ટિવલ સિઝનમાં ચલાવીએ છીએ એના બરાબર જ હોય છે. રેગ્યુલર ટ્રેન કરતાં સ્પેશિયલ ટ્રેનનું ભાડું 1.2%થી લઈને 1.9% સુધી વધુ હોય છે, જેમ કે મુંબઈથી દિલ્હીનું રેગ્યુલર ટ્રેનનું ભાડું 1,540 છે, જ્યારે આ જ રુટ પર સ્પેશિયલ ટ્રેનનું ભાડું 1925 રૂપિયા હોય છે.

# રિ-ઓક્શનમાં મેળવો પસંદગીનો નંબર : વડોદરા આર.ટી.ઓ કચેરી દ્વારા ગોલ્ડ અને સિલ્વર નંબરની ફાળવણી માટે ઓનલાઇન રિ-ઓક્શન થશે

**વડોદરા, તા.09**

વડોદરા આર.ટી.ઓ કચેરી દ્વારા મોટરિંગ પબ્લીકની સગવડતા માટે ટુ વ્હીલર, ફોર વ્હીલર, થ્રી વ્હીલર, અને ટ્રાન્સપોર્ટ વર્ગના વાહનોના પસંદગીના ગોલ્ડ અને સીલ્વર નંબરની ફાળવણી માટે ઓનલાઈન રિ-ઓક્શન શરૂ કરવામાં આવી રહ્યું છે.

આ રિ-ઓક્શનમાં ટુ વ્હીલર, ફોર વ્હીલર, થ્રી વ્હીલર, અને ટ્રાન્સપોર્ટ વર્ગના વાહનોની સીરીઝોના નંબરો માટે આગામી તા.15/12/2025 ના રોજ રિ-ઓક્શન માટે શરૂ કરવામાં આવશે. જેથી ઈચ્છા ધરાવતા વાહન માલિકો તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http://parivahan.gov.in/



fency પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી રિ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. રિ-ઓક્શનના નિયમોનુસાર આગામી તા.15-12-2025 સાંજે 04 કલાકથી તા.17-12-2025 સાંજે 4 વાગ્યા સુધીમાં રિ-ઓક્શન માટે ઓનલાઈન ફોર્મ રજીસ્ટ્રેશન કરી એપ્લિકેશન કરવાની રહેશે.

તા.17-12-2025ના સાંજે 04થી તા.19-12-2028ના સાંજે 4 વાગ્યા સુધી બીડીંગ ઓપન રહેશે. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી 7 દિવસના અંદરના CNA ફોર્મ જમાં કરાવનાર અરજદારો જ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે તથા સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

# એસ.ટી.ના કર્મચારીઓ દ્વારા લોકોની સાથે દારૂની ખેપ : દીવની બસ ચલાવતા 3 ડ્રાઇવર, એક કંડક્ટર સહિત 8 સામે ગુનો દાખલ

**ભાવનગર, તા.09**

નીલમબાગ પોલીસ સ્ટેશનના સ્ટાફે શહેરના એસ.ટી. વર્કશોપમાં રેડ કરીને ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે વિવિધ લોખંડની પેટીઓ અને થેલાઓમાંથી કુલ રૂ.1,42,750 ની કિંમતની 90 નંગ મોટી બોટલો, 18 નંગ નાની બોટલો/ચપટા અને 1 બિયર ટીન સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે સિક્યુરિટી ગાર્ડને ઝડપી લીધો હતો. જ્યારે દિવની બસના 3 ડ્રાઈવરો અને 1 કંડક્ટર, બરોડા બસના 2 ડ્રાઈવરોને ઝડપી લેવા ચક્રોગતિમાન





કર્યા છે.

પોલીસ કોન્સ્ટેબલ કુલદિપસિંહ રાણા તથા સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે એસ.ટી. વર્કશોપ ખાતે લોખંડની પેટીઓમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો છે. બાતમીના આધારે, નીલમબાગ પોલીસે ડેપો મેનેજર સંદિપ ધીરજભાઈ સુથારને સાથે રાખી બે પંચોની હાજરીમાં વર્કશોપના દક્ષિણ ભાગમાં રેડ કરી હતી.

પોલીસે ખુલ્લામાં પડેલી અને તાળા મારેલી વિવિધ કલરની લોખંડની પેટીઓના તાળા તોડ્યા હતા. આ ઉપરાંત, મીકેનિક ટોયલેટ બ્લોકના બાથરૂમનો દરવાજો તોડીને પણ બે કાપડના થેલા જપ્ત કર્યા હતા. આ પેટીઓ અને થેલાઓમાંથી રોયલ સ્ટેગ, બ્લેન્ડર્સ પ્રાઈડ, ઓલ્ડ મન્ક, સિગ્નેચર અને બાગપાઈપર જેવી બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો.

રેડ દરમિયાન સ્થળ પર હાજર સિક્યુરિટી ગાર્ડ હીરા ઉર્ફે કિશન બચુભાઈ ગોહેલની પૂછપરછ કરતા તેણે કબૂલ્યું કે, તે છેલ્લા પાંચ મહિનાથી આ નોકરી કરે છે અને બસના ડ્રાઈવરો/કંડક્ટરો પાસેથી દારૂની છૂટક બોટલો લઈને પોતાનો નફો રાખીને વેચાણ કરતો હતો. તેના નિવેદનના આધારે, પોલીસે દારૂ સપ્લાય કરનાર અને દારૂ રાખનાર કુલ 7 એસ.ટી.કર્મીઓના નામ મેળવ્યા હતા.

ડેપો મેનેજર અને સ્ટેન્ડ ઈન્ચાર્જના સહયોગથી, પોલીસે દારૂ રાખનાર/વેચાણ કરનાર અને તેમાં સંડોવાયેલા નીચે મુજબના કુલ 8 વ્યક્તિઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ)(ઈ), 116 (બી), 81 અને 120(બી) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કુલ રૂ.1,42,750 ની કિંમતનો પ્રોહિબિશનનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શરૂ કરી છે. ડ્રાઈવરો અને કંડક્ટર ને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# રાજકોટમાં પત્નીને છરીના 5 ઘા મારનાર પતિ ઝડપાયો : 4 વર્ષ પહેલા લવમેરેજ થયા હતા, ઘરકંકાસના કારણે પતિનું ઘર છોડી પરિણીતા બહેનપણીના ઘરે રહેતી

**રાજકોટ, તા.09**

રાજકોટમાં ગુનાખોરી અટકવાનું નામ નથી લઈ રહી. શહેરમાં વધુ એક સંબંધોની હત્યાનો બનાવ સામે આવ્યો છે. રવિવારે શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પતિએ જ પત્નીને છરીના 5 ઘારી હત્યા નિપજાવતા ચકચાર મચી છે. પત્નીને મોતને ઘાટ ઉતારનાર પતિને 8 નવેમ્બરે સાંજે પોલીસે દબોચ્યો હતો.

દૂધસાગર રોડ ઉપર ગુજરાત હાઉસિંગ બોર્ડ, શેરી નંબર 10 ખાતે આવેલા એક મકાનમાં બન્યો હતો. 27 વર્ષીય નિલેશ્વરી બોરીચા નામની પરિણીતાની તેના જ પતિ યોગેશ બોરીચા દ્વારા છરીના 5 જેટલા ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતાં જ થોરાળા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ પારિવારિક ઝઘડા એટલે કે ઘરકંકાશ હોવાનું જાણવા મળ્યું છે.

એસીપી બારૈયાનાં જણાવ્યા મુજબ, રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે હત્યાનો બનાવ બન્યો હતો. મૃતક નિલેશ્વરીબેન જે અમદાવાદના રહેવાસી હતા, તેમણે આજથી 4 વર્ષ પહેલા આરોપી યોગેશભાઈ બાબુભાઈ માવલા સાથે પ્રેમસંબંધના કારણે લવ મેરેજ કર્યા હતા. અને તેઓ ભગવતીપરામાં સાથે રહેતા હતા. છેલ્લા એકાદ મહિનાથી નાની બાબતોમાં બંને વચ્ચે ઝઘડા થતા હતા અને પતિ નિલેશ્વરીબેનને હેરાન-પરેશાન કરતો હતો. આથી, 4-5 દિવસ પહેલા નિલેશ્વરીબેન તેમના ઘરેથી જતાં રહેલા અને પોતાની બહેનપણી સાથે આકાશદીપ સોસાયટી, ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેવા ગયા હતા.



વધુમાં તેમણે જણાવ્યું કે, જ્યારે મૃતક તેમના મિત્રના ઘરે ગયા હતા, ત્યારે ત્યાં ત્રણ મિત્રો અને તેમના પિતાજી હાજર હતા. મૃતકને બચાવવા માટે વચ્ચે પડેલા મિત્રના પિતાજીને પણ હાથમાં થોડી ઈજા થઈ હતી. હત્યાનું પ્રાથમિક કારણ નાની-નાની બાબતોમાં ઝઘડો કરીને મારપીટ કર્યું હોવાનું જણાય છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. જોકે આરોપીના કબજામાંથી હથિયાર રિકવર કરવા માટે પંચનામા સહિતની કાર્યવાહી બાકી છે. બાદમાં આરોપીને નામદાર કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવામાં આવશે, જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ આરોપી અગાઉ પણ દારૂ તથા મારામારીના 8-10 જેટલા ગુનાઓમાં પકડાયેલો છે. જોકે, હાલમાં ઈ-ગુજકોપ પોર્ટલમાં સર્ચ કરતાં તેનો વિગતવાર ગુનાહિત ઈતિહાસ મળી રહ્યો નથી, જેથી તેની વધુ તપાસ ચાલુ હોવાનું પણ એસીપીએ જણાવ્યું છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો અનુસાર, મૃતક નિલેશ્વરી અને આરોપી યોગેશના લગ્ન આશરે 4 વર્ષ પૂર્વે થયા હતા. નિલેશ્વરી મૂળ અમદાવાદની રહેવાસી છે. પાંચ વર્ષ પૂર્વે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Instagram ના માધ્યમથી બંને એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. પરિચય ગાઢ બનતાં તેમની વચ્ચે મિત્રતા અને ત્યારબાદ પ્રેમસંબંધ બંધાયો હતો. આખરે, બંને પરિવારોના રાજીપા સાથે નિલેશ્વરી અને યોગેશે લગ્ન કરીને પોતાનું નવું જીવન શરૂ કર્યું હતું. જોકે, તેમનું લગ્નજીવન લાંબુ સુખદ રહ્યું નહીં. લગ્નના થોડા સમય બાદ જ પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ શરૂ થઈ ગયા હતા. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે પતિ યોગેશ બોરીચા કંઈ કામ-ધંધો કરતો ન હતો, જેના કારણે પરિવારમાં આર્થિક સંકડામણ રહેતી હતી. આ ઉપરાંત, યોગેશને નશો કરવાની પણ ખરાબ ટેવ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અસીમ મુનીરની ધમકી, ભારત ભ્રમમાં ન રહે : હવે હુમલો થશે તો પાકિસ્તાન પણ કડક જવાબ આપશે

**ઇસ્લામાબાદ , તા.09**

પાકિસ્તાનના પ્રથમ ચીફ ઑફ ડિફેન્સ ફોર્સિસ (CDF) બનેલા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે સોમવારે CDFનો પદભાર સંભાળ્યો. તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં કોઈપણ હુમલાની સ્થિતિમાં પાકિસ્તાનનો પ્રતિભાવ પહેલાં કરતાં વધુ ઝડપી અને કઠોર હશે.

રાવલપિંડી સ્થિત GHQમાં યોજાયેલા સમારોહમાં ગાર્ડ ઑફ ઑનર મળ્યા પછી તેમણે પોતાના સંબોધનમાં કહ્યું, ભારત કોઈ ભ્રમમાં ન રહે. કોઈપણ સંભવિત આક્રમક પગલાં પર પાકિસ્તાનનો પ્રતિભાવ પહેલાં કરતાં વધુ ઝડપી, કઠોર અને વ્યાપક હશે.

મુનીરે કહ્યું હતું કે આધુનિક યુદ્ધ હવે સાયબરસ્પેસ, ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ, સ્પેસ, ઈન્ફોર્મેશન વૉર, AI અને ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ જેવાં નવાં ક્ષેત્રો સુધી વિસ્તર્યું છે. દળોને આધુનિક પડકારોને અનુરૂપ પોતાને ઢાળવા જરૂરી છે.

તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન શાંતિપૂર્ણ રાષ્ટ્ર છે. કોઈને પણ ઈસ્લામાબાદની પ્રાદેશિક



અખંડિતતા કે સાર્વભૌમત્વને ચકાસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મુનીરે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાની સેના અને નાગરિકોનાં ધૈર્ય, સહનશીલતાની પ્રશંસા પણ કરી.

પાકિસ્તાન સરકારે 4 ડિસેમ્બરે મુનીરને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) અને ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) તરીકે નિયુક્ત કર્યા હતા. બંને પદો પર તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે. નિયુક્તિને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ મંજૂરી આપી હતી.

મુનીર પાકિસ્તાનના પ્રથમ સૈન્ય અધિકારી છે, જે એકસાથે CDF અને COAS બંને પદ સંભાળશે. વડાપ્રધાન શાહબાઝ શરીફે નિયુક્તિની ભલામણ કરતા રાષ્ટ્રપતિને સારાંશ મોકલ્યો હતો. મુનીરને આ જ વર્ષે ફિલ્ડ માર્શલના પદ પર પદોન્નત કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાની સંસદે 12 નવેમ્બરના રોજ સેનાની તાકાત વધારતો 27મો બંધારણીય સુધારો પસાર કર્યો હતો. આ અંતર્ગત મુનીરને CDF બનાવવામાં આવ્યા. આ પદ મળતાં જ તેમને પાકિસ્તાનનાં પરમાણુ હથિયારોની કમાન પણ મળી ગઈ, એટલે કે તેઓ દેશની સૌથી શક્તિશાળી વ્યક્તિ બની ગયા છે.

ખરેખર 29 નવેમ્બર 2022ના રોજ જનરલ મુનીરને સેનાપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો મૂળ કાર્યકાળ ત્રણ વર્ષનો હતો, એટલે કે 28 નવેમ્બર 2025ના રોજ પૂરો થઈ ગયો.

ગયા મહિને થયેલા બંધારણીય સુધારામાં ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી (CJCSC)ની જગ્યાએ CDF પદ બનાવવામાં આવ્યું જે ત્રણેય સેના વચ્ચે તાલમેલ જાળવી રાખશે. CJCSC શાહિદ શમશાદ મિર્ઝાના 27 નવેમ્બરે નિવૃત્ત થયા પછી હજુ સુધી અસીમ મુનીર CDF બની શક્યા નથી.

પાકિસ્તાન-અફઘાનિસ્તાન તણાવ પર મુનીરે કહ્યું હતું કે કાબુલમાં અફઘાન તાલિબાન શાસનને એક સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે. અફઘાન તાલિબાન પાસે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને પાકિસ્તાનમાંથી કોઈ એકને પસંદ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી.

સરકારે ગયા વર્ષે પ્રતિબંધિત TTPને ફિતના અલ-ખવારિજ તરીકે સૂચિત કર્યું હતું, જે ઈસ્લામિક ઈતિહાસના એક એવા જૂથનો સંદર્ભ છે જે હિંસામાં સામેલ હતું.

સમારોહમાં ત્રણેય સેનાઓના વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા. તેમણે નવા બનેલા ડિફેન્સ ફોર્સિસ હેડક્વાર્ટરને ઐતિહાસિક ગણાવતાં કહ્યું હતું કે તેનો ઉદ્દેશ થલસેના, વાયુસેના અને નૌસેનાની સંયુક્ત ક્ષમતાઓને એકજૂટ કરવાનો છે, જેથી મલ્ટી-ડોમેન ઓપરેશનની તાકાત વધારી શકાય.

મુનીરે છેલ્લે જણાવ્યું હતું કે આ મુખ્યાલય ત્રણેય સેનાનાં ઓપરેશનોમાં તાલમેલ કરશે, જ્યારે તેમની સંગઠનાત્મક સંરચના અને સ્વાયત્તતા પહેલાં જેવી જ રહેશે. સમારોહમાં એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર સિદ્ધુ અને નૌકાદળના વડા એડમિરલ નવીન અશરફ સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા. ફિલ્ડ માર્શલ તરીકે મુનીર આગામી પાંચ વર્ષ સુધી CDFની સાથે આર્મી ચીફનો પદભાર પણ સંભાળશે.

## ગોવા નાઈટક્લબ અગ્નિકાંડ, બંને માલિકો થાઈલેન્ડ ભાગ્યા
# ઈન્ડિગોની ફ્લાઈટથી ફુકેત ગયા, પોલીસે ઈન્ટરપોલની મદદ માગી

**પણજી , તા.09**

ગોવાના અર્પોરા ગામમાં આવેલા 'બિર્ચ બાય રોમિયો લેન' નાઈટક્લબમાં 6 ડિસેમ્બરની મોડી રાત્રે લાગેલી આગના થોડા કલાકો પછી જ ક્લબના બંને માલિકો સૌરભ અને ગૌરવ લુથરા થાઈલેન્ડ ભાગી ગયા. પોલીસે દુર્ઘટના બાદ FIR નોંધી બંનેની શોધખોળ શરૂ કરી. 7 ડિસેમ્બરે બંને વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યું હતું, પરંતુ ઈમિગ્રેશન રેકોર્ડ્સ પરથી જાણવા મળ્યું કે તેઓ ઈન્ડિગો ફ્લાઈટ 6E 1073માં દેશ છોડી ચૂક્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને 7 ડિસેમ્બરની સવારે 5:30 વાગ્યે જ ઈન્ડિગોની ફ્લાઈટથી ફુકેટ જવા રવાના થઈ ગયા હતા. તેમને પકડવા માટે હવે ઈન્ટરપોલની મદદ માંગવામાં આવી છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ક્લબ પાસે ફાયર ડિપાર્ટમેન્ટની NOC નહોતી. લાઈસન્સ પણ અધૂરી માહિતીના આધારે જારી કરવામાં આવ્યું હતું.

પણજીથી 25 કિમી દૂર આવેલા ક્લબમાં આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા. મૃત્યુ પામેલાઓમાં નાઈટ ક્લબના 20 કર્મચારીઓ અને 5 પ્રવાસીઓનો સમાવેશ થાય છે. પોલીસે ક્લબના ઓપરેશનલ સ્ટાફ ભરત કોહલીને



દિલ્હીથી ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ધરપકડ કરી છે. આ ઉપરાંત, ચીફ જનરલ મેનેજર રાજીવ મોડક, જનરલ મેનેજર વિવેક સિંહ, બાર મેનેજર રાજીવ સિંઘાનિયા અને ગેટ મેનેજર રિયાંશુ ઠાકુરની પણ ધરપકડ કરવામાં આવી છે. પ્રશાસને ક્લબ ચેઈનની અન્ય બે પ્રોપર્ટી સીલ કરી દીધી છે. બંને પ્રોપર્ટી વિવાદમાં હતી. ગોવા સરકારે સોમવારે આ દુર્ઘટનાની તપાસ માટે ચાર સભ્યોની મેજિસ્ટ્રિયલ તપાસ સમિતિની રચના કરી છે. ગોવા સરકારે નાઈટક્લબ, રેસ્ટોરન્ટ, બાર અને ઈવેન્ટ વેન્યુ માટે નવી એડવાઈઝરી જાહેર કરી છે. દુર્ઘટના બાદ ઈન્સ્ટાગ્રામ પર રોમિયો લેનના માલિક સૌરભ લુથરાની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી. માલિકે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું- મેનેજમેન્ટે ખૂબ દુઃખ વ્યક્ત કર્યું છે અને બર્ચમાં જાન-માલના નુકસાનથી ખૂબ દુઃખી છે. તેમણે આગળ લખ્યું કે કંપની તરફથી દરેક પ્રકારની મદદ, સપોર્ટ અને સહયોગનો પ્રયાસ કરવામાં આવશે. આ દુઃખની ઘડીમાં, મેનેજમેન્ટ મૃતકો અને ઘાયલોના પરિવારો સાથે સંપૂર્ણપણે ઊભું છે. ગોવાના ડીજીપી આલોક કુમારે જણાવ્યું કે 25 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. મૃત્યુ પામેલાઓમાં મોટાભાગના ક્લબના કર્મચારીઓ હતા. ડીજીપીએ કહ્યું- આગ સૌથી પહેલા ગ્રાઉન્ડ ફ્લોરમાં બનેલી રસોઈમાંથી ક્લબના અન્ય ભાગોમાં ફેલાઈ. તેથી સૌથી વધુ મૃતદેહ કિચન એરિયામાંથી મળ્યા છે. ભાગવાની કોશિશમાં બે લોકોના મોત સીડીઓ પર થયા.

# સોનિયા ગાંધીને દિલ્હી કોર્ટની નોટિસ : 1980-81ની મતદાર યાદીમાં ખોટી રીતે નામ ઉમેરવાનો આરોપ...

**નવી દિલ્હી , તા.09**

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ સાંસદ સોનિયા ગાંધીને નોટિસ ફટકારી છે. આ નોટિસ તે અરજી પર આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સોનિયા ગાંધીનું નામ 1980-81ની મતદાર યાદીમાં ખોટી રીતે ઉમેરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અરજીમાં મેજિસ્ટ્રેટના તે નિર્ણયને પડકારવામાં આવ્યો છે, જેમાં સોનિયા ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદને ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે આ મામલે રાજ્ય સરકારને પણ નોટિસ પાઠવી છે અને સમગ્ર કેસનો રેકોર્ડ (TCR) મંગાવ્યો છે. આગળની સુનાવણી 6 જાન્યુઆરીએ થશે. આ દરમિયાન સોનિયા અને રાજ્ય સરકારને નોટિસનો જવાબ આપવો પડશે. આ અરજી વિકાસ ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવી છે. આ કેસની સુનાવણી વિશેષ ન્યાયાધીશ (પીસી એક્ટ) વિશાલ ગોગનેએ કરી હતી. અરજદારે દાવો કર્યો હતો કે સોનિયા ગાંધીનું નામ નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રની 1980ની મતદાર યાદીમાં હતું, જ્યારે તેઓ એપ્રિલ 1983માં ભારતના નાગરિક બન્યા હતા.



આ પહેલા રાઉઝ એવન્યુ કોર્ટના ACMM વૈભવ ચૌરસિયાએ 11 સપ્ટેમ્બરે અરજી ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે કોર્ટ ચૂંટણી સંબંધિત બંધારણીય અધિકારક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી શકે નહીં, અન્યથા બંધારણના અનુચ્છેદ 329નું ઉલ્લંઘન થશે.

ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ પણ 13 ઓગસ્ટે દાવો કર્યો હતો કે સોનિયા ગાંધીનું નામ ભારતની મતદાર યાદીમાં બે વાર ત્યારે સામેલ થયું હતું, જ્યારે તેઓ ભારતીય નાગરિક પણ નહોતા.

માલવીયાએ X પર લખ્યું, 'આ આખો મામલો ચૂંટણી કાયદાના સ્પષ્ટ ઉલ્લંઘનનું ઉદાહરણ છે. કદાચ આ જ કારણ છે કે રાહુલ ગાંધી પણ એવા મતદારોને માન્ય કરવાના પક્ષમાં રહે છે, જેઓ અયોગ્ય કે ગેરકાયદેસર છે અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) નો વિરોધ કરે છે.'

પ્રથમ વખત 1980માં નામ ઉમેરવામાં આવ્યું: મતદાર યાદીમાં સોનિયાનું નામ પ્રથમ વખત 1980માં ઉમેરવામાં આવ્યું હતું. તે સમયે તેઓ ઈટાલીના નાગરિક હતા. ત્યારે ગાંધી પરિવાર 1, સફદરજંગ રોડ, વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સરકારી નિવાસસ્થાને રહેતો હતો. તે સમયે આ સરનામે ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સંજય ગાંધી અને મેનકા ગાંધીના નામ હતા. પરંતુ 1 જાન્યુઆરી 1980ના રોજ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની મતદાર યાદીમાં સુધારો થયો, જેમાં સોનિયા ગાંધીનું નામ પોલિંગ સ્ટેશન 145માં ક્રમ સંખ્યા 388 પર ઉમેરવામાં આવ્યું. બીજી વખત 1983માં નામ ઉમેરવામાં આવ્યું: 1982માં વિરોધ બાદ તેમનું નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યું હતું અને 1983માં તેમનું નામ પોલિંગ સ્ટેશન 140માં ક્રમ સંખ્યા 236 પર ફરીથી ઉમેરવામાં આવ્યું. સમસ્યા એ હતી કે આ સુધારેલી યાદી માટે લાયકાતની તારીખ 1 જાન્યુઆરી 1983 હતી, જ્યારે સોનિયા ગાંધીને ભારતીય નાગરિકતા 30 એપ્રિલ 1983ના રોજ મળી હતી. એટલે કે તે સમયે પણ તેઓ ભારતીય નાગરિક ન હતા. માલવીયાએ એ સવાલ પણ ઉઠાવ્યો હતો કે સોનિયા ગાંધીએ રાજીવ ગાંધી સાથે લગ્નના 15 વર્ષ પછી જ ભારતીય નાગરિકતા કેમ લીધી. તેમણે કહ્યું કે એક જ વ્યક્તિનું નામ બે વાર નાગરિકતા વિના મતદાર યાદીમાં આવવું ચૂંટણી ગેરરીતિ (Electoral Malpractice) નો ગંભીર મામલો છે.

# હવે ચોખા પર ટેરિફ લગાવશે ટ્રમ્પ? : USનો ભારત પર માર્કેટમાં સસ્તા ચોખા ડમ્પિંગ કરવાનો આરોપ

**વૉશિંગ્ટન , તા.09**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ભારતમાંથી આવતા ચોખા અને કેનેડામાંથી આવતા ખાતર પર વધારાનો ટેરિફ લગાવવા પર વિચાર કરી રહ્યું છે. તેમનું કહેવું છે કે અન્ય દેશોમાંથી આવતો સસ્તો સામાન અમેરિકી ખેડૂતોને નુકસાન પહોંચાડી રહ્યો છે. ટ્રમ્પે આ વાત સોમવારે વ્હાઈટ હાઉસમાં ત્યારે કહી, જ્યારે તેઓ ખેડૂતો માટે નવી આર્થિક મદદની જાહેરાત કરી રહ્યા હતા.

ટ્રમ્પે કહ્યું હતું કે ભારત, વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો અમેરિકામાં ખૂબ સસ્તા ચોખા વેચી રહ્યા છે, જેનાથી અહીંના ખેડૂતોની કમાણી ઓછી થઈ રહી છે.

તેમણે એને 'ડમ્પિંગ' ગણાવ્યું અને કહ્યું હતું કે આવું ન થવું જોઈએ. ટ્રમ્પે પોતાના નાણામંત્રીને એ પણ પૂછ્યું કે શું ભારતને ચોખાના મામલે કોઈ પ્રકારની છૂટ મળી છે. મંત્રીએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે વેપાર કરાર પર હજુ વાતચીત ચાલી રહી છે.

ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે જો જરૂર પડશે તો અમેરિકા કેનેડાથી આવતા ખાતર પર પણ કડક ટેરિફ



લગાવી શકે છે. ઘણું ખાતર કેનેડાથી આવે છે. જો એ ખૂબ સસ્તું થઈ જશે તો અમે એના પર સખત ટેરિફ લગાવીશું.

કેનેડા અમેરિકાને પોટાશ ખાતરનો સૌથી વધુ પુરવઠો પૂરો પાડે છે. અત્યારસુધી તેને વેપાર કરારને કારણે સંરક્ષણ મળેલું છે.

અમેરિકામાં મોંઘવારી અને વધતી કિંમતોને કારણે ટ્રમ્પ પર દબાણ વધી રહ્યું છે. ખેડૂતો પણ વધતા ખર્ચથી પરેશાન છે. જો ખાતર પર નવો ટેરિફ લાગુ પડશે તો તેમની મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

અમેરિકાએ તાજેતરમાં પોટાશ અને ફોસ્ફેટને ક્રિટિકલ મિનરલ્સની યાદીમાં સામેલ કર્યા હતા, જેથી તેમનો પુરવઠો જળવાઈ રહે, પરંતુ ખેડૂતો હજુ પણ એને લઈને ચિંતિત છે.

ડમ્પિંગનો અર્થ છે કે કોઈ દેશ પોતાની વસ્તુઓ બીજા દેશમાં ખૂબ જ ઓછા ભાવે વેચી દે છે. આટલું ઓછું હોય છે કે ત્યાંની સ્થાનિક કંપનીઓ અને ખેડૂતો એ કિંમતે સામાન બનાવી જ શકતા નથી.

આનાથી એ દેશનું બજાર સસ્તા વિદેશી માલથી ભરાઈ જાય છે અને સ્થાનિક લોકોનો વ્યવસાય નુકસાનમાં જાય છે. આ પછી ધીમે ધીમે સ્થાનિક બજાર પર વિદેશી કંપનીઓ કે ઉત્પાદનોનો કબજો થઈ જાય છે.

જો ટ્રમ્પ ભારતીય ચોખા પર વધારાની ટેરિફ લગાવે છે તો ભારતથી અમેરિકા જતા ચોખા ઘણા મોંઘા થઈ જશે. આનાથી ત્યાં ભારતીય ચોખા ખરીદનારા લોકોના ખિસ્સા પર સીધી અસર પડશે, કારણ કે કિંમતો વધી જશે.

સાથે જ ભારતના તે ખેડૂતો અને નિકાસકારોને પણ નુકસાન વેઠવું પડી શકે છે, જેઓ પોતાની ઊપજનો મોટો ભાગ અમેરિકા મોકલે છે. મોંઘા થવાને કારણે અમેરિકી બજારમાં ભારતીય ચોખાની માગ ઘટી શકે છે.

ટ્રમ્પ પહેલાંથી જ ભારત પર કુલ 50% ટેરિફ લગાવી ચૂક્યા છે. એમાંથી 25% વધારાનો ટેરિફ રશિયન તેલ ખરીદવાને કારણે લગાવવામાં આવ્યો છે. ટ્રમ્પ પોતાની અમેરિકા ફર્સ્ટ પોલિસી હેઠળ પહેલાં પણ ઘણા વિદેશી ઉત્પાદનો પર ટેરિફ લગાવી ચૂક્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારત અમેરિકાને બહુ વધારે ચોખા એક્સપોર્ટ કરતું નથી, તેથી આ નિર્ણય ભારતની સંપૂર્ણ ચોખા ઉદ્યોગ પર અસર નહીં કરે, પરંતુ જે લોકોનો વેપાર સીધો અમેરિકા સાથે જોડાયેલો છે તેમને ચોક્કસપણે મુશ્કેલી થશે. ભારતને ફરી નવા દેશોની શોધ કરવી પડશે, જ્યાં તે પોતાના ચોખા મોકલી શકે.

# રશિયાએ યુક્રેન પર 700 હવાઈ હુમલા કર્યા : ભૂલથી પોતાના જ શહેર પર 1000 કિલોગ્રામનો બોમ્બ ઝીંક્યો

**કિવ/ મોસ્કો, તા.09**

યુક્રેનમાં આર્મ્ડ ફોર્સિસ ડે પહેલાં રશિયાએ શનિવારે મોટા પાયે હવાઈ હુમલો કર્યો. યુક્રેન એરફોર્સ મુજબ રશિયાએ 29 ઠેકાણાં પર 653 ડ્રોન અને 51 મિસાઈલ હુમલા કર્યા. આમાંથી 585 ડ્રોન અને 30 મિસાઈલ તોડી પાડવામાં આવી. દેશભરમાં 8 લોકો ઘાયલ થયા.

કેટલાક ઊર્જા સ્ટેશનો અને રેલવે માળખાને નુકસાન થયું. ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ થોડા સમય માટે ઓફ-સાઈટ પાવરથી કપાઈ ગયો, જોકે રિએક્ટર બંધ હોવાને કારણે કોઈ મોટુ જોખમ થયું નહીં. રશિયાએ પણ યુક્રેન પર હવાઈ હુમલા કરવાનો આરોપ લગાવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રશિયાએ યુક્રેન પરના હુમલા દરમિયાન ભૂલથી યુક્રેનિયન સરહદથી લગભગ 40 કિમી દૂર આવેલા પોતાના શહેર બેલ્ગોરોડ પર FAB-1000 હાઈ-એક્સપ્લોસિવ બોમ્બ ઝીંકી દીધો હતો. જોકે, આ વાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

આ બોમ્બનું વજન આશરે 1,000 કિલોગ્રામ હતું. તે સંપૂર્ણપણે ફૂટ્યો ન હતો, પરંતુ તેનાથી જમીન પર મોટો ધડાકો થયો હતો, જેનાથી એક મોટો ખાડો પડી ગયો હતો.

હુમલા બાદ યુક્રેનિયન અને અમેરિકાના અધિકારીઓ વચ્ચે ત્રણ દિવસની વાટાઘાટો કોઈ સફળતા વિના સમાપ્ત થઈ ગઈ. ઝેલેન્સકીએ ટ્રમ્પના શાંતિ દૂત સ્ટીવ વિટકૉફ અને અમેરિકી રાષ્ટ્રપતિના જમાઈ જેરેડ કુશનર સાથે ફોન પર વાતચીત કરી હતી.

જ્યારે, યુરોપિયન નેતાઓ સોમવારે લંડનમાં મળવાની તૈયારી કરી રહ્યા છે. આ પહેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અમેરિકાના ઈરાદા અંગે આશંકા વ્યક્ત કરી હતી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ચેતવણી આપી હતી કે અમેરિકા યુક્રેનને દગો આપી શકે છે.

રશિયાએ પણ દાવો કર્યો કે તેણે રાતભરમાં 116 યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા. સાથે જ યુક્રેને રશિયાની રયાઝાન ઓઈલ રિફાઈનરી પર લાંબા અંતરના ડ્રોનથી હુમલો કર્યો.

યુક્રેનિયન સેના અને રશિયન પ્રાદેશિક અધિકારીઓએ તેની પુષ્ટિ કરી. છેલ્લા કેટલાક મહિનાઓથી યુક્રેન રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર સતત હુમલા કરી રહ્યું છે જેથી રશિયાની ઓઈલ નિકાસ આવક ઓછી થાય.

રશિયા ભારત જેવા દેશોને



મોટા પાયે ઓઈલ વેચે છે. યુક્રેન-અમેરિકાનો આરોપ છે કે રશિયા અહીં ઓઈલ વેચીને યુદ્ધ માટે હથિયારો અને મિસાઈલો બનાવે છે.

રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું કે હુમલાનું નિશાન વીજળી સ્ટેશન અને ગ્રીડ સાથે જોડાયેલા માળખાં હતાં. હુમલાઓને કારણે ઘણા વિસ્તારોમાં બ્લેકઆઉટ થયા. ફાસ્ટિવ (કિવ નજીક) માં એક ડ્રોન હુમલાએ રેલવે સ્ટેશનને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધું.

IAEA અનુસાર, ઝાપોરિઝ્ઝિયા પ્લાન્ટ રાત્રે થોડા સમય માટે બાહ્ય વીજળીથી કપાઈ ગયો. રિએક્ટર બંધ છે, પરંતુ ઈંધણને ઠંડુ રાખવા માટે પાવર જરૂરી છે. પ્લાન્ટ પર હજુ પણ રશિયન સેનાનો કબજો છે.

હુમલા બાદ યુક્રેનિયન અને અમેરિકી અધિકારીઓ વચ્ચે ત્રણ દિવસની વાટાઘાટો કોઈ સફળતા વિના સમાપ્ત થઈ ગઈ. આ વાટાઘાટો ફ્લોરિડામાં થઈ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દૂત અને સલાહકાર સ્ટીવ વિટકૉફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પણ તેમાં સામેલ રહ્યા.

ઝેલેન્સકીએ કહ્યું કે તેમણે વિટકૉફ અને કુશનર સાથે ફોન પર વાતચીત કરી. ઝેલેન્સકીએ વાતચીતને સકારાત્મક ગણાવી.

બંને પક્ષોએ સુરક્ષા ગેરંટીના માળખા પર સહમતિ દર્શાવી, પરંતુ કોઈ નક્કર સમજૂતી હજુ સુધી થઈ નથી. ઝેલેન્સકીએ કહ્યું, "સાચી શાંતિ ત્યારે જ આવશે જ્યારે રશિયા ગંભીરતા બતાવશે."

અમેરિકા અને યુક્રેનિયન પક્ષે કહ્યું કે યુદ્ધ સમાપ્ત કરવા માટે રશિયાએ હત્યાઓ બંધ કરવી પડશે અને ડી-એસ્કેલેશનના પગલાં ભરવા પડશે. અત્યાર સુધી રશિયાએ કોઈ મોટી છૂટ આપી નથી અને સતત મોટા હુમલા કરી રહ્યું છે.

ઝેલેન્સકીએ જણાવ્યું કે યુદ્ધ કેવી રીતે સમાપ્ત કરવું તે અંગે વાત થઈ, સંભવિત કરારો પર પણ ચર્ચા થઈ. આ સાથે ઝેલેન્સકીએ જણાવ્યું કે તેઓ અમેરિકા સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી, બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મર, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ અને ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સોમવારે લંડનમાં મળવાની તૈયારી કરી રહ્યા છે.

મેક્રોને રશિયન હુમલાઓની સખત નિંદા કરી અને કહ્યું, "રશિયા શાંતિ નથી ઈચ્છતું, તે સતત ઉશ્કેરણી વધારી રહ્યું છે. આપણે રશિયા પર વધુ દબાણ લાવવું પડશે જેથી તે શાંતિ માટે મજબૂર થાય." મેક્રોને ઝેલેન્સકી સાથે ફોન પર વાત કરીને એકતા વ્યક્ત કરી.

બ્રિટિશ વડાપ્રધાન સ્ટાર્મરે કહ્યું કે યુક્રેન પોતાનું ભવિષ્ય પોતે નક્કી કરશે અને શાંતિ સેના યુક્રેનની સુરક્ષાની ગેરંટી આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રશિયન રાષ્ટ્રપતિ પુતિને પહેલા જ કહી દીધું છે કે યુક્રેનમાં તહેનાત કોઈપણ વિદેશી સૈનિક હુમલાનો શિકાર બની શકે છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ચેતવણી આપી હતી કે અમેરિકા, યુક્રેનને દગો આપી શકે છે. જર્મન અખબાર ડેર શ્પીગલ અનુસાર 1 ડિસેમ્બરે યુરોપિયન નેતાઓની એક સિક્રેટ વીડિયો કોલ લીક થઈ ગઈ હતી.

જેમાં જર્મનીના ચાન્સેલર ફેડરિક મર્ઝ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં, ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ, નાટોના મહાસચિવ માર્ક રૂટે, પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી સામેલ હતા.

આ દરમિયાન મેક્રોંએ શંકા વ્યક્ત કરી હતી કે અમેરિકા મજબૂત સુરક્ષા ગેરંટી આપ્યા વિના યુક્રેનને ક્ષેત્ર છોડવા માટે મજબૂર કરી શકે છે. આ કોલની લેખિત રેકોર્ડિંગ અખબાર પાસે પહોંચી છે.

નેતાઓએ સ્પષ્ટ કહ્યું કે તેમને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બે ખાસ લોકો અમેરિકી રાજદૂત સ્ટીવ વિટકૉફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પર જરા પણ ભરોસો નથી. જર્મનીના ચાન્સેલર મર્ઝે ઝેલેન્સકીને કહ્યું, "આવનારા દિવસોમાં ખૂબ સાવચેત રહો, તમારી સાથે અને અમારી સાથે રમત રમાઈ રહી છે." ફિનલેન્ડના રાષ્ટ્રપતિ સ્ટબ અને નાટો ચીફ રૂટેએ પણ આ જ વાત કહી કે ઝેલેન્સકીને આ બંને અમેરિકનો સાથે એકલા છોડી શકાય નહીં.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે યુરોપિયન દેશોને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે જો યુરોપે રશિયા વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું, તો રશિયા સંપૂર્ણપણે જવાબ આપવા માટે તૈયાર છે.

પુતિને કહ્યું કે રશિયા યુરોપ સાથે યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ જો યુરોપ યુદ્ધ શરૂ કરે છે તો મામલો એટલો જલ્દી ખતમ થશે કે વાતચીત કરનાર કોઈ નહીં બચે.

પુતિને દાવો કર્યો કે યુક્રેનમાં રશિયા સંપૂર્ણપણે યુદ્ધ નથી લડી રહ્યું, પરંતુ સર્જિકલ ઓપરેશન જેવી સીમિત કાર્યવાહી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે જો યુરોપ સાથે સીધું યુદ્ધ થયું તો પરિસ્થિતિઓ અલગ હશે અને રશિયા પૂરી તાકાતથી જવાબ આપશે.

રશિયા-યુક્રેન યુદ્ધ ફેબ્રુઆરી, 2022માં શરૂ થયું. બંને દેશો વચ્ચે યુદ્ધનું મુખ્ય કારણ રશિયાનો યુક્રેનિયન જમીન પર કબજો છે.

રશિયાએ યુક્રેનના લગભગ 20% વિસ્તાર પર કબજો જમાવ્યો છે. યુદ્ધના કારણે હજારો નાગરિકો અને સૈનિકો માર્યા ગયા છે, અને લાખો યુક્રેનિયનો વિસ્થાપિત થયા છે. જૂન 2023 સુધીમાં, લગભગ 8 મિલિયન યુક્રેનિયનો દેશ છોડીને ભાગી ગયા.

ટ્રમ્પે યુદ્ધ સમાપ્ત કરવા માટે બંને દેશોના નેતાઓ સાથે બેઠકો કરી છે. તાજેતરમાં, તેમણે પુતિન સાથે અલાસ્કામાં બેઠક કરી, જે 80 વર્ષમાં કોઈ રશિયન નેતાની પ્રથમ અલાસ્કા યાત્રા હતી.

તંત્રી લેખ

## 35 દિવસ, 12 રાજ્ય; 30 BLOનાં મોત, વળતર શૂન્ય

'એ દિવસે લાગ્યું કે હું જીવતી પાછી નહીં ફરી શકું. હું રાયબરેલીના પાલ્હીપુર ગામમાં SIR ફોર્મ ભરાવવા ગઈ હતી. ગામના પ્રધાન દીપક યાદવ અને તેમના પિતા કૃષ્ણા યાદવ આવ્યા અને ફોર્મ છીનવી લીધાં અને બોલ્યા કે તમે લોકો ગામના વોટ કાપી રહ્યા છો. પ્રધાને ફોર્મ ફાડી નાખ્યું, ગાળો આપી અને મને મારવા દોડ્યા. ગામલોકો મને બચાવવા લાગ્યા. એનાથી પ્રધાન વધુ ભડકી ગયા. ઘરેથી બંદૂક લાવ્યા અને મારા પર તાકી દીધી. હું ડરથી ધ્રૂજી રહી હતી. લોકોની મદદથી જીવ બચાવીને બહાર નીકળી શકી.'

35 વર્ષની બૂથ લેવલ ઓફિસર એટલે કે BLO આરતી યાદવ પોતાને ખુશકિસ્મત માને છે કે તેમનો જીવ બચી ગયો. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિત 9 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 4 નવેમ્બરથી SIR એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ચાલી રહ્યું છે. સતત ફિલ્ડવર્ક, મોડીરાત સુધી ડેટા અપલોડ કરવો અને કામના દબાણને કારણે દેશભરમાં 8 ડિસેમ્બર સુધીમાં 30 BLOનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે, જેમાં 9 સુસાઈડનો સમાવેશ થાય છે. મધ્યપ્રદેશમાં સૌથી વધુ 9 BLOનાં મોત થયાં છે. ઉત્તરપ્રદેશમાં 7, ગુજરાતમાં 6, બંગાળમાં 4, રાજસ્થાનમાં 2 અને તામિલનાડુ અને કેરળમાં 1-1 મૃત્યુ થયાં છે. મૃત્યુનું કારણ સુસાઈડ, બ્રેઈન હેમરેજ અને હાર્ટ-એટેક સામે આવ્યું છે. આરતી યાદવના કિસ્સાએ સુરક્ષાનો મુદ્દો ઉજાગર કરી દીધો છે. ભાસ્કરે SIR દરમિયાન મૃત્યુ પામેલા BLOના પરિવારો સાથે વાત કરી. તેમની પાસેથી જાણ્યું કે તેઓ કયા પ્રકારનું દબાણ સહન કરી રહ્યા હતા. પરિવારના લોકો એ વાતથી પણ નારાજ છે કે BLO દબાણમાં સુસાઈડ કરી રહ્યા છે અને ચૂંટણી પંચ 'ડાન્સ'ના વીડિયો પોસ્ટ કરી રહ્યું છે. સર્વેશ સિંહ ઉત્તરપ્રદેશના ભગતપુર ટાંડા વિસ્તારના ગામ જાહિદપુર-સિકંદરપુર કમ્પોઝિટ સ્કૂલમાં સહાયક શિક્ષક હતા. તેઓ બહેડી ગામમાં પત્ની બબલી અને ચાર દીકરીઓ (કનિષ્કા, નેન્સી, માહી અને રૂહી) સાથે રહેતા હતા. સર્વેશ સિંહને 7 ઓક્ટોબરે BLO બનાવવામાં આવ્યા હતા. 29 નવેમ્બરની રાત્રે તેઓ પરિવાર સાથે જમ્યા પછી ઊંઘવા માટે ગયા. સવારે પત્ની બબલીની આંખ ખૂલી ત્યારે સર્વેશ ઘરમાં નહોતા. તેમનો મૃતદેહ ઘાસચારાની કોઠરીમાં ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. તેમની પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી હતી, જેમાં લખ્યું હતું- 'હું જીવવા તો માગું છું, પણ શું કરું, મને ખૂબ જ બેચેની અને ગૂંગળામણ થઈ રહી છે. હું ડર અનુભવી રહ્યો છું. મારી દીકરીઓ ખૂબ જ માસૂમ છે, તેમનું ધ્યાન રાખજો. હું પહેલીવાર BLO બન્યો હતો. જો સમય વધારે મળ્યો હોત તો કદાચ આ કામ પૂરું કરી દીધું હોત.' સર્વેશની પત્ની બબલીએ કહ્યું, 'મારા પતિ સ્કૂલના હેડ માસ્ટર હતા, પણ તેમને BLO બનાવી દેવાયા. તેમના પર SIRના કામનું ખૂબ જ ભારણ હતું. તેઓ મોડીરાત સુધી કામ કરતા હતા. જમવાનો પણ સમય નહોતો. તેમને આ કામની યોગ્ય તાલીમ આપવી જોઈતી હતી. અધિકારીઓ સતત દબાણ બનાવી રહ્યા હતા. મૃત્યુ પામતાં પહેલાં તેમણે પોતાની પરેશાની જણાવવા માટે વીડિયો પણ બનાવ્યો હતો.' 4 નવેમ્બરથી SIRની પ્રક્રિયા શરૂ થયા બાદ યુપીમાં અત્યારસુધીમાં 7 BLOનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. આમાં 3 સુસાઈડ, 3 હાર્ટ-એટેક અને 1 બ્રેઈન હેમરેજને કારણે થયાં છે.

# એક્સિડન્ટ નાં વળતર રૂપે સારી એવી રકમ મળી હતી છતાં રામુકાકા કેમ ઉદાસ હતાં?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હમણાં અમદાવાદ જવાનું થયું અને ફોર લાઈન એક્સપ્રેસ હાઈવે પર પાણીના લીટા જેમ ગાડીઓ દોડતી જોઈ ખૂબ રાજી થવાયું, કે વાહ વિકાસ થયો છે ખરો! પણ ત્યાં રસ્તામાં શરાબ પીને ગાડી ચલાવશો નહીં, એવાં વારેવારે આવતાં બોર્ડ જોઈ દુઃખી થવાયું કે, ગુજરાતમાં દારુબંધી હવે માત્ર કહેવાની જ રહી છે! અને તંત્ર એ પણ એને સ્વાભાવિક સ્વીકારી લીધું છે, એટલે જ આવા બોર્ડ મુકવા પડે છે! અત્યારે ડિસેમ્બર ચાલે છે અને એ રીતે પણ અમદાવાદમાં યુવાનોની વિશેષ ચહેલપહેલ હતી! આપણને સવાલ એ થાય કે પોલીસ દર વર્ષે કેટલીય પાર્ટીમાં છાપો મારીને દારુ ડ્રગ્સ વગેરે પકડે છે! તો દારુબંધી હોવા છતાં આટલી માત્રામાં આ બધું આવે છે ક્યાંથી? અને બીજો સવાલ એ થાય કે આટલાં યુવાનો પકડાય છે! છતાં દર વર્ષે એનો એ જ સિલસીલો! તો શું યુવાનોમાં શરમ, ડર, કે ઈજ્જત, આબરુ! એવું કંઈ નથી રહ્યું? જોકે આપણે લાખ ઈન્કાર કરીએ કે આ આપણી સંસ્કૃતિ નથી, છતાં આપણે વ્યવહાર માટે અંગ્રેજી કેલેન્ડર જ સ્વીકાર્યું હોવાથી દર વર્ષે મોટા મોટા શહેરોમાં આવી પાર્ટી યોજાય છે, અને કારણે કેટલાય યુવાનો દારુ ડ્રગ્સ અને સિગારેટ પાછળ લાખો રૂપિયા ઉડાડશે! તો આ જ દેશમાં બીજો એક વર્ગ એવો છે જેને નસીબે એક ટંકનો રોટલો મેળવવો એ અઘરું થાય છે! ખભા નમી જાય એટલો વજન ઉંચકી ઉંચકીને મંજૂરી કરતાં જોઈએ, અનેઆપણી નજર સામે યુવાનોને મોજશોખ માટે રુપિયા ઉડાડતા જોઈએ, ત્યારે એક નજર આકાશ તરફ ચોક્કસ જાય ! કે હે ઈશ્વર માનવ કેટલો બદલાઇ ગયો છે! અથવા તું શું ઈચ્છે છે? ગયા ન્યુ યર પાર્ટીએ બનેલી એક ઘટના, કે જેણે એક વ્યક્તિને અપંગ કરી દીધાં, એવો એક કિસ્સો બોધકથામાં.

હેપ્પી ન્યુ યરની રાત્રે રામુકાકા મીલ માંથી કામ કરીને પાછા ફરતાં હતાં, અને મિલ માલિક એ લોન દેવાની ના પાડી દીધી! એ વિચારતાં હતાં. જોકે હજી પહેલાની ત્રણ લોનની ચૂકવણી થઈ નહોતી, એટલે ક્યાંથી હા પાડે! પણ આ વર્ષ બહુ જ અઘરું રહ્યું! પહેલાં પત્નીનું કોથળીનું ઓપરેશન કરાવ્યું! એ પણ ડોક્ટર એ ચેતવણી આપી કે હવે નહીં કરાવો તો કેન્સરની ગાંઠ થવાની શક્યતા છે! પછી દિકરો બાર સાયન્સમાં પાસ થતાં એન્જીનીયરીંગમાં એડમિશન લીધું, અને પછી મકાનની છત પડી જતાં રિનોવેશન કરવું પડ્યું! અને હવે લગ્ન! રામુકાકા આકાશ સામે જોઈને ઈશ્વરને કહેતા હતા કે સત્તર દિવસમાં દિકરીના લગ્ન છે, અને હું વેવાઈનું સ્વાગત કેમ કરીશ ? પોતાનાથી ઉંચી હેસિયત વાળા સંબંધમાં આવું જ થાય ! પણ આ અત્યારની પેઢી પ્રેમને નામે આવું કંઈ જોવે જ નહીં! આવા વિચારોમાં ખોવાયેલા રામુકાકાને ખ્યાલ ન રહ્યો, કે પોતે રસ્તાની વચ્ચોવચ્ચ ચાલતા હતાં, અને અચાનક એક મર્સિડીઝ બેન્ઝ તેને સહેજ ટક્કર



મારીને આગળ વધી! રામુકાકા પડી ગયા. રાતની સિફ્ટ પૂરી કરીને આવતા હતાં એટલે રસ્તા પર એટલી હિલચાલ પણ નહોતી, એટલે રામુકાકાને ઉઠાડવા વાળું કોઈ નહોતું, અને દૂરની કેબિનમાંથી કોઈ આવે એ પહેલા જ બીજી મર્સિડીઝ બેન્ઝ આવીને એણે રામુકાકાનાં પગ પરથી ગાડી ચલાવી દીધી! બંને ગાડી વચ્ચે સ્પર્ધા હોય એમ ગાડીમાં બેઠેલાં નશામાં ધૂત થયેલ યુવક યુવતીઓ અવાજ કરતાં હતાં, અને રામુકાકાની ચીસ કોઈએ સાંભળી પણ નહીં.. અંતે કેબિન વાળો એક માણસ આવ્યો, અને બીજી ગાડી વાળાને વિનંતી કરીને રામુકાકાને સિવીલ હોસ્પિટલ પહોંચાડ્યા, પણ અફસોસ રામુકાકાનો પગ ટૂંકો થઈ ગયો, અને ઘોડી આવી ગઈ.

દિકરીનાં લગ્ન આંગણે હતાં અને એમાં રામુકાકા નો પગ ટૂંકો થઈ ગયો! મિલ માલિક એ મિલમાં એક્સિડન્ટ થયો નથી, એમ કહીને કંઈ આપવાની ના પાડી દીધી. આખો પરિવાર આવી પડેલી પરિસ્થિતિ માંથી કેમ બહાર આવવું એ વિચારતો હતો! કંકોત્રી વહેંચાઈ ગઈ હોવાથી લગ્ન બંધ રહે એમ ન્હોતાં. ઉલટું વેવાઈને જાણ પણ નહોતી કરી, ક્યાંક સંબંધ કાપી નાખે તો! પત્નીનાં ઘરેણાં માંથી દિકરીના ઘરેણાં થઈ ગયા હતાં, અને આ મકાન પણ ગીરવે જ હતું! એટલે ક્યાંયથી રુપિયા આવે એમ ન્હોતાં! રામુકાકા વારેવારે ઈશ્વરને કહેતાં ,આવો અધમૂઓ માર્યો એની કરતાં પૂરો મારી નાખ્યો હોત તો! એક દિવસ રામુકાકા ફળિયામાં બેઠા હતાં, અને પત્નીને ચાનું કહ્યું, એટલે એણે છણકો કરીને કહ્યું કે આ વારેવારે ચાની ટેવ હવે છોડવી પડશે, કારણકે હવે નોકરીમાં તો કોઈ રાખશે નહીં! પતિપત્ની વચ્ચે આવી રકઝક ચાલતી હતી ત્યાં જ કમલ અગ્રવાલ નામે એક વકીલ રામુકાકાનું ઘર શોધતો આવી ગયો. એણે રામુ કાકાનો પગ ટૂંકો થઈ ગયો, એ બાબતે બેહદ અફસોસ કર્યો અને કહ્યું કે સીગ્નલ પરના સીસીટીવી કેમેરા પરથી જે બે ગાડી વાળાને કારણે તમારી આ હાલત થઈ છે, એની પર કેસ થયો છે, અને હું એમનો વકીલ છું. જો આ કેસમાં તમને એ ગાડીથી નુકસાન નથી થયું, પરંતુ વિચારમાં ચાલ્યા જતાં હતાં અને પગે ઠેસ વાગી એટલે પડ્યા અને એની ગાડીને બ્રેક ન લાગી એટલે સહેજ પગ પરથી ચાલી, બાકી એમણે તો બચાવવાની પૂરેપૂરી કોશિશ કરી, આવું બયાન આપો તો એ બંને નિર્દોષ સાબિત થાય, અથવા તો મિનિમમ સજા થાય, અને એના બદલામાં એમના માતા પિતા તમારી તમામ આર્થિક પરિસ્થિતિનો નિવેડો આવી જાય એટલી રકમ આપશે! રામકાકાએ કહ્યું કે મને વિચારવાનો સમય આપો! પણ એની પત્નીએ કહ્યું કે વિચારવાનો સમય જ નથી, હવે જે થઈ ગયું એ નથી થયું થવાનું નથી, અને દિકરીના લગ્ન હોવાથી રૂપિયા જોઈએ છે, એ વાસ્તવિકતા છે. રામુ કાકાને પણ પત્નીની વાત વ્યાજબી લાગી અને પોતાના પગનો સોદો કરી નાખ્યો! બંને પાર્ટી એ પણ પોતે કહ્યાં એટલા રૂપિયા આપી દીધા.

રંગે ચંગે દીકરીના લગ્નનો દિવસ આવી ગયો, અને અત્યંત વૈભવશાળી રીતે જાનનું સ્વાગત થયું. એસી હોલમાં લગ્ન થયાં, અને સાડા સાત સો રૂપિયાની ડીશનું જમણ જમતા જમતા લોકો બોલતા હતાં, કે રામુ કાકાના નસીબ આડેનુ પાંદડું એકાએક ખસી ગયું, અને હવે તો રુપિયા રુપિયા... બિચારા રામુકાકા એક જ એની કિંમત જાણતા હતાં, એટલે કે હવે બાકીની જિંદગી આ અપાહિજતામાં વિતાવી પડશે.

રામુકાકા નવા આલીસાન ફ્લેટની ગેલેરીમાંથી નીચે જોતાં હતાં ત્યાં એક મર્સિડીઝ બેન્ઝ પસાર થઈ, અને એને વિચાર આવ્યો કે આ સોદો કરી અને મેં તો મારી પરિસ્થિતિ સુલજાવી લીધી, પણ આ યુવાનોને બીજા કોઈ રમુકાકાનો પગ કાપવાનું લાયસન્સ તો નથી આપ્યું ને!? કારણ કે પોતાનું ભાગ્ય ખોલવામાં આ બાબતે તો વિચાર્યું જ નહીં! સજા વગર ખુલ્લેઆમ ફરી પાછા એ બંને યુવાનો ફરશે, ડ્રગ્સ અને દારૂનું સેવન કરી વળી પાછી સ્પર્ધા કરશે, અને વળી કોઈ રામુકાકા અથવા તો રમા કાકી... અને શક્ય છે કે એકસીડન્ટમાં એનું મૃત્યુ પણ થાય! તો ક્યાંક એને માટે હું તો જવાબદાર નહીં ઠરું ને?; આટલા કર્મોના ફળ ઓછા હોય એમ આવા કર્મ વિશે વિચારીને એની જિંદગી બોજરૂપ થવા લાગી! એણે પોતાની પત્નીને આ વાત કરી, અને રમાબેને કહ્યું કે, તમે એક લાચાર પિતા હતાં, અને તમારી પાસે આની સિવાય કોઈ વિકલ્પ જ નહોતો, એટલે હવે આવું બધું વિચારવાનું છોડીને

અંદર ચાલો દિકરી જમાઈ આવવાનાં છે! પણ એને હજી થતું હતું કે એકવાર આ બાજુ પણ વિચારવાની જરૂર હતી! નહીં તો દર હેપ્પી ન્યુ યરમાં આવાં કેટલાય રામુકાકા અપંગ થશે..!

## SIR ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન

**અમદાવાદ, તા. 09**

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીનો તબક્કો તા.11 ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ તે પહેલા જ BLO સ્તરથી લઈને CEO કચેરી સુધીના સમગ્ર ચૂંટણી સ્ટાફની મહેનત રંગ લાવી છે, જેના પરિણામે ગણતરીના તબક્કાની 99.76 % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદારોની ગણતરીના તબક્કા દરમિયાન ઘરે-ઘરે જઈને ગણતરી ફોર્મના વિતરણથી લઈને તેના ડિજીટાઈઝેશનની કામગીરી સુપેરે કરવામાં આવી છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ 74 લાખથી વધુ ગણતરી ફોર્મ્સ અનકલેક્ટેડ રહ્યાં. આ નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બેઠકોની શૃંખલા યોજવામાં આવી રહી છે. તા. 7, 8 અને 9 ડિસેમ્બર એમ ત્રણ દિવસ દરમિયાન બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવી 37,000થી વધુ બેઠકો સંપન્ન થઈ ચૂકી છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. તથા આગામી દિવસોમાં મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પણ પ્રકાશિત કરાશે. અત્યારસુધીની કામગીરી દરમિયાન રાજ્યના તમામ 33 જિલ્લાઓમાં કુલ 4.21 લાખથી વધુ સિનિયર સિટિઝન (85 વર્ષથી વધુ વયના) ધ્યાને આવ્યા છે. જેમની ખરાઈ ચાલી રહી છે. સાથોસાથ જે મતદારોના નામ બે કે તેથી વધુ જગ્યાઓ પર હોય તેમની વિગતો અદ્યતન સોફ્ટવેરની મદદથી મેળવવામાં આવી છે. જેમાં 11.58 લાખથી વધુ DSE (ડેમોગ્રાફિકલી સિમિલર એન્ટ્રી) ધ્યાને આવી છે. જેની ચકાસણી BLO તથા ERO સ્તરે ચાલી રહી છે. આ ઉપરાંત 17.94 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 10.20 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 40 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે. જેમની ખરાઈ ચાલી રહી છે. સાથોસાથ જે મતદારોના નામ બે કે તેથી વધુ જગ્યાઓ પર હોય તેમની વિગતો અદ્યતન સોફ્ટવેરની મદદથી મેળવવામાં આવી છે. જેમાં 11.58 લાખથી વધુ DSE (ડેમોગ્રાફિકલી સિમિલર એન્ટ્રી) ધ્યાને આવી છે. જેની ચકાસણી BLO તથા ERO સ્તરે ચાલી રહી છે. આ ઉપરાંત 17.94 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 10.20 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 40 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

# કાયમ આનંદમાં રહેવા માટે સુવિધાઓની નહીં પણ સમજણની જરૂર છે કુદરતે આપણને ફક્ત આનંદ આપ્યો છે દુઃખ એ આપણી શોધ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએ તો કૃષ્ણ લીલામાં શુદ્ધ પ્રેમ છે. રામજીની લીલામાં શુદ્ધ મર્યાદા છે શ્રી કૃષ્ણને તેજ સમજી શકે જે રામજીની મર્યાદાનું પાલન કરે છે.રામજી સરળ છે,પણ કનૈયો તો ઊભો તોયે વાંકો.તેથી તેને બાંકે બિહારી કહે છે.શ્રીકૃષ્ણ વાંકા સાથે વાંકા છે.શ્રીકૃષ્ણ તો જેવા સાથે તેવા છે.યોગી સાથે યોગી, ભોગી સાથે ભોગી અને સંન્યાસી સાથે સંન્યાસી,વાંકા સાથે વાંકા, મિત્રના મિત્ર,દુશ્મનના દુશ્મન!શ્રી કૃષ્ણની બાળલીલા એવી દિવ્ય છેકે,શુકદેવજી જેવા જેનીલંગોટી પણ છૂટી ગઈ છે તે પણ તેનું વર્ણન કરતાં રડે છે, તેમાં પાગલ બને છે.મહાયોગીઓ હસતા નથી એટલે એમને રડવાનો પ્રસંગ આવતો નથી મહાયોગીઓને પણ શ્રીકૃષ્ણ લીલામાં આનંદ આવે છે શ્રીકૃષ્ણ યોગીઓના પણ યોગીછે

કેટલાક કહે છેકે,રામજી નાના અને શ્રીકૃષ્ણજી મોટા. રામજીમાં એક કળા ઓછી છે.રામજીમાં કળા ઓછી છે એમ ન માનો. બંને અવતારો પરિપૂર્ણ છે. શ્રી કૃષ્ણ પુષ્ટિનો-પ્રેમનો આનંદ બતાવે છે.રામજી ભક્તિનો આનંદ આપે છે.

રામચંદ્રજી વસિષ્ઠઋષિનાઆશ્રમ માં ભણવા ગયા છે.કોઈ સદગુરુ નો અનુગ્રહ ન થાય ત્યાં સુધી મન કાયમના માટે પવિત્ર થતું નથી. સંસાર માયા છે.સંસારમાં આવ્યા પછી સ્વરૂપ વિસ્મરણ થાય છે, તેથી પરમાત્માને પણ ગુરુની જરૂર પડે છે.શ્રીરામએ પરમાત્મા છે,તેને માયાનો સ્પર્શ થાય નહીં. છતાં જગતને આદર્શ બતાવવા ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવા ગયા છે અને ગુરુની સેવા કરી છે. વિદ્યાભ્યાસ કરીને પાછાં આવે છે

રામચંદ્રજી સોળ વર્ષની ઉંમરે જાત્રા કરવા જાય છે.જાત્રામાં તેમને વૈરાગ્ય થયો.તે વૈરાગ્ય દૂર કરવામાટે વસિષ્ઠજી તેમનેઉપદેશ આપે છે.એ ઉપદેશ યોગ વાસિષ્ઠ મહારામાયણમાં ગ્રંથસ્થ છે.યોગ વાસિષ્ઠ રામાયણનું પહેલું પ્રકરણ વૈરાગ્યનું છે, તે તો દરેકે ત્રણ-ચાર વખત વાંચવું જ જોઈએ. ભલે બીજું ન વાંચો.વસિષ્ઠજી ઉપદેશ કરે છેકે,વૈરાગ્યમાં આનંદ રાખજે. પ્રારબ્ધ ભોગવવું,પણ નવુંપ્રારબ્ધ ઊભું ન થાય તેની કાળજીરાખવી વનમાં જશો તો ત્યાં પણ સંસાર સાથે આવવાનો છે.ઘર બાધક થતું નથી પણ ઘરની એકએક વસ્તુમાં રહેલ આસક્તિ બાધક થાય છે.બાધક જે છે તે મન છે, ઘર નથી. રાજમહેલ છોડો તોપણ ઝૂંપડીની જરૂર પડશે. સારાં કપડાં પહેરવાનાં છોડી દો,તો પણ લંગોટીની જરૂર પડશે.સારું ખાવા નું છોડી દો,તો પણ કંદમૂળ તો ખાવાં પડશેને!માટે રાજ્ય છોડવાની જરૂર નથી.કામ,ક્રોધ, લોભ,આસક્તિ વગેરે છોડવાનાં છે.ઘરબાર નહીં,પણ વાસના બાધક છે.સાધુ થવાની જરૂરનથી સરળ થવાની જરૂર છે. વૈરાગ્ય બહારનો હોય તે કામનો નથી, અંદરનો જોઈએ..તેવી જ રીતે ભજન માટે ભોજન બાધક છે, પણ ભોજન ભજન માટે હોય તો એ સાધન છે,એનો ઉપયોગ છે.

વસિષ્ઠજીના ઉપદેશથી રામચંદ્ર જીનો વૈરાગ્ય દૂર થયો છે. હવે રઘુનાથજી સોળ વર્ષના થયા છે.

ઋષિ વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા. તેમના યજ્ઞમાં મારીચ,સુબાહુ વગેરે રાક્ષસો વિઘ્ન કરતા હતા. વિશ્વામિત્રે વિચાર્યું કે, રાક્ષસોનો નાશ બીજાથી નહીં થાય, કેવળ રામજી કરી શકશે. તેથી તેઓ રામ-લક્ષ્મણને તેડવા અયોધ્યા આવ્યા.



દશરથે ઊઠીને વંદન કર્યું અને મુનિનું પૂજન કર્યું.વિશ્વામિત્રે આશીર્વાદ આપ્યા.પછી કહ્યું, રાક્ષસો મારા યજ્ઞમાં વિઘ્ન કરે છે. તેથી રામલક્ષ્મણને મારા યજ્ઞનું રક્ષણ કરવા મોકલો.વિશ્વામિત્રે રામજીની માગણી કરી તેથી દશરથજી ગભરાયા. રામથી છૂટાં પડવાની વાતથી એમને આઘાત થયો.દશરથજી કહે છે, બાળકો બહુ નાનાં છે.કહો તો હું આપની સાથે આવવા તૈયાર છું,પણ વિશ્વામિત્ર કહે,ના,મારે રામ-લક્ષ્મણનું જ કામ છે.ઋષિ વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા. તેમના યજ્ઞમાં મારીચ,સુબાહુ વગેરે રાક્ષસો વિઘ્ન કરતા હતા. વિશ્વામિત્રે વિચાર્યું કે, રાક્ષસોનો નાશ બીજાથી નહીં થાય, કેવળ રામજી કરી શકશે. તેથી તેઓ રામ-લક્ષ્મણને તેડવા અયોધ્યા આવ્યા. દશરથે ઊઠીને વંદન કર્યું અને મુનિનું પૂજન કર્યું. વિશ્વામિત્રે આશીર્વાદ આપ્યા. પછી કહ્યું, રાક્ષસો મારા યજ્ઞમાં વિઘ્ન કરે છે. તેથી રામલક્ષ્મણને મારા યજ્ઞનું રક્ષણ કરવા મોકલો. વિશ્વામિત્રે રામજીની માગણી કરી તેથી દશરથજી ગભરાયા. રામથી છૂટાં પડવાની વાતથી એમને આઘાત થયો.દશરથજી કહે છે, બાળકો બહુ નાનાં છે.કહો તો હું આપની સાથે આવવા તૈયાર છું,પણ વિશ્વામિત્ર કહે,ના,મારે રામ- લક્ષ્મણનું જ કામ છે.

દશરથના કલેશનો પાર નથી. તેમને ખાતરી છે કે,જળ વિના માછલી કદાચ જીવે પણ રામ વિના પોતે નહીં જીવે.તેથી કહે, ગુરુજી,તમે માગો તો મારું રાજ્ય આપું,મારા પ્રાણ આપું. રામ સિવાય તમને ગમે તે આપવા તૈયાર છું,પણ મારા રામ વગર હું એક ક્ષણ પણ જીવી નહીં શકું.

પિતા પ્રાણ આપી શકે છેપણ પુત્ર આપી શકતા નથી.પિતા-પુત્રનો કેવો પ્રેમ છે!જગતમાં રામ જેવો પુત્ર થયો નથી.દશરથ જેવા પિતા થયા નથી.જ્યારે રામ વનમાં ગયા ત્યારે છેલ્લા શ્વાસ સુધી દશરથે રામજીનું સ્મરણ કર્યું છે. દશરથજી વારંવાર કૌશલ્યાને પૂછે, મારો રામ ક્યાં છે?મારા રામ પાસે મને લઈ જાઓ. રામ વગર હું જીવી શકીશ નહીં અને રામ વગર દશરથ જીવ્યા નથી. રામજી ગયા તે સાથે દશરથજીના પ્રાણ ગયા છે. રામાયણનું એક એક પાત્ર દિવ્ય છે.ભરત જેવો ભાઈ થયો નથી.સીતા જેવી સ્ત્રી થઈ નથી.રામજી કરતાં પણ સીતાજી નું હૃદય અતિ કોમળ છે. વાલ્મીકિ એકવાર સીતાજીનું વર્ણન કરતાં બોલી ઊઠ્યા છે કે, રામાયણમાં રામજીનું નહીં પણ સીતાજીનું ચરિત્ર અલૌકિક છે. રામજી સરળ છે,પણ સીતાજીની સરળતા અદ્ભુત છે.વાલ્મીકિ રામાયણમાં એક પ્રસંગ આવે છે. રાવણ સાથે યુદ્ધ પૂરું થયું છે. હનુમાનજી અશોકવનમાં આવ્યા છે.સર્વ રાક્ષસોનો વિનાશ થયો છે રામજીનો વિજય થયો છે. સીતાજીએ હનુમાનને અનેક આશીર્વાદ આપ્યા કે,કાળ તારો નોકર થઈને રહેશે.અષ્ટમા સિદ્ધિ ઓ તારી સેવામાં ઊભી રહેશે. મનના જેવો તારો વેગ રહેશે. બુદ્ધિવંતોમાં તું શ્રેષ્ઠ ગણાશે. બ્રહ્મચારીમાં તું આદર્શ ગણાશે. આવા કંઈકંઈ આશીર્વાદો આપ્યા પણ હનુમાનજીને તૃપ્તિ થઈ નહીં

ભગવદ્ ગીતાજ્ઞાનમાં છેલ્લે જોઈએ તો એક સમયે,એકવર્ગ માં શિક્ષક તેના બધાવિદ્યાર્થીઓને સમજાવવા માંગતા હતા કે કુદરત દરેકને સમાન તકો આપે છે અને તે તકનો ઉપયોગ કરીને તેઓ પોતાનું ભાગ્ય ઘડી શકે છે. આ વાત સ્પષ્ટ રીતે સમજાવવા માટે, શિક્ષકે ત્રણ વાટકી લીધી. તેમણે પહેલા વાટકામાં બટેટા, બીજામાં ઈંડું અને ત્રીજામાં ચાના પાંદડા મૂક્યા.પછી તેમણે ત્રણેય વાટકી માં પાણી ભર્યું અને તેને ઉકળવા માટે ચૂલા પર મૂક્યું.બધા વિદ્યાર્થી ઓ આશ્ચર્યથી જોતા રહ્યા,પણ કોઈ સમજી શક્યું નહીં.વીસ મિનિટ પછી,જ્યારે ત્રણેય વાસણો ઉકળવા લાગ્યા,ત્યારે શિક્ષકે બધા વાટકા નીચે ઉતાર્યા અને બટેટા, ઈંડું અને ચા બહાર કાઢી પછી તેમણે બધા વિદ્યાર્થી ઓને ત્રણેય વાટકા કાળજીપૂર્વક તપાસવા કહ્યું.છતાં, કોઈ સમજી શક્યું નહીં.

છેવટે, શિક્ષકે એક બાળકને ત્રણેય (બટેટા, ઈંડું અને ચા) સ્પર્શ કરવા કહ્યું.જ્યારે વિદ્યાર્થીએ બટેટાને સ્પર્શ કર્યો, ત્યારે તેણે જોયું કે બટેટા,જે પહેલા ખૂબ જ કઠણ હતું,તે પાણીમાં ઉકાળ્યા પછી ખૂબ જ નરમ થઈ ગયું હતું. જ્યારે વિદ્યાર્થીએ ઈંડું ઉપાડ્યું, ત્યારે તેણે જોયું કે ઈંડું,જે પહેલા ખૂબ જ નાજુક હતું, તે ઉકાળ્યા પછી કઠણ થઈ ગયું હતું.હવે ચાના કપનો વારો હતો.જ્યારે વિદ્યાર્થી એ ચાનો કપ ઉપાડ્યો, ત્યારે તેણે જોયું કે ચાના પાંદડા ગરમ પાણી માં ભળીગયા પછી તેમનો આકાર બદલી નાખ્યો હતોઅને હવે ચા બની ગયા હતા.પછી શિક્ષકે સમજાવ્યું,'અમે ત્રણ અલગ અલગ વસ્તુઓને એક જ કસોટીમાં મૂકી-તેમને સમાન માત્રામાં પાણીમાં ઉકાળી ને, પરંતુ જ્યારે તે બહાર આવી, ત્યારે તે સમાન ન રહી.

બટેટા,જે કઠણ હતું,તે નરમ થઈ ગયું, ઈંડું પહેલા કરતાં કઠણ થઈ ગયું,અને ચાના પાંદડાએ પણ તેમનું સ્વરૂપ બદલી નાખ્યું.

વાચક ચાહક મિત્રો,મનુષ્યોને પણ આ જ વાત લાગુ પડે છે. દરેકને સમાન તકો અને પડકારો મળે છે,પરંતુ તે સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે કે તમે મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરો છો અને તેમને પાર કર્યા પછી તમે શું બનો છો.'ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# બાવળના કેશરડી ગામમાં વનકવચ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ, તા. 09**

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેશરડી ગામમાં વનકવચ ખાતે ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં કેશરડી ગામના આગેવાન શ્રી સુખદેવભાઈએ વનકવચ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, આ જમીન કેશરડી ગામની સીમની હતી. અગાઉ આ જમીન ખારી અને બંજર હતી, જ્યાં માત્ર ગાંડા બાવળના ઝાંખરા જ જોવા મળતા હતા. આ પરિસ્થિતિ અંગે વિચારણા કરતાં, તેઓ ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાન્તિભાઈ મકવાણાના સંપર્કમાં આવ્યા. તેમના માર્ગદર્શન હેઠળ,



ગામસભામાં ઠરાવ કરીને વૃક્ષો રોપવાનું નક્કી કરવામાં આવ્યું. આ સંકલ્પને સાકાર કરવા માટે બાવળા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડના સહયોગથી વર્ષ 2024માં બત્રીસ હજાર વૃક્ષો અને વર્ષ 2025માં સત્તર હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

શ્રી સુખદેવભાઈએ ગૌરવ સાથે જણાવ્યું કે, સર્વના સહકારથી આજે આ સ્થળે એક સુંદર અને રમણીય જંગલ ઊભું થયું છે, અને રોપવામાં આવેલ એક પણ વૃક્ષ નિષ્ફળ ગયું નથી. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ વનકવચમાં રોપેલા વિવિધ




પ્રકારના વૃક્ષોની વિસ્તૃત માહિતી આપી હતી. આમાં ઔષધીય વૃક્ષો, ફળાઉ વૃક્ષો, વધારે ઓક્સિજન આપનાર વૃક્ષો, અને ફૂલ-ઝાડના વૃક્ષોનો સમાવેશ થાય છે. શ્રી સુખદેવભાઈએ વધુમાં જણાવ્યું કે, આ સ્થળ આજે જાણે વસંતઋતુ ખીલી ઉઠી હોય એવું રમણીય બની ગયું છે. ત્યાર બાદ, સર્વે મહાનુભાવો અને કર્મચારી

ગણે સાથે મળીને આ વનકવચમાં રોપેલા વૃક્ષોનું નીંદામણ કરવાનું શ્રમ કાર્ય હાથ ધર્યું હતું. અંતે, શ્રી કાશીરામભાઈ વાઘેલાએ વનકવચમાં રોપેલા વૃક્ષોનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાન્તિભાઈ મકવાણા, ટાટા મોટર્સના ટી. સી.એ. ડિપાર્ટમેન્ટના સી. એસ.આર. હેડ શ્રી સંપાદાસ ઘોસ

સહિત ફોરેસ્ટ વિભાગના કર્મચારીગણ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટનો સ્ટાફ હાજર રહ્યા હતા. શ્રી સુખદેવભાઈએ વધુમાં જણાવ્યું કે, આ સ્થળ આજે જાણે વસંતઋતુ ખીલી ઉઠી હોય એવું રમણીય બની ગયું છે. ત્યાર બાદ, સર્વે મહાનુભાવો અને કર્મચારી ગણે સાથે મળીને આ વનકવચમાં રોપેલા વૃક્ષોનું નીંદામણ કરવાનું શ્રમ કાર્ય હાથ ધર્યું હતું. અંતે, શ્રી કાશીરામભાઈ વાઘેલાએ વનકવચમાં રોપેલા વૃક્ષોનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાન્તિભાઈ મકવાણા, ટાટા મોટર્સના ટી. સી.એ. ડિપાર્ટમેન્ટના સી. એસ.આર. હેડ શ્રી સંપાદાસ ઘોસ સહિત ફોરેસ્ટ વિભાગના કર્મચારીગણ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટનો સ્ટાફ હાજર રહ્યા હતા.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કૃષિ સંગ્રહ અને ગોડાઉન યોજનાઓ પર વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ જિલ્લાના 60 ખેડૂતો તાલીમમાં ઉત્સાહભેર જોડાયાં**

**અમદાવાદ, તા. 09**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), આકૃયુ, અરણેજ અને કેન્દ્રીય ભંડાર વિકાસ અને વિનિયામક અધિનિયમ (WDRA), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રીકલ્ચર માર્કેટિંગ (NIAM), જયપુર, રાજસ્થાનના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે એક પુરસ્કૃત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. વિરેન્દ્ર પરમારે સ્વાગત પ્રવચન આપી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. તેમણે ખેડૂતોને આ પ્રકારના જ્ઞાનવર્ધક તાલીમ કાર્યક્રમોનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રીકલ્ચર માર્કેટિંગ (NIAM), જયપુર તરફથી ડૉ. રાહુલ સાંખલાએ ખેડૂત ભાઈ-બહેનોને અનાજના વૈજ્ઞાનિક સંગ્રહની પદ્ધતિઓ તેમજ અનાજના સંગ્રહ માટે ગોડાઉન સાથે સંકળાયેલી વિવિધ લાભકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, રાજસ્થાનથી શ્રી નીરજભાઈ ચૌહાણ ઓનલાઈન માધ્યમથી જોડાઈને ખેડૂત ભાઈ-બહેનોને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી અને કૃષિ ઉત્પાદનોના સંગ્રહ અંગે જ્ઞાન આપ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો ડૉ. નિતીન રાઠોડ, ડૉ. ભાસ્કર જેઠવા, ડૉ. નિતીન પટેલ અને ડૉ. હર્ષ દેસાઈ દ્વારા અલગ-અલગ કૃષિ ઉત્પાદનોના સુરક્ષિત અને લાંબાગાળાના સંગ્રહની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે માહિતી આપવામાં આવી હતી, જેથી ખેડૂતોને બજારમાં યોગ્ય ભાવ મળે ત્યાં સુધી પોતાનો પાક સાચવી શકે. આ તાલીમ કાર્યક્રમમાં FPO (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) સાથે સંકળાયેલા શ્રી દિલીપસિંહ અને શ્રી કાશીરામભાઈ વાઘેલા (મેનેજિંગ ડાયરેક્ટર, પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ) દ્વારા પણ ખેડૂતોને WDRA રજિસ્ટર્ડ ગોડાઉનનો લાભ લેવા અને તેના દ્વારા મળતી સુવિધાઓનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કર્યા હતા.

## ગોધરા શેઠ પી.ટી સાયન્સ આર્ટસ કોલેજની વિધાર્થીનીએ વધાર્યું ગૌરવ




**દેવગઢ બારીઆ, પ્રતિનિધિ દ્વારા, તા. 09**

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત મા યોજાયેલી ઓપન ગુજરાત રાજ્ય ટેકવેન્ડો ચેમ્પિયનશિપ - 2025 માં સેટ પી.ટી સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ મા અભ્યાસ કરતી દેવગઢ બારીયા ની વિદ્યાર્થીની દીવાન મિસ્બાહ કુતુબ શા weight under (62kg) મા (સિલ્વર મેડલ્સ) સાથે બીજું સ્થાન મેળવ્યું અને શ્રીજી શાળા દેવગઢબારિયામાં અભ્યાસ કરતી શેખ ઝેબ ઝુબેર under (45kg) બ્રોન્ઝ મેડલ સાથે ત્રીજો સ્થાન મેળવ્યું આ સિદ્ધિ સાથે હવે મિસ્બાહ અને ઝેબા નેશનલ લેવલની સ્પર્ધામાં પણ પોતાની કાબેલિયત નું પ્રદર્શન કરશે જે સમગ્ર વિસ્તારમાં ગૌરવની લાગણી પેદા કરે છે તથા આવનારા દિવસો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા એ પણ રમત રમે તેવી શાળા પરિવાર તથા મુસ્લિમ સમાજ તથા પરિવાર સદસ્યો એ શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા હતા.

## પૂર્વોત્તર રેલવેમાં નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

**અમદાવાદ, તા. 09**

પૂર્વોત્તર રેલવેના મઊ-પિપહરી ડીહ-દુલ્લહપુર સેક્શનમાં પેચ ડબલિંગ કમીશનીંગ અને મઊ-ખુરહટ પ્રી-નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :-

આંશિક રદ ટ્રેનો

16 ડિસેમ્બર 2025 ની ટ્રેન નં. 19489 સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ વારાણસી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે તથા વારાણસી-ગોરખપુર વચ્ચે આંશિક રદ રહેશે.

17 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 19490 ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ વારાણસી સ્ટેશનથી ઓરિજિનેટ (પ્રારંભ) થશે અને ગોરખપુર-વારાણસી સ્ટેશન વચ્ચે આંશિક રદ રહેશે.

રિશિડ્યુલ/રેગ્યુલેટ ટ્રેનો

17 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 19489 સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ અમદાવાદથી 4 કલાક મોડી પ્રસ્થાન કરશે.

9,10 અને 11 ડિસેમ્બર 2025 ની ટ્રેન નં. 19489 સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ માર્ગમાં 50 મિનિટ રેગ્યુલેટ (લેટ) થશે.

માર્ગ પરિવર્તિત ટ્રેન

15 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 09466 દરભંગા-અમદાવાદ સ્પેશિયલ નિર્ધારિત માર્ગ ફેફના-ઈંદારા-મઊ-શાહગંજને બદલે પરિવર્તિત માર્ગ વાયા ફેફના-ગાઝીપુર સિટી-ઔડિહાર-જૌનપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન શાહગંજ અને અયોધ્યા કેન્ટ સ્ટેશન પર જશે નહી.

**રેલ મદદ : Rail Madad પર મળેલી 2,825 ફરિયાદોનું તાત્કાલિક સમાધાન કરવામાં આવ્યું**

## અમદાવાદ મંડળ રેલવે સુરક્ષા બળના જૂન થી નવેમ્બર 2025 દરમિયાન નોંધપાત્ર કામ

**અમદાવાદ, તા. 09**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનનું રેલવે સુરક્ષા બળ (RPF) યાત્રીઓની સુરક્ષા, રેલવે સંપત્તિના રક્ષણ અને સ્ટેશનો પર સલામત વાતાવરણ જાળવવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કામ કરી રહ્યું છે. જૂન થી નવેમ્બર 2025 દરમિયાન, RPF એ ઘણી મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા વધુ અસરકારક અને મજબૂત બની. આ સમયગાળાના મુખ્ય કામ નીચે મુજબ છે :

1. રેલવે અધિનિયમ : અમદાવાદ ડિવિઝન દ્વારા રેલવે અધિનિયમની વિવિધ કલમો હેઠળ કુલ 14,211 કેસ નોંધવામાં આવ્યા હતા અને આ કાર્યવાહી દરમિયાન રૂ. 14,92,721નો દંડ વસૂલવામાં આવ્યો હતો. સ્ટેશનો અને ટ્રેનોમાં શિસ્ત અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ કાર્યવાહી ખૂબ જ મહત્વપૂર્ણ હતી.

2. ઑપરેશન નન્હે ફરિશ્તે : ઑપરેશન નન્હે ફરિશ્તે હેઠળ અમદાવાદ, સાબરમતી, મણિનગર, મહેસાણા અને અન્ય સ્ટેશનો પરથી 69 સગીર બાળકો અને 8 અસહાય પુરુષો/મહિલાઓને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને તેમના માતાપિતા, વાલીઓ, ચાઈલ્ડલાઈન અથવા પોલીસને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યા હતા. આ માનવતાથી જોડાયેલા આ કામે RPF ની સંવેદનશીલતા અને તત્પરતાને પ્રદર્શિત કરાવી.

3. ઑપરેશન અમાનત : ઑપરેશન અમાનત હેઠળ 211 બિનવારસી અથવા ખોવાયેલા સામાન, જેમની કુલ કિંમત રૂ. 62,98,194 હતી, RPF દ્વારા જપ્ત કરીને યાત્રીઓને પરત કરવામાં આવ્યા.

4. ઑપરેશન સતર્ક : ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવેલા ઑપરેશન સતર્કમાં અમદાવાદ, સાબરમતી અને કાંકરિયા યાર્ડમાં રૂ. 4,26,428 મૂલ્યના ગેરકાયદે દારૂના 47 કેસ નોંધવામાં આવ્યા અને 7 આરોપીઓને ધરપકડ કરીને GRP ને સોંપવામાં આવ્યા. અભિયાન રેલવે સંકુલોમાં સુરક્ષાને સુદ્રઢ બનાવવામાં અત્યંત પ્રભાવી સિદ્ધ થયું.

5. રેલ મદદ : Rail Madad પર મળેલી 2,825 ફરિયાદોનું તાત્કાલિક સમાધાન કરવામાં આવ્યું. આ ફરિયાદોનો સરેરાશ નિકાલ સમય ફક્ત 0.06 મિનિટનો હતો, જે RPFની કાર્યક્ષમતા અને ઝડપી સેવાનું ઉત્તમ ઉદાહરણ છે. પ્રાપ્ત થયેલા 973 પ્રતિસાદમાંથી, 898 યાત્રીઓએ ઉત્તમ અથવા સંતોષકારક રેટિંગ આપ્યું.

6. ઑપરેશન રેલ સુરક્ષા : રેલવે મિલકતોની સુરક્ષા માટે RP(UP) કાયદા હેઠળ એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં કુલ 22 કેસ નોંધવામાં આવ્યા હતા, જેમાંથી 21 કેસ સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા અને 46 બહારના લોકોની ધરપકડ કરવામાં આવી.

7. ઑપરેશન યાત્રી સુરક્ષા : યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, RPF એ ચોરી અને અન્ય ગુનાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરી. યાત્રીઓના સામાનની ચોરીના કિસ્સાઓમાં આઠ આરોપીઓ પકડવામાં આવ્યા અને તેમને GRPને સોંપવામાં આવ્યા. આ ઉપરાંત, BNS ની વિવિધ કલમો હેઠળ 36 આરોપીઓની પણ ધરપકડ કરીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

8. CCTV મારફતે સફળતા: અમદાવાદ સ્ટેશન પર CCTV સર્વેલન્સના અસરકારક ઉપયોગ દ્વારા ચોરીના 10 કેસ શોધી કાઢવામાં આવ્યા, જેનાથી ગુના નિયંત્રણમાં ટેકનોલોજીની ભૂમિકા વધુ મજબૂત થઈ.

9. ઑપરેશન સમય પાલન : ટ્રેનોની સમયપાલન ક્ષમતા (punctuality) ને સુધારવા માટે RPF એ એક અસરકારક ઝુંબેશ પણ શરૂ કરી. એલાર્મ ચેઈન પુલિંગ (ACP) ના 924 કેસ નોંધાયા, જેમાંથી 859 મામલાઓમાં રેલવે એક્ટની કલમ 141 હેઠળ કાર્યવાહી કરવામાં આવી.

**વિવિધ સોશિયલ મીડિયા માધ્યમોની મદદથી પરિવારજનોનો ઝડપી મેળાપ થયો**

# જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા મળી આવેલા મનો દિવ્યાંગ કિશોરનું પરિવાર સાથે પુન: મિલન કરાવાયું

**"મનો દિવ્યાંગ કિશોર પોતાની ઓળખ વિશે કંઈ કહી શકતો ન હતો, છતાં સોશિયલ મીડિયા એ ખૂબ જ ટૂંકા સમયમાં પરિવાર સુધી પહોંચવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે."**

**નડિયાદ, તા. 09**

નડિયાદ ખાતે જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા મળી આવેલા મનો દિવ્યાંગ કિશોરનું પરિવાર સાથે પુન: મિલન કરાવાયું એની વાત છે અને વાત છે ઈ-યુગમાં આંગળીના ટેરવે સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થતા હકારાત્મક પરિણામની..... જેને સંવેદનશીલ કર્મયોગીઓ બખુબી સાકાર કરે છે.ઓઢવ, અમદાવાદના સોલંકી શાંતાબેન ઉર્ફે ગંગાબેનનો મનો દિવ્યાંગ દીકરો, જે રોજ સવારે ઘરેથી નીકળીને સાંજે પરત આવવાની ટેવ ધરાવતો, તા. 3 ડિસેમ્બરના રોજ સવારે બહાર ગયેલો પરંતુ ઘરે નહિ પરત ફર્યો. શોધખોળ દરમ્યાન તે અજાણતાં વાહન દ્વારા વસો તાલુકાના દાવડા ચોકડી વિસ્તાર સુધી પહોંચી ગયો હોવાનું મળી આવ્યું. ત્યાં પહોંચ્યા બાદ રાહદારીઓએ ઘટનાની જાણ વસો પોલીસ સ્ટેશનને કરી હતી.



વસો પોલીસ દ્વારા વહીવટી કાર્યવાહી બાદ કિશોરને બાળ કલ્યાણ સમિતિ, નડિયાદ સમક્ષ રજૂ કર્યો અને બાદમાં તેને હિન્દુ અનાથ આશ્રમ સંસ્થા, નડિયાદ ખાતે તાત્કાલિક આશ્રય માટે મૂકવામાં આવ્યો. કિશોર મનો દિવ્યાંગ હોવાથી તે પોતાનાં પરિવાર અથવા વતન વિશે કોઈ માહિતી આપવામાં અસમર્થ રહ્યો. જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા વારંવાર કાઉન્સેલિંગ અને મુલાકાતો લેવામાં આવી, પરંતુ કિશોર ફક્ત પોતાની માતાનું જ નામ જણાવતો હતો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા કિશોરનું ફોટો સહિતનું માહિતીપત્ર તૈયાર કરીને વિવિધ સોશિયલ મીડિયા માધ્યમો પર પ્રસારીત કરવામાં આવ્યું. સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થતાં જ કિશોરના નજીકના સગા-સંબંધીઓ સુધી જાણકારી પહોંચી અને ઓઢવ, અમદાવાદમાંથી




પરિવારજનોએ જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા જાહેર કરાયેલા સંપર્ક નંબર પર સંપર્ક કર્યો. પરિવાર દ્વારા આપવામાં આવેલી માહિતીની સંતોષકારક તપાસ કર્યા બાદ, ગતરોજ કિશોરને તેની માતા અને ભાઈને સોંપવામાં આવ્યો." આ બાબતે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી મહેશ પટેલે જણાવ્યું હતું કે, "મનો દિવ્યાંગ કિશોર પોતાની ઓળખ વિશે કંઈ કહી શકતો ન હતો, છતાં સોશિયલ મીડિયા એ ખૂબ જ ટૂંકા સમયમાં પરિવાર સુધી પહોંચવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે." આમ આ કિસ્સો જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદની સફળ કામગીરી સાથ માનવતાનો ઉમદા દાખલો પૂરું પાડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા કિશોરનું ફોટો સહિતનું માહિતીપત્ર તૈયાર કરીને વિવિધ સોશિયલ મીડિયા માધ્યમો પર પ્રસારીત કરવામાં આવ્યું. સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થતાં જ કિશોરના નજીકના સગા-સંબંધીઓ સુધી જાણકારી પહોંચી અને ઓઢવ, અમદાવાદમાંથી પરિવારજનોએ જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા જાહેર કરાયેલા સંપર્ક નંબર પર સંપર્ક કર્યો. પરિવાર દ્વારા આપવામાં આવેલી માહિતીની સંતોષકારક તપાસ કર્યા બાદ, ગતરોજ કિશોરને તેની માતા અને ભાઈને સોંપવામાં આવ્યો." આ બાબતે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી મહેશ પટેલે જણાવ્યું હતું કે, "મનો દિવ્યાંગ કિશોર પોતાની ઓળખ વિશે કંઈ કહી શકતો ન હતો, છતાં સોશિયલ મીડિયા એ ખૂબ જ ટૂંકા સમયમાં પરિવાર સુધી પહોંચવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે." આમ આ કિસ્સો જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદની સફળ કામગીરી સાથ માનવતાનો ઉમદા દાખલો પૂરું પાડે છે.





## ભારતમાં 10 વર્ષથી ટી-20 સિરીઝ જીત્યું નથી આફ્રિકા

# શુભમન અને હાર્દિક વાપસી માટે તૈયાર; IND vs SAની પ્રથમ મેચ આજે કટકમાં

**મુંબઈ, તા. 09**

ભારતમાં સાઉથ આફ્રિકાએ છેલ્લી ટી-20 સિરીઝ 2015માં જીતી હતી. ત્યારબાદ પ્રોટીયાઝ (સાઉથ આફ્રિકા) અહીં ત્રણ વખત ટી-20 સિરીઝ રમવા આવ્યું, પરંતુ એક પણ વાર જીતી શક્યું નહીં. ઓવરઓલ સિરીઝ રેકોર્ડ પણ ભારતના પક્ષમાં છે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં 10 ટી-20 સિરીઝ રમાઈ, જેમાં ભારતે 5 અને સાઉથ આફ્રિકાએ 2 જીતી, જ્યારે 3 સિરીઝ ડ્રો રહી.આજે બંને ટીમો વચ્ચે પાંચ મેચની ટી-20 સિરીઝનો પ્રથમ મુકાબલો કટકના બારાબાતી સ્ટેડિયમમાં રમાશે. ભારત વનડે સિરીઝ 2-1થી જીતી ચૂક્યું છે અને ટી-20માં પણ જીત સાથે શરૂઆત કરવા માંગશે. જ્યારે સાઉથ આફ્રિકાએ ટેસ્ટ સિરીઝ 2-0થી જીતી હતી. 2018થી અત્યાર સુધી આફ્રિકી ટીમ ભારત સામે ન ભારતમાં કે ન પોતાના ઘરઆંગણે કોઈ ટી-20 સિરીઝ જીતી શકી છે. પ્રથમ ટી-20 સાંજે 7 વાગ્યે શરૂ થશે અને ટોસ 6:30 વાગ્યે થશે. આ મેચમાં વાઈસ-કેપ્ટન શુભમન ગિલ અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજા બાદ વાપસી કરશે. અત્યાર સુધી ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે 31 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે. આમાંથી ભારતે 18 મેચ જીતી, જ્યારે સાઉથ આફ્રિકાએ 12 વખત જીત મેળવી. એક મેચ અનિર્ણિત રહી. ભારતીય જમીન પર બંને ટીમો વચ્ચે 12 T20 મેચ રમાઈ. સાઉથ આફ્રિકા 6 મેચ જીતીને થોડું આગળ છે, જ્યારે ભારતે 5 મેચ જીતી. એક મેચનું પરિણામ આવ્યું ન હતું. અભિષેક શર્મા ટોપ સ્કોરર આ વર્ષે T-20 માં ભારત માટે અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા છે. તેમણે 17 મેચમાં 756 રન બનાવ્યા, તે પણ 196થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે. આ દરમિયાન તેમના બેટથી 1 સદી અને 5 ફિફ્ટી થઈ. તેઓ હાલમાં ભારતના નંબર-1 T-20 બેટર છે. બોલિંગમાં વરુણ ચક્રવર્તી ભારતના સૌથી ભરોસાપાત્ર ખેલાડી સાબિત થયા. તેમણે 16 મેચમાં 26 વિકેટ ઝડપી, જેમાં તેમનું બેસ્ટ પ્રદર્શન 5/24 રહ્યું. લગભગ 7ની ઈકોનોમીથી બોલિંગ કરતા તેમણે મિડલ ઓવર્સમાં સતત વિકેટો લીધી છે.ડેવાલ્ડ બ્રેવિસ SAના ટોપ બેટર સાઉથ આફ્રિકા માટે આ T20 સિરીઝમાં સૌથી વધુ ધ્યાન ડેવાલ્ડ બ્રેવિસ પર રહેશે. તેમણે આ વર્ષે 13 મેચમાં 395 રન બનાવ્યા છે, તેમણે 183.72ના શાનદાર સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી છે. આ દરમિયાન તેમના નામે એક સદી અને એક ફિફ્ટી પણ નોંધાયેલી છે. બ્રેવિસની ઝડપી બેટિંગ ભારત માટે મોટો પડકાર બની શકે છે. અભિષેક શર્મા ટોપ સ્કોરર આ વર્ષે T-20 માં ભારત માટે અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા છે. તેમણે 17 મેચમાં 756 રન બનાવ્યા, તે પણ 196થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે. આ દરમિયાન તેમના બેટથી 1 સદી અને 5 ફિફ્ટી થઈ. તેઓ હાલમાં ભારતના નંબર-1 T-20 બેટર છે. બોલિંગમાં વરુણ ચક્રવર્તી ભારતના સૌથી ભરોસાપાત્ર ખેલાડી સાબિત થયા. તેમણે 16 મેચમાં 26 વિકેટ ઝડપી, જેમાં તેમનું બેસ્ટ પ્રદર્શન 5/24 રહ્યું. લગભગ 7ની ઈકોનોમીથી બોલિંગ કરતા તેમણે મિડલ ઓવર્સમાં સતત વિકેટો લીધી છે.ડેવાલ્ડ બ્રેવિસ SAના ટોપ બેટર સાઉથ આફ્રિકા માટે આ T20 સિરીઝમાં સૌથી વધુ ધ્યાન ડેવાલ્ડ બ્રેવિસ પર રહેશે. તેમણે આ વર્ષે 13 મેચમાં 395 રન બનાવ્યા છે, તેમણે 183.72ના શાનદાર સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી છે. આ દરમિયાન તેમના નામે એક સદી અને એક ફિફ્ટી પણ નોંધાયેલી છે. બ્રેવિસની ઝડપી બેટિંગ ભારત માટે મોટો પડકાર બની શકે છે. બોલિંગમાં કોર્બિન બોશ સાઉથ આફ્રિકાના ટોપ બોલર છે. તેમણે 11 મેચમાં 17 વિકેટ ઝડપી છે. 4/14 તેમનો બેસ્ટ સ્પેલ રહ્યો છે, અને લગભગ 7.5ની ઈકોનોમી સાથે તેઓ મિડલ ઓવર્સમાં મહત્વપૂર્ણ બ્રેકથ્રુ અપાવવાની ક્ષમતા ધરાવે છે. પિચ રિપોર્ટ અને ટૉસ ફેક્ટર કટકના બારાબતી સ્ટેડિયમમાં લાલ માટીની પિચ હોય છે, જ્યાં સ્પિનર્સની સરખામણીમાં ઝડપી બોલરોને વધુ મદદ મળે છે. સાંજના સમયે ઝાકળ પડવાને કારણે બેટિંગ સરળ બની જાય છે, તેથી અહીં ટીમોનો ઝુકાવ લક્ષ્યનો પીછો કરવા તરફ રહે છે. આ મેદાન સામાન્ય રીતે હાઈ-સ્કોરિંગ માનવામાં આવતું નથી. અહીં ભારતનો સૌથી મોટો ટી-20 સ્કોર 180 રન છે, જે શ્રીલંકા સામે બન્યો હતો. બારાબતીમાં અત્યાર સુધી કુલ 3 ટી-20 મેચ રમાઈ છે, જેમાં ભારતને એકમાં જીત અને બેમાં હાર મળી છે. બંને વખત સાઉથ આફ્રિકાએ ભારતને હરાવ્યું હતું. આ મેદાન પર છેલ્લો ટી-20 મુકાબલો જૂન 2022માં રમાયો હતો, જેમાં આફ્રિકાએ ભારતને 4 વિકેટે હરાવ્યું હતું. ભારતને અહીં એકમાત્ર જીત 2017માં શ્રીલંકા સામે મળી હતી. વેધર અપડેટ કટકમાં મંગળવારે હવામાન સ્વચ્છ રહેવાની અપેક્ષા છે. તાપમાન રાત્રે ઘટીને લગભગ 12 ડિગ્રી સુધી જઈ શકે છે, જેનાથી ઠંડીની અસર જોવા મળશે. મેચ દરમિયાન ઝાકળ પણ એક મહત્વપૂર્ણ પરિબળ બની શકે છે. બંને ટીમોની સંભવિત પ્લેઈંગ-XI ભારત- સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ, અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જીતેશ શર્મા (વિકેટકીપર), વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ અને જસપ્રીત બુમરાહ. સાઉથ આફ્રિકા- એડન માર્કરમ (કેપ્ટન), ક્વિન્ટન ડીકોક (વિકેટકીપર), ડેવિડ મિલર, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવાલ્ડ બ્રેવિસ, ડોનોવન ફરેરા, જ્યોર્જ લિન્ડે, માર્કો યાનસન, કોર્બિન બોશ, એનરિક નોર્ત્યા અને ક્વેના મફાકા.

# કોહલી 2025માં ભારતનો ટોપ વનડે સ્કોરર: ટેસ્ટમાં શુભમન, ટી-20માં અભિષેકે સૌથી વધુ રન બનાવ્યા



**મુંબઈ, તા. 09**

ટીમ ઈન્ડિયાની 2025માં છેલ્લી ક્રિકેટ સિરીઝ આજથી શરૂ થવા જઈ રહી છે. ટેસ્ટ અને વનડે ફોર્મેટમાં સાઉથ આફ્રિકા સામે વર્ષની છેલ્લી સિરીઝ રમ્યા પછી ટીમ હવે આ જ ટીમ સામે ટી-20માં પણ છેલ્લી સિરીઝ રમશે. સિરીઝ 19 ડિસેમ્બર સુધી ચાલશે. 2025માં શુભમન ગિલે ભારત માટે સૌથી વધુ ઈન્ટરનેશનલ રન બનાવ્યા. જ્યારે વિરાટ કોહલી વનડેના ટોપ સ્કોરર રહ્યો. બોલરોમાં કુલદીપે ત્રણેય ફોર્મેટમાં દેશ માટે સૌથી વધુ વિકેટ લીધી. હવે ટી-20 સિરીઝમાં અભિષેક શર્મા અને વરુણ ચક્રવર્તી પાસે દેશના ટોપ પ્લેયર બનીને વર્ષ પૂરું કરવાની તક છે. ભારત માટે ટેસ્ટ અને ટી-20 ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વિરાટ કોહલીએ આ વર્ષે વનડેમાં સૌથી વધુ રન બનાવ્યા. સાઉથ આફ્રિકા સામેની છેલ્લી સિરીઝમાં તે પ્લેયર ઓફ ધ સિરીઝ પણ બન્યો. ભારતની ચેમ્પિયન્સ ટ્રોફી જીતમાં તેણે પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા સામે 2 મહત્વપૂર્ણ ઈનિંગ્સ પણ રમી. કોહલીએ બીજા નંબરે રહેલા રોહિત શર્મા કરતાં માત્ર 1 રન વધુ બનાવ્યો. સાઉથ આફ્રિકા સામેની છેલ્લી વનડેમાં રોહિતે 75 રન બનાવ્યા. જ્યારે કોહલીએ 65 રન બનાવીને તેમને પાછળ છોડી દીધા. વનડેમાં ઓવરઓલ ઈંગ્લેન્ડના જો રૂટે સૌથી વધુ 808 રન બનાવ્યા. કોહલી દુનિયામાં 8મા નંબરે રહ્યો. ટેસ્ટ ક્રિકેટમાં ભારતે આ વર્ષે 10 મેચ રમી. કેપ્ટન શુભમન ગિલ તેમાંથી 9નો જ ભાગ બની શક્યો. તેમાંથી પણ એકમાં ઈજાના કારણે તેઓ પૂરી બેટિંગ કરી શક્યો નહીં. 8 ટેસ્ટની 16 ઈનિંગ્સમાં જ તેમણે 70.21ની સરેરાશથી 983 રન બનાવ્યા. તેમાં તેમના નામે 5 સદી અને એક ફિફ્ટી સામેલ રહી. ઈંગ્લેન્ડમાં તો તેઓ પ્લેયર ઓફ ધ સિરીઝ પણ રહ્યો. ટેસ્ટમાં શુભમન પછી કેએલ રાહુલ, રવીન્દ્ર જાડેજા, યશસ્વી જયસ્વાલ અને ઋષભ પંત બાકીના ટોપ સ્કોરર રહ્યા. દુનિયાના ટોપ-5 સ્કોરરમાં 4 ભારતના જ છે. ઈંગ્લેન્ડના જો રૂટ 8 મેચમાં 732 રન બનાવીને પાંચમા નંબરે છે. તેમને 2 મેચ વધુ રમવાની છે, તે 251 રન બનાવીને ગિલને પાછળ છોડી શકે છે. ભારતે આ વર્ષે 17 ટી-20 ઈન્ટરનેશનલ રમ્યા, તે બધામાં અભિષેક શર્મા પ્લેઈંગ-11માં સામેલ રહ્યો. તેણે આમાં 196.36ના સ્ટ્રાઈક રેટથી 756 રન બનાવ્યા. તેનું પ્રદર્શન એટલું શાનદાર રહ્યું કે ટીમના બીજા સર્વશ્રેષ્ઠ સ્કોરર તિલક વર્મા તેમનાથી 376 રન દૂર રહ્યો. અભિષેકે આ વર્ષે 1 સદી સાથે 5 ફિફ્ટી પણ ફટકારી. તેઓ એશિયા કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ પસંદ થયો હતો. અભિષેક પાસે સાઉથ આફ્રિકા સામેની 5 ટી-20 મેચમાં 244 રન બનાવીને વર્ષમાં 1000 રન બનાવવાની તક છે. ભારત માટે અત્યાર સુધી સૂર્યકુમાર યાદવ જ એક વર્ષમાં 1000થી વધુ ટી-20 રન બનાવી શક્યો છે. તેણે 2022માં 1164 રન બનાવ્યા હતા. દુનિયામાં આવું અત્યાર સુધી માત્ર 5 ખેલાડીઓ જ કરી શક્યા છે. ટોપ-10 દેશોમાં આ વર્ષે બાંગ્લાદેશના તંજીદ હસન 775 અને પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાન 771 રન બનાવીને ટોપ-2 પોઝિશન પર છે. અભિષેક 20 રન બનાવીને બંનેને પાછળ ધકેલી શકે છે. ટેસ્ટ, વનડે અને ટી-20 ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમ માટે શુભમન ગિલે સૌથી વધુ રન બનાવ્યા. તેના નામે 32 મેચમાં 1732 રન રહ્યા. જેમાં 7 સદી અને 3 ફિફ્ટી સામેલ હતી.

## પંડ્યાની વાપસીથી ટીમ સંતુલિત થશે; કાલે સાઉથ આફ્રિકા સામે પ્રથમ T-20

# સૂર્યા બોલ્યો- હાર્દિક અને ગિલ સંપૂર્ણપણે ફિટ

## સાઉથ આફ્રિકા સામે પાંચ મેચની T-20 સિરીઝનો પ્રથમ મુકાબલો મંગળવારે કટકમાં રમાશે

**મુંબઈ, તા. 09**

ભારતના T-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવનું કહેવું છે કે હાર્દિક પંડ્યાની વાપસીથી ટીમને ફરીથી તે સંતુલન મળી ગયું છે જેની કમી અનુભવાઈ રહી હતી. હાર્દિક નવા બોલથી બોલિંગ કરે છે, જેનાથી ટીમ ઘણા પ્રકારના પ્લેઈંગ કોમ્બિનેશન સાથે મેદાનમાં ઉતારી શકે છે. હાર્દિક ઈજાને કારણે એશિયા કપની ફાઈનલ રમી શક્યા ન હતા, પરંતુ હવે તેઓ સંપૂર્ણપણે ફિટ છે અને શાનદાર લયમાં પાછા ફર્યા છે. તેમની હાજરીથી ભારત ત્રણ કે ચાર સ્પિનરો સાથે પણ સરળતાથી રમી શકે છે. સૂર્યકુમારે સ્વીકાર્યું કે ICC ટુર્નામેન્ટની મોટી મેચોમાં હાર્દિકનો અનુભવ ટીમ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેપ્ટને એમ પણ જણાવ્યું કે શુભમન ગિલ હવે સંપૂર્ણપણે ફિટ છે અને પ્રથમ મેચ માટે ઉપલબ્ધ રહેશે. સાઉથ આફ્રિકા સામે પાંચ મેચની T-20 સિરીઝનો પ્રથમ મુકાબલો મંગળવારે કટકમાં રમાશે.હાર્દિક અને ગિલની વાપસી કેપ્ટન સૂર્યકુમારે જણાવ્યું કે ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને વાઈસ-કેપ્ટન શુભમન ગિલ સંપૂર્ણપણે ફિટ છે અને પસંદગી માટે ઉપલબ્ધ છે. એશિયા કપ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા હાર્દિક હવે સંપૂર્ણપણે સ્વસ્થ છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પોતાની ફિટનેસ સાબિત કર્યા બાદ તેની વાપસી થઈ છે. સૂર્યાએ કહ્યું કે, જ્યારે હાર્દિક નવી બોલથી બોલિંગ કરે છે, ત્યારે અમને પ્લેઈંગ ઈલેવનમાં 3થી 4 સ્પિનરોને રમાડવાની છૂટ મળે છે. ગરદનમાં જકડાઈ જવાને કારણે ગિલ સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ અને વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયા હતા, પરંતુ હવે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ છે. હાર્દિક પંડ્યાએ સૈયદ મુશ્તાક અલીમાં બરોડા તરફથી રમતા અડધી સદી ફટકારી હતી. હાર્દિક પંડ્યાએ સૈયદ મુશ્તાક અલીમાં બરોડા તરફથી રમતા અડધી સદી ફટકારી હતી.




# બિગ બોસની ટ્રોફી હાર્યા બાદ ફરહાનાનો ગુસ્સો ફાટ્યો



**મુંબઈ, તા. 09**

'બિગ બોસ 19' ની આ સીઝન ડ્રામા, ઈમોશન અને જબરદસ્ત ગેમપ્લેનો સંગમ રહી. આ સિઝનમાં પોતાની સાદગી, ઈમાનદારી અને દમદાર અંદાજથી દર્શકોનું દિલ જીતનાર ફરહાના ભટ્ટે ફાઈનલ સુધીની સફર ખેડીને બીજું સ્થાન મેળવ્યું. ઘરની બહાર આવતા જ ફરહાનાએ પોતાના અનુભવો, સંબંધો અને શોના વિજેતા ગૌરવ વિશે ખુલીને વાત કરી. તેનું કહેવું છે કે તે ગૌરવમાં કોઈ વિનર ક્વોલિટી નથી અને જો દર્શકોએ તેને જીતાડ્યો ન હોત, તો કદાચ તે ક્યારેય આ ટ્રોફી પોતાના નામે કરી શક્યા ન હોત. 'બિગ બોસ'માંથી બહાર આવીને શું જલ્દી જ અમે તને 70 એમએમના મોટા પડદા પર ફરીથી જોવાના છીએ? ચોક્કસ, મારી તો હંમેશાથી એ જ ઈચ્છા રહી છે કે હું સારા લોકો અને સારી ટીમ સાથે કામ કરું. હાલમાં હું ઘરની બહાર આવી છું, માહોલ અને તકોને સમજી રહી છું. જોઈએ કે આગળ શું-શું ઓફર આવે છે અને કયું કામ મારા માટે યોગ્ય રહેશે. આશા છે કે જલ્દી જ દર્શકોને મારા નવા પ્રોજેક્ટ્સ જોવા મળશે.શું તમને એ વાતનો અફસોસ છે કે ટ્રોફીની આટલી નજીક પહોંચીને પણ તમે તેને જીતી શક્યા નહીં? ના, બિલકુલ નહીં. હું દુ:ખી નથી, પરંતુ ખૂબ ખુશ છું કે દર્શકોએ મને આટલો પ્રેમ આપ્યો. લોકો કહી રહ્યા હતા કે આ સિઝન મારા નામથી ઓળખાશે, આનાથી મોટું સન્માન બીજું શું હોઈ શકે? જીતવું મારા નસીબમાં જેટલું લખ્યું હતું, તેટલું મેં મેળવી લીધું છે. મારા માટે આ પ્રેમ જ સૌથી મોટી જીત છે. અચાનક તમે બિગ બોસ હાઉસમાં આટલાં 'શેરની' કેવી રીતે બની ગયાં? જ્યારે હું સિક્રેટ રૂમમાં ગઈ અને ત્યાંથી એક પછી એક બધાની અસલિયત દેખાવા લાગી કે કોણ મારી પીઠ પાછળ શું વાત કરે છે, ત્યારે મને ઘણું બધું સમજાયું. બસીર અમાલને હું મારી મિત્ર માનતી હતી, તેની સાથે પ્રેમ અને ઈજ્જતથી વાત કરતી હતી, પરંતુ તેણે મારા વિશે જે વાતો કહી, તેમાં કોઈ કસર છોડી નહીં. તે બધાએ મને વધુ મજબૂત બનાવી અને ત્યારે જ મેં નક્કી કરી લીધું કે હવે હું કોઈના પણ ખોટા વર્તનને જવાબ આપ્યા વિના છોડીશ નહીં. સામાન્ય રીતે છોકરીઓની મિત્રતા ઓછી જોવા મળે છે. શું તમારી અને નેહલની મિત્રતા બિગ બોસની બહાર પણ જોવા મળશે? નેહલ સાથે મારી બોન્ડિંગ સારી હતી, પરંતુ શો દરમિયાન અને હવે બહાર આવ્યા પછી કેટલીક વાતો સામે આવી છે જેના પર મને સ્પષ્ટતા જોઈએ છે. હું કોઈપણ સંબંધને ઉતાવળમાં આગળ વધારવા માંગતી નથી. જ્યારે બધી વાતો સ્પષ્ટ થશે.

# રિયા ચક્રવર્તી માં બનવા માગે છે

## એક્ટ્રેસે એગ્ઝ ફ્રી કરાવવા માટે ગાયનેકોલોજિસ્ટની સલાહ લીધી; કહ્યું,'બોડી ક્લોક કહે છે હવે બાળક પેદા કરો'



**મુંબઈ, તા. 09**

બોલિવૂડ એક્ટ્રેસ રિયા ચક્રવર્તી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના સ્પષ્ટ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ, તેણે એગ ફ્રીઝિંગનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તે આ માટે ડૉક્ટર પાસે પહોંચી હતી. તેણે મહિલાઓ પર લગ્ન અને બાળક કરવાના દબાણ વિશે પણ વાત કરી. બોલિવૂડ એક્ટ્રેસ અને પોડકાસ્ટર રિયા ચક્રવર્તીએ તેના પોડકાસ્ટ 'ચેપ્ટર 2' ના નવા એપિસોડમાં ખૂબ જ અંગત નિર્ણય શેર કર્યો છે. ગેસ્ટ હુમા કુરેશીની સામે, રિયાએ ખુલાસો કર્યો કે તે 33 વર્ષની ઉંમરે એગ ફ્રીઝિંગ કરાવવાનું વિચારી રહી છે અને આ માટે તેણે તાજેતરમાં જ ગાયનેકોલોજિસ્ટની સલાહ લીધી છે. રિયા ચક્રવર્તીએ પોડકાસ્ટમાં હુમા કુરેશી સાથેની વાતચીતમાં તેના મનની વાત કરી અને સાથે જ કરિયર અને બાળક પેદા કરવાના દબાણ વિશે વાત કરી. આ વાતચીતમાં તેણે કહ્યું, 'હું 33 વર્ષની છું અને તાજેતરમાં જ એગ ફ્રીઝિંગ માટે ગાયનેકોલોજિસ્ટ પાસે ગઈ હતી. હું તેના વિશે વિચારી રહી છું.' તેણે આગળ જણાવ્યું કે આ નિર્ણય કેટલો મુશ્કેલ છે, 'આ એક ખૂબ જ વિચિત્ર જગ્યા છે. તમારું બોડી ક્લોક કહે છે કે હવે બાળકો પેદા કરો, પરંતુ તમારું મન કહે છે કે તમારું બાળક તો પહેલાથી જ છે. તમારી બ્રાન્ડ, તમારો બિઝનેસ છે, પહેલા તેને ઉછેરો.' રિયાએ સ્પષ્ટ કહ્યું કે એગ ફ્રીઝિંગ કોઈ રોમેન્ટિક નિર્ણય નથી. 'એગ ફ્રીઝિંગ ત્રાસદાયક છે... ખૂબ પીડાદાયક છે.

# વી. શાંતારામની બાયોપિકમાંથી તમન્ના ભાટિયાનો લુક રિવીલ

## ગુજરાતી થિયેટરથી કરિયર શરૂ કરનાર એક્ટ્રેસ અને વી. શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવશે

**મુંબઈ, તા. 09**

ફિલ્મમેકર વી. શાંતારામના જીવન પર બની રહેલી બાયોગ્રાફિકલ ફિલ્મ 'વી. શાંતારામ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મમાં 'ગલી બોય' ફેમ સિદ્ધાંત ચતુર્વેદી શાંતારામનું પાત્ર ભજવી રહ્યા છે. શાંતારામ ભારતીય સિનેમાના જાણીતા ફિલ્મમેકર, સમાજ સુધારક અને કલાકાર હતા. ફિલ્મમાં શાંતારામના પત્નીનું પાત્ર ભજવનાર એક્ટ્રેસ તમન્ના ભાટિયાનો પહેલો લુક રિવીલ થયો છે. આ ફિલ્મમાં એક્ટ્રેસ તમન્ના ભાટિયા, શાંતારામના પત્ની અને જાણીતા એક્ટ્રેસ જયશ્રીના પાત્રમાં જોવા મળશે. મંગળવારે ફિલ્મ સાથે જોડાયેલું નવું પોસ્ટર સામે આવ્યું છે, જેમાં તમન્ના ગુલાબી નવ્વારી સાડીમાં



દેખાઈ રહી છે. તેનો લુક જૂના જમાનાની યાદ અપાવે છે. તમન્ના શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવી રહી છે, જેમણે ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી. તમન્ના શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવી રહી છે, જેમણે ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી. જયશ્રીએ ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી, જયશ્રી ભારતીય સિનેમાના જાણીતા એક્ટ્રેસ અને સિંગર હતાં. તેમણે ગુજરાતી થિયેટરથી કારકિર્દી શરૂ કરી અને બાદમાં ફિલ્મોમાં આવ્યાં. જયશ્રીએ વી. શાંતારામ દ્વારા નિર્દેશિત ફિલ્મો જેવી કે, 'શકુંતલા', 'ડો. કોટનીસ કી અમર કહાની', 'દહેજ' અને 'પરછાઈયાં'માં કામ કર્યું હતું. જયશ્રીએ 1941માં વી. શાંતારામ સાથે લગ્ન કર્યા અને 1956માં તેમના છૂટાછેડા થઈ ગયા. જયશ્રીએ 1941માં વી. શાંતારામ સાથે લગ્ન કર્યા અને 1956માં તેમના છૂટાછેડા થઈ ગયા. 'આ પાત્ર ભજવવું મારા માટે મોટી જવાબદારી': તમન્ના તમન્ના ભાટિયાએ પોતાના પાત્ર વિશે વાત કરતા કહ્યું, 'આ પાત્ર ભજવવું એક મોટી જવાબદારી છે. જયશ્રી એ સમયનો ભાગ હતાં, જે ભારતીય સિનેમા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતો. તેમણે પોતાના કામમાં જેટલી શાલીનતા અને ગરિમા દર્શાવી, તે પ્રેરણાદાયક છે. વી. શાંતારામની દુનિયાને સમજવી મારા માટે એક ખાસ અનુભવ રહ્યો.'

# 'વોર્નરબ્રધર્સડિસ્કવરી'ખરીદવાનેટફ્લિક્સની ₹6490 અબજની ઓફર, ટ્રમ્પને પડ્યો વાંધો...



**વોશિંગ્ટન, તા.09**

મનોરંજન ઉદ્યોગમાં હાલમાં એક ઐતિહાસિક સોદો થઈ રહ્યો છે. વિશ્વની અગ્રણી સ્ટ્રીમિંગ સેવા 'નેટફ્લિક્સ' દ્વારા પારંપરિક મીડિયા જગતની દિગ્ગજ કંપની 'વોર્નર બ્રધર્સ ડિસ્કવરી'ને 72 અબજ ડોલર (લગભગ 6490 અબજ રૂપિયા)માં ખરીદવા માટેનો કરાર કરાયો છે. આ સોદો ફિલ્મ અને સ્ટ્રીમિંગ ઉદ્યોગનો ઈતિહાસ બદલી શકે એવો છે, પરંતુ તેની સાથે જ વિવાદ અને નિયમનકારી ચિંતાઓ પણ સામે આવી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ 'આ સોદો સમસ્યા બની શકે છે' એવી ચેતવણી આપી છે. ચાલો, એનું કારણ સમજીએ.

આ સોદા અંતર્ગત વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના 'ફિલ્મ સ્ટુડિયો', તેના મૂલ્યવાન 'આઈપી' (બૌદ્ધિક સંપદા) અને તેના પ્રખ્યાત સ્ટ્રીમિંગ નેટવર્ક 'HBO' અને 'Max' નેટફ્લિક્સની માલિકીના થઈ જશે. આનો અર્થ એ થશે કે 'હેરી પોટર', 'ગેમ ઓફ થ્રોન્સ', 'લૂની ટ્યુન્સ', 'ધ મેટ્રિક્સ', 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ' જેવી વિશ્વ-વિખ્યાત ફ્રેન્ચાઈઝી અને એના ચરિત્રો હવે નેટફ્લિક્સના પ્લેટફોર્મ પર પહોંચી શકશે. આ કરારનો મુખ્ય હેતુ સ્ટ્રીમિંગ યુગમાં ગ્રાહકોને એક જ સ્થાને વિવિધતાભર્યું મનોરંજન આપવાનો છે.

રવિવારે વોશિંગ્ટન ડી.સી. ખાતે એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સોદા પ્રત્યે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, મનોરંજન જગતમાં નેટફ્લિક્સ પહેલેથી જ 'મોટો બજાર હિસ્સો' ધરાવે છે અને વોર્નર બ્રધર્સ સાથે થવા જઈ રહેલા મર્જરને લીધે તે વધુ મોટી 'જાયન્ટ' બની જશે, જે 'સમસ્યા બની શકે એમ છે'. આવા મોટા સોદાને લીધે કોઈપણ ઉદ્યોગમાં મોનોપોલી સર્જાતી હોય છે, જે સારી વાત નથી. આ સોદાને મંજૂરી આપવી કે નકારવો એના નિર્ણયમાં હું વ્યક્તિગત રીતે સામેલ થઈશ.

ટ્રમ્પ ભલે અમેરિકાના રાષ્ટ્રપતિ હોય, પણ તેઓ સ્વેચ્છાએ આ સોદાને સીધી રીતે અટકાવી શકે એવો કાયદેસર અધિકાર તેમને નથી. અલબત્ત, તેઓ આ સોદા માટેની કાનૂની પ્રક્રિયાને અસર કરી શકવા સક્ષમ છે. કઈ રીતે?

આ સોદાને મંજૂરી આપવી કે નહિ તે અમેરિકાના ન્યાય વિભાગ (DOJ - ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ) અને ક્યારેક FTC (ફેડરલ ટ્રેડ કમિશન) દ્વારા થતી 'એન્ટીટ્રસ્ટ સમીક્ષા'થી નક્કી થાય છે. એન્ટીટ્રસ્ટ સમીક્ષા એટલે બજારમાં મોનોપોલી (એકહથ્થું વર્ચસ્વ) અટકાવવા અને કંપનીઓ વચ્ચે ન્યાયસંગત સ્પર્ધા જાળવવાનો કાયદો.

રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પ એન્ટીટ્રસ્ટના અમલીકરણને કડક બનાવવા, અધિકારીઓની નિયુક્તિમાં ફેરફાર કરવા અને સમીક્ષા પર રાજકીય દબાણ વધારવા માટે સક્ષમ છે. એટલે તેઓ સોદા માટે સીધી નહીં, પણ આડકતરી રીતે મોટી અડચણો ઊભી કરી શકે છે. જેમ કે, લાંબી તપાસ, કાનૂની પડકાર.

જો એમ સાબિત થાય કે આ મર્જરથી ગ્રાહકોને નુકસાન થઈ શકે એમ છે તો આ સોદો અટકાવી શકાય છે અથવા એમાં મોટા ફેરફારો (જેમ કે, શરતો સાથેની મંજૂરી) કરવાની માંગ કરવામાં આવી શકે છે.

અમેરિકન લેખકોના સંગઠન 'યુનિયન રાઈટર્સ ગિલ્ડ ઓફ અમેરિકા' જેવા અમુક સંગઠનો પહેલેથી જ આ સોદાનો વિરોધ કરી રહ્યાં છે. તેમણે એવો ડર વ્યક્ત કર્યો છે કે, આ મર્જરથી નોકરીઓ ખતમ થશે, કર્મચારીઓના વેતન પર દબાણ ઊભું થશે, ગ્રાહકો માટે સબ્સ્ક્રિપ્શન ફી વધશે અને સામગ્રીની વિવિધતા ઘટશે.

મર્જરની લહેર ઉઠશે : આ મર્જરથી નેટફ્લિક્સનું કદ બેહિસાબ બધી જશે. એનું જોઈને Disney+, Amazon Prime Video, Paramount+ અને Apple TV+ જેવા એના સ્પર્ધકો પણ વધુ મજબૂત બનવા માટે નવા નવા મર્જર કરવા પ્રેરાય એવું બની શકે છે.

સામગ્રીનું વિકેન્દ્રીકરણ : આ સોદો અન્ય સ્ટુડિયો અને સ્વતંત્ર નિર્માતાઓને તેમની સામગ્રી માટે વધુ સ્પર્ધાત્મક બોલી મૂકવા અથવા નવા પ્લેટફોર્મ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરી શકે છે, જેથી મનોરંજન સામગ્રીનું વિકેન્દ્રીકરણ પણ થઈ શકે એમ છે.

ગ્રાહકો અને કર્મચારીઓ પર અસર : ટૂંકા ગાળામાં, ગ્રાહકોને એક જ સ્થાને વધુ સામગ્રી મળવાનો ફાયદો થઈ શકે છે. પરંતુ લાંબા ગાળામાં, સ્પર્ધા ઘટવાથી ફી વધારો અને નવીનતા ઘટવાના જોખમો સર્જાઈ શકે એમ છે. કર્મચારીઓની નોકરીની સુરક્ષા અને સરેરાશ વેતન પર દબાણ પડી શકે છે.

નવીન ટેકનોલોજી અને પારંપરિક મીડિયાના સંગમનું પ્રતીક એવો નેટફ્લિક્સ-વોર્નર બ્રધર્સ વચ્ચેનો આ સોદો સમગ્ર મનોરંજન ઉદ્યોગના ભવિષ્ય પર નિર્ણાયક અસર પાડશે. નિયમનકારીઓ, રાજકારણીઓ અને ઉદ્યોગ જગતના હિતધારકોએ સ્વસ્થ સ્પર્ધા, મનોરંજન સામગ્રીમાં વિવિધતાની ઉપલબ્ધતા અને ગ્રાહકોના હિતો જેવા મુદ્દાઓને આધારે આગળ વધવું પડશે.

# ચાંદી 2034 અને સોનું ₹848 સસ્તું થયું : 10 ગ્રામ સોનાનો ભાવ ₹ ₹1.28 લાખ અને ચાંદીનો ભાવ ₹ ₹1.77 લાખ પ્રતિ કિલો થયો



**નવી દિલ્હી, તા.09**

સોના-ચાંદીના ભાવમાં આજે ઘટાડો જોવા મળી રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ સોનું 848 રૂપિયા ઘટીને 1,27,409 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા સોનું 1,28,257 રૂપિયાનું હતું.

જ્યારે ચાંદીના ભાવમાં પણ આજે ઘટાડો છે. 1 કિલો ચાંદીનો ભાવ 2,034 રૂપિયા ઘટીને 1,77,054 રૂપિયા પર આવી ગયો છે. એક દિવસ પહેલા (સોમવારે) ચાંદીએ 1,79,088 રૂપિયા પ્રતિ કિલોગ્રામની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.

જ્યારે સોનાએ 17 ઓક્ટોબરે 1,30,874 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. ગત કારોબારી સપ્તાહમાં સોનું 2,001 રૂપિયા અને ચાંદી 13,851 રૂપિયા મોંઘી થઈ હતી.

IBJA ની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ હોતું નથી, તેથી અલગ-અલગ શહેરોના રેટ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

1. કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડવા માગે છે. તેથી તેઓ પોતાના ખજાનામાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

અસર: જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે ત્યારે બજારમાં સોનાની માંગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

2. ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો પૈસા સોનામાં લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા રિટર્ન પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માંગ વધી ગઈ છે.

અસર: સોનાની માંગમાં તેજી અને ગોલ્ડ ETFમાં વધતા રોકાણથી કિંમતો વધી જાય છે.

3. લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે નષ્ટ થતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. આનાથી ગોલ્ડને સપોર્ટ મળી રહ્યો છે. આનાથી ગોલ્ડની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી 1 લાખ 85 હજાર રૂપિયા પ્રતિ કિલો સુધી જઈ શકે છે.

# ઈન્ડિગોના શેરમાં સતત પીછેહઠ થતા રોકાણકારોના ₹45,000 કરોડનું ધોવાણ

## વિવિધ બ્રોકરેજ પેઢીઓએ શેરોના ટારગેટ ભાવ ઘટાડયા, સરકાર અને એજન્સીઓની તપાસની લટકતી તલવાર



**અમદાવાદ, તા.09**

ભારતીય એવિયેશન સેક્ટરની સૌથી મોટી કટોકટીમાંની એક ઈન્ડિગોના ઓપરેશનમાં થયેલ ભારે ઉથલપાથાલને કારણે માત્ર હવાઈ મુસાફરોને જ નહિ પરંતુ આ કંપનીમાં રોકાણ ધરાવતા ઈન્વેસ્ટરોને પણ ભારે ફટકો પડયો છે. છેલ્લા સાત ટ્રેડિંગ સેશનથી દેશની સૌથી મોટી એરલાઈન્સ ઈન્ડિગોના શેરમાં ઘટાડાનો સિલસિલો યથાવત છે. જેના કારણે રોકાણકારોના રૂ.૪૫,૦૦૦ કરોડનું ધોવાણ થવા પામ્યું છે.

એવિયેશન રેગ્યુલેટર ડીજીસીએ તરફથી શો કોઝ નોટિસ અને અન્ય ખાતાકીય તપાસની સાથે રેટિંગ એજન્સીઓના ડાઉનગ્રેડના ભયના કારણે આજે નવા સપ્તાહના પ્રથમ સત્રમાં પણ ઈન્ડિગોને ઓપરેટ કરતી કંપની ઈન્ટરગ્લોબ એવિયેશનના શેરમાં વધુ ૮.૨૮ ટકાનો કડાકો જોવા મળ્યો છે. એક સપ્તાહ અગાઉ ૬૦૦૦ રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહેલ શેરભાવ આજે રૂ. ૪૮૪૨.૨૦ સુધી ઘટયો છે. ભારતના એવિયેશન માર્કેટમાં ૬૬ ટકા બજાર હિસ્સા સાથે એકહથ્થુ શાસન ધરાવતી ઈન્ટરગ્લોબ એવિયેશનની માર્કેટ કેપ. હવે ઘટીને રૂ. ૧ લાખ ૯૦ હજાર કરોડ થઈ છે. સાત દિવસમાં શેરમાં આવેલા કડાકાને કારણે રોકાણકારોના રૂ. ૪૫,૦૦૦ કરોડ ધોવાઈ ગયા છે. ગત સપ્તાહના અંતે રેગ્યુલેટર ડીજીસીએએ એરલાઈનની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે કારણદર્શક નોટિસ જારી કરી છે. તપાસનો ગાળિયો કસાશે તો એરલાઈનના કોમ્પલાયન્સ ખર્ચમાં વધારો થઈ શકે છે. આ સિવાય સરકાર વિરોધનો વંટોળ જોતા એરલાઈન પર કામચલાઉ સંચાલન પ્રતિબંધો પણ આગામી સપ્તાહ સુધીમાં લાદી શકે છે, જેણે રોકાણકારોની ચિંતા વધારતા શેરભાવમાં કડાકો આવ્યો છે. સરકાર તરફથી સિવિલ એવિયેશન વિભાગે પણ તપાસના અનેક દોર શરૂ કર્યા છે. ઘણી બ્રોકરેજ કંપનીઓએ શેરોના ભાવનો ટારગેટ તાજેતરમાં ઘટાડી દેતાં તેની ઈમ્પેક્ટ પણ શેરબજાર પર પડી હતી. એક બ્રોકરેજ પેઢીએ શેરના ભાવનો ટારગેટ ઘટાડી રૂ.૪૦૪૦નો મૂક્યો છે.

# કોરોના રેમેડીઝનો IPO કાલે બંધ થશે : ઈશ્યૂમાંથી ₹655 કરોડ એકત્ર કરશે, ₹5 લાખનું સ્ટાર્ટઅપ ટોચની 30 ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીમાં સામેલ....




**નવી દિલ્હી, તા.09**

ડિસેમ્બરમાં એક બાદ એક નવા IPO આવી રહ્યાં છે. જેમાં અમદાવાદની ફાર્મા કંપની કોરોના રેમેડીઝ લિમિટેડનો 655 કરોડનો ઈનિશિયલ પબ્લિક ઓફર એટલે કે IPO પબ્લિક સબસ્ક્રિપ્શન માટે આવતી કાલ એટલે કે 10 ડિસેમ્બરે બંધ થશે જ્યારે તેનું લિસ્ટીંગ 15 ડિસેમ્બરના રોજ થશે. કોરોના રેમેડીઝ લિમિટેડના IPOનું સબસ્ક્રિપ્શન 8 ડિસેમ્બરથી 10 ડિસેમ્બર દરમિયાન 1008 થી રૂપિયા 1062 પ્રતિ શેરના પ્રાઈસ બેન્ડ સાથે ખુલ્લું રહેશે.

કોરોના રેમેડીઝ લિમિટેડ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને CEO નીરવ મહેતાએ કંપનીની 5 લાખના સ્ટાર્ટ-અપથી રોકડ-ઉત્પાદક, ભારત-કેન્દ્રિત વ્યવસાય સુધીની સફરનો ટ્રેક કર્યો, જે હવે વૈશ્વિક બજારમાં પ્રવેશવા માટે તૈયાર છે. આ બાબતે દિવ્ય ભાસ્કરે નીરવ મહેતા સાથે વાતચીત પણ કરી હતી.

નીરવ મહેતાએ કંપનીના નામ વિશે દિવ્ય ભાસ્કરને જણાવતા કહ્યું કે, કંપનીનું નામ સૂર્યના કોરોનાથી પ્રેરિત છે, જે સૂર્યના વાતાવરણનો સૌથી બહારનો ભાગ છે. અમે સૂર્યના આધારે નામ પસંદ કરવા માંગતા હતા, પરંતુ આ નામની એક કંપની પહેલાથી જ અસ્તિત્વમાં હતી. તેથી અમે કોરોના નામને અંતિમ સ્વરૂપ આપ્યું. અમે 6 ડિસેમ્બર, 2004 ના રોજ માત્ર 5 લાખની મૂડી સાથે કોરોના રેમેડીઝ શરૂ કરી. આંતરિક ઉપાર્જન દ્વારા અમે વૃદ્ધિ કરવાનું શરૂ કર્યું અને 2013 માં અમે 100 કરોડની આવકને પાર કરી. 2016 માં જ્યારે આવક 200 કરોડને સ્પર્શી ગઈ, ત્યારે એક ખાનગી ઈક્વિટી ફર્મ ક્રિએડોરે કંપનીમાં 19.5 ટકા લઘુમતી હિસ્સો લીધો અને 100 કરોડનું રોકાણ કર્યું. ત્યારથી અમે પાછળ વળીને ક્યારેય જોયું નથી.

હવે, જ્યારે કંપની 10.9 ટકા OFS માટે જઈ રહી છે, ત્યારે ક્રાયસકેપિટલ 6.59 ટકા હિસ્સો વેચશે, જ્યારે 3.5 ટકા હિસ્સો પ્રમોટર્સ દ્વારા વેચવામાં આવી રહ્યો છે. આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે કોરોના વૃદ્ધિ દરની વાત કરીએ તો ટોચની 30 ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં સામેલ છે, અને મહિલા આરોગ્યસંભાળ, યુરોલોજી, પીડા વ્યવસ્થાપન અને કાર્ડિયો-ડાયાબિટીસ સેગમેન્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

કંપનીનો 100 ટકા વ્યવસાય પ્રિસ્ક્રિપ્શન આધારિત અમારો સ્થાનિક વ્યવસાય 100 ટકા પ્રિસ્ક્રિપ્શન આધારિત છે, જ્યારે અમારી આવકનો 3.5 ટકા નિકાસમાંથી આવે છે. કંપની પાસે અમદાવાદ અને હિમાચલ પ્રદેશના સોલનમાં ત્રણ ઉત્પાદન પ્લાન્ટ અને બે સંશોધન અને વિકાસ કેન્દ્રો છે. કંપની દેવામુક્ત કંપની છે અને રોકડ ઉત્પન્ન કરી રહી છે, અને તેથી અમે કોઈ નવી મૂડી એકત્ર કરી રહ્યા નથી. અમે કંપનીને દૃશ્યતા પ્રદાન કરવા માંગતા હતા અને IPO માટે જવાનું નક્કી કર્યું. કંપની શરૂ કરવા સુધીની નીરવ મહેતાની વ્યક્તિગત યાત્રા આવી રહી તેમણે બી ફાર્મ અને એમબીએ પૂર્ણ કર્યું હતું. જે બાદ તેઓ વિદેશ જવા માંગતા હતા. જો કે માતાએ વિદેશમાં જવાની સંમતિ ન આપતા તેમણે પોતાની કંપનીની સ્થાપના કરતા પહેલાં ચાર વર્ષ સુધી વિવિધ ફાર્માસ્યુટિકલ કંપનીઓ સાથે કામ કર્યું. શરૂઆતના વર્ષોમાં, ઉત્સાહ વધારે હતો પરંતુ સમજ ઓછી હતી. જ્યારે તેમના નાના ભાઈ અંકુર થોડા મહિના પછી જોડાયા જે બાદ તેમણે એક ટીમ બનાવવાનો અને આંતરિક ઉપાર્જનમાંથી મળેલા નાણાંનો ઉપયોગ કંપનીમાં પાછા રોકાણ કરવા માટે કરવાનો પ્રયાસ કર્યો. તે સમયે બેંક લોન ઉપલબ્ધ નહોતી અને તેથી તેમણે તેમના ઘર સહિતની વસ્તુઓ ગીરવે મૂકવી પડી.

# સેન્સેક્સ 436 પોઈન્ટ ઘટીને 84,666 પર બંધ:નિફ્ટી પણ 121 પોઈન્ટ ગગડ્યો, IT સેક્ટરના શેરોમાં સૌથી વધુ ઘટાડો

**મુંબઈ, તા.09**

શેરબજારમાં સતત બીજા દિવસે ઘટાડો ચાલુ રહ્યો. 9 ડિસેમ્બર, મંગળવાર, અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 436 પોઈન્ટ ઘટીને 84,666 પર બંધ થયો. નિફ્ટી પણ 121 પોઈન્ટ ઘટીને 25,840 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 22 ઘટ્યા અને 8માં તેજી રહી. એશિયન પેઈન્ટ્સમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, જેમાં 4% ઘટાડો થયો. આઈટી સેક્ટરમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, જેમાં 1.19% ઘટાડો થયો.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 0.31% વધીને 50,739.51 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે કોરિયાનો કોસ્પી 0.64% ઘટીને 4,128.41 પર ટ્રેડ થઈ રહ્યો હતો.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.84% ઘટીને 25,549.94 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.13% ઘટીને 3,918.83 પર કારોબાર કરી રહ્યો છે.

8 ડિસેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.45% ઘટીને 47,739.32 પર બંધ થયો, જ્યારે નાસ્ડેક



કમ્પોઝિટ 0.14% અને S&P 500 0.35% ઘટીને બંધ થયો.

8 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 779.94 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 2,459.60 કરોડની ખરીદી કરી.

ડિસેમ્બરના પ્રથમ 6 કારોબારી દિવસોમાં FIIs એ કુલ 10,982 કરોડના શેર વેચ્યા છે. આ દરમિયાન બજારને ટેકો આપનાર DIIsએ 21,908 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIsએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

8 ડિસેમ્બરે પણ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 610 પોઈન્ટ (0.71%) ઘટીને 85,103 પર બંધ થયો. નિફ્ટી પણ 226 પોઈન્ટ (0.86%) ઘટીને 25,961ના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સના 30માંથી 27 શેર ઘટીને બંધ થયા. BEL, ટ્રેન્ટ અને ઝોમેટોના શેરમાં સૌથી વધુ 5%નો ઘટાડો જોવા મળ્યો. કુલ 19 શેરમાં 1%-5% સુધીનો ઘટાડો રહ્યો.

નિફ્ટીના 50માંથી 47 શેર નીચે બંધ થયા. NSEનો રિયલ્ટી સેક્ટર સૌથી વધુ 3.53% ઘટ્યો. જ્યારે, મીડિયા, PSU બેંક અને હેલ્થકેર શેરોમાં 3% સુધીનો ઘટાડો રહ્યો હતો.

# અત્યાર સુધીમાં 6,000થી વધુ સ્ટાર્ટઅપ બંધ થયા....

**અમદાવાદ, તા.09**

સરકારે રાજ્યસભાને જણાવ્યું કે અત્યાર સુધીમાં ૬,૦૦૦ થી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૨૦૦ સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. કર્ણાટકમાં ૮૪૫, જ્યારે દિલ્હીમાં ૭૩૭ બંધ થયા છે. વધુમાં, ઉત્તર પ્રદેશમાં ૫૯૮ બંધ થયા છે, તેલંગાણામાં ૩૬૮ અને ગુજરાતમાં ૩૪૮ સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. દક્ષિણ અને પશ્ચિમી રાજ્યોમાં મળીને મોટાભાગે સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. તમિલનાડુમાં ૩૩૮, હરિયાણામાં ૩૦૬, કેરળમાં ૨૪૧ અને રાજસ્થાનમાં ૨૧૧ સ્ટાર્ટઅપ બંધ થયા. આ અહેવાલમાં ઉમેરાયું છે કે નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ટાર્ટઅપ બંધ થવાની સંખ્યા ઓછી છે, જેમાં મિઝોરમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ત્રણ-ત્રણ બંધ થયા છે. સરકારે જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ બંધ થવાના કારણો અનેક વ્યવસાયિક પરિબળોથી પ્રભાવિત છે, જેમાં બિઝનેસ મોડેલની કાર્યક્ષમતા, બજારની માંગ સાથે સંરેખણ, સ્થાનિક અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓ, ઉત્પાદનો અને સેવાઓની પ્રકૃતિ અને ભંડોળ એકત્ર કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

# અનિલ અંબાણીના પુત્ર સામે CBI એક્શન : ₹228 કરોડની છેતરપિંડીના કેસમાં FIR દાખલ

**મુંબઈ, તા.09**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને (CBI) બિઝનેસમેન અનિલ અંબાણીના પુત્ર જય અનમોલ અંબાણી સામે કથિત છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. આ કેસ યુનિયન બૅન્ક ઑફ ઈન્ડિયા સાથે 228.06 કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી સાથે સંબંધિત છે. અહેવાલો અનુસાર, બૅન્ક દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે જય અનમોલ અંબાણીએ તેમની એક ગ્રૂપ કંપની દ્વારા બૅન્ક પાસેથી લોન લીધી હતી અને ત્યારબાદ લોન ચૂકવવામાં નિષ્ફળ ગયા હતા, જેના કારણે બૅન્કને ભારે નાણાકીય નુકસાન થયું હતું. CBI હવે આ મામલાની વધુ તપાસ કરી રહી છે, જેમાં ફંડના ઉપયોગ અને કથિત નાણાકીય અનિયમિતતાઓની તપાસનો સમાવેશ થશે.

બૅન્કની ફરિયાદ અનુસાર, RHFLએ તેની વ્યવસાયિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મુંબઈમાં બૅન્કની SCF શાખા પાસેથી 450 કરોડ રૂપિયાની ક્રેડિટ લિમિટ લીધી હતી. ક્રેડિટ સુવિધા આપતી વખતે, બૅન્કે RHFL પર ઘણી શરતો લાદી હતી, જેમાં નાણાકીય શિસ્ત જાળવવી, હપ્તાઓ, વ્યાજ અને અન્ય શુલ્કની સમયસર ચૂકવણી કરવી અને તમામ વેચાણની રકમ બૅન્ક ખાતા દ્વારા રૂટ કરવી શામેલ છે.

કંપની સમયસર હપ્તા ચૂકવવામાં નિષ્ફળ ગઈ, જેના કારણે 30મી સપ્ટેમ્બર 2019ના રોજ ખાતાને નોન-પર્ફોર્મિંગ એસેટ (NPA) જાહેર કરવામાં આવ્યું. બૅન્કની ફરિયાદના આધારે, ગ્રાન્ટ થોર્ન્ટન દ્વારા પહેલી એપ્રિલ 2016થી 30મી જૂન 2019ના સમયગાળા માટે ફોરેન્સિક ઓડિટ હાથ ધરવામાં આવ્યું. તપાસમાં જાણવા મળ્યું કે ઉધાર લીધેલા ભંડોળનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. ભંડોળને ડાયવર્ટ કરવામાં આવ્યું હતું અને મૂળ વ્યવસાયિક હેતુ સિવાય અન્ય હેતુઓ માટે ખર્ચવામાં આવ્યું હતું.

બૅન્કે આરોપ લગાવ્યો છે કે આરોપીઓ જેઓ કંપનીના પૂર્વ પ્રમોટરો/ડિરેક્ટરો હતા, તેમણે ખાતાઓમાં હેરાફેરી કરી અને છેતરપિંડીથી ભંડોળનો દુરુપયોગ કર્યો. તેણે બૅન્કના નાણાંનો દુરુપયોગ કર્યો અને ભંડોળને અન્ય હેતુઓ માટે વાળ્યું, જેના પરિણામે બૅન્કને 228 કરોડ રૂપિયાનું નુકસાન થયું. સીબીઆઈએ હવે આ મામલાની વિગતવાર તપાસ શરુ કરી છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુસીઈ-સી-વી-એસઆઈઓબી-જીઆઈએમ-0૪ નો સુધારો**

**૧. પાછલુ શિડ્યૂલ : બંધ થવાની તારીખ અને સમય** : તા.૧૮-૧૨-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે, **ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૧૮-૧૨-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી કોઈપણ સમયે.

**૨. સુધારેલ શિડ્યૂલ : સુધારેલ બંધ થવાની તારીખ અને સમય :** તા.૨૯-૧૨-૨૦૨૫, **ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૨૯-૧૨-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી કોઈપણ સમયે.

ટેન્ડરની અન્ય શરતો અને વિગતો અપરિવર્તનીય રહેશે.

CPM-089

અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

W.118/NIT/E-Tender/2025-26/38/WA તારીખ : 08/12/2025

**ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેટ બ્રિજ માટે FOIS કનેક્ટીવિટીની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ ગીયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ.**

**ટેન્ડર નં. ૪૪-૨૦૨૫**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે.

**કામનું નામઃ** ભાવનગર ડિવિઝનના ગોંડલ (GDL), જુનાગઢ (JND) અને રાણાવાવ (RWO) ખાતે ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેટ બ્રિજ (EIMWB) માટે FOIS કનેક્ટીવિટીની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ ગીયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ.

**અંદાજીત પડતરઃ** ₹ ૪૯,૭૭,૦૫૦.૭૪/- (રૂા. ઓગણપચાસ લાખ સિત્યોતેર હજાર પચાસ અને ચુમ્મોતેર પૈસા પૂરા)

બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૩૦/૧૨/૨૦૨૫** ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-216

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

# અમદાવાદમાં 'બોર્નવીટા'ના બોક્સની આડમાં દારૂની હેરાફેરી: ₹1.32 કરોડનો મુદ્દામાલ જપ્ત

**અમદાવાદ, તા.09**

અમદાવાદના વિવેકાનંદનગર વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરીનું મોટા પાયે નેટવર્કનો પર્દાફાશ થયો છે. બાતમીના આધારે પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ. 1,32,69,055ના મુદ્દામાલ સાથે વિદેશી દારૂની 7108 બોટલો જપ્ત કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, ફાર્મમાં આરોપીઓ બોર્નવીટાના બોક્સની આડમાં દારૂની હેરાફેરી કરતા હતા.



પોલીસને બાતમી મળી હતી કે, હાથીજણ નજીક બડોદરા ગામના વિસ્તારમાં આવેલા ફિરોજખાન મહોમ્મદખાન બેલીફના ફાર્મહાઉસ પર વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન એક બંધ બોડીવાળા કન્ટેનર અને એક સફેદ કારમાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આરોપીઓએ દારૂના બોક્સોને ઢાંકવા માટે બોર્નવીટાના નાના-મોટા 1144 બોક્સ અને બંડલોના કવરનો ઉપયોગ કર્યો હતો. આ બોર્નવીટાના બોક્સોની કિંમત જ રૂપિયા 78,12,315 છે. હેરાફેરી માટે અપાયેલું આ કવરિંગ પોલીસની નજરમાંથી બચવા માટેનું સાધન હોવાનું બહાર આવ્યું છે.

જપ્ત કરાયેલા દારૂના જથ્થામાં અનેક જાણીતી અને બજારમાં માંગ ધરાવતી બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. આ દારૂનો મોટાભાગનો જથ્થો રાજ્યમાં ગેરકાયદે વિતરણ માટે લાવવામાં આવી રહ્યો હતો.

પોલીસે આ કેસમાં ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. જેમાં ફાર્મહાઉસનો માલિક ફિરોજખાન મોહમ્મદ ખાન બેલીફ મુખ્ય સૂત્રધાર છે. તેની સાથે કન્ટેનરનો ડ્રાઈવર અને અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ પણ ચાલી રહી છે. હાલ પોલીસે કન્ટેનર, કાર અને મોટરસાયકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની તપાસ શરૂ કરી છે.

## નવા બજાર વિસ્તારમાં દુકાનમાં આગ લાગતા અફરાતફરી, દૂર-દૂર સુધી આગના ગોટેગોટા જોવા મળ્યા

**વડોદરા, તા.09**





વડોદરા શહેરના નવા બજારમાં આવેલ ફર્નિચરની દુકાનમાં મોડી રાત્રે ભીષણ આગનો બનાવ સામે આવ્યો હતો. આ આગ એટલી વિકરાળ બની કે આગ આ દુકાનના બીજા માળ સુધી પહોંચી ગઈ હતી. જોકે, ફાયર વિભાગની ટીમે ભારે જેહમત બાદ ત્રીજા માળે આગ પોહચી તે પહેલા કાબૂમાં લીધી હતી. સદનસીબે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ દુકાનદારને મોટું નુકસાન થયું છે. શહેરના નવાબજારમાં આવેલ ફર્નિચર અને પડદાની દુકાનમાં રાત્રે 1 વાગ્યે આગ લાગી હોવાનો કોલ વડોદરા ફાયર વિભાગને મળ્યો હતો. આ આગને લઈ ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. આગ એટલી વિકરાળ બની કે ધુમાડાના દ્રશ્યો દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. આ ઘટનામાં દુકાનના પહેલા અને બીજા માળે રહેલ તમામ સામાન બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો અને દુકાનદારને લાખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ આગને લઈ અડધી રાત્રે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

આ અંગે દાંડિયા બજાર ફાયર સ્ટેશનના ઓફિસર પ્રતાપભાઈએ જણાવ્યું હતું કે, શહેરના નવા બજારમાં આવેલ 58 નંબરની ફર્નિચરની દુકાનમાં આ આગ લાગી હોવાનો કોલ અમને મળ્યો હતો. રાત્રિના એક વાગે આગનો કોલ મળ્યો હતો અને કંટ્રોલમાં લીધી છે. આ દુકાનમાં પડદા અને અન્ય સામગ્રી હતી. આ દુકાનમાં ત્રણ માળ આવેલા છે જેમાં તમામ ભરેલા છે અને આગ બીજા માળ સુધી આગ પહોંચી હતી. વધું કહ્યું કે, આ દુકાનમાં ફર્નિચર અને લાકડાની સામગ્રી હોવાથી વધુ આગ પ્રસરી હતી. બીજા માળ સુધી આ આગ પોહચી હતી અને સામાન મોટા પ્રમાણમાં બળીને ખાખ થઈ ગયો છે.

## છાણી રોડ પર દરોડામાં 2.26 લાખનું હેરોઇન ઝડપાયું : ટ્રક ડ્રાઇવરોને માદક પદાર્થ વેચતો આરોપી ઝડપાયો, 1 ફરાર, એક વર્ષમાં 65 આરોપીઓ ઝડપાયા

**વડોદરા, તા.09**

વડોદરા શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપે છાણી રોડ સ્થિત ભારત પેટ્રોલ પંપની સામેના ટેમ્પા-ટ્રક પાર્કિંગના ખુલ્લા ગ્રાઉન્ડમાં રાત્રે દરોડો પાડી રૂપિયા 2.26 લાખના માદક પદાર્થ હેરોઈનનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ રેડમાં એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે તેનો સાગરીત ફરાર છે.

એસ.ઓ.જી.ની ટીમને બાતમી મળી હતી કે, છાણી ગામમાં રહેતો હરજીન્દરસિંઘ ઉર્ફે બોબી સરદાર નામનો શખ્સ દરરોજ આ જગ્યાએ બેસીને ટ્રક ડ્રાઈવરોને હેરોઈનની પડીકીઓ વેચે છે. આ માહિતીના આધારે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. રાતડા અને ટીમે રેડ કરી હતી. રેડ દરમિયાન આરોપી હરજીન્દરસિંહ પાસેથી નેટ વજન 11 ગ્રામ 320 મિલિગ્રામ હેરોઈન (બજારકિંમત રૂપિયા 2.26 લાખ ), એક મોબાઈલ, ડ્રગ વેચાણની





રોકડ મળી કુલ રૂપિયા 2,34,700નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ કાર્યવાહીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા આરોપી હરજીન્દરસિંહ ઉર્ફે બોબી સરદાર સંતોકસિંહ ઓલખ (હાલ રહે.: રુદ્રા એન્કલેવ, છાણી, વડોદરા, મૂળ વતની: ભલ્લા કોલોની, છેહરતા, અમૃતસર પંજાબ)ને ઝડપી લીધો છે. જ્યારે ફરાર આરોપી ગરદયાલસિંહ (રહે, જહાજગઢ, અમૃતસર પંજાબ) આરોપી વિરુદ્ધ છાણી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વડોદરા પોલીસ કમિશનરની સૂચનાથી નશામુક્તિ અભિયાન અંતર્ગત છેલ્લા 28 દિવસમાં વડોદરા પોલીસે NDPS એક્ટ હેઠળ 21 કેસ નોંધી કુલ રૂપિયા 44.10 લાખથી વધુનો માલ જપ્ત કર્યો છે અને 25 આરોપીઓની ધરપકડ કરી છે. વર્ષ 2025માં અત્યાર સુધીમાં 40 કેસમાં રૂપિયા 2 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી 65 આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

## ભાવનગરમાં આખલાનો આતંક: કાળિયાબીડ વિસ્તારમાં રસ્તાઓ પર આખલા યુદ્ધ જામ્યું...

**ભાવનગર, તા.09**

ભાવનગર શહેરમાં આખલાઓનો આતંક સામે આવ્યો છે. આજે સવારે કાળિયાબીડ વિસ્તારમાં વારાહી ચોક નજીક મુખ્ય રોડ પર બે મોટા આખલાઓ વચ્ચે ભયાનક યુદ્ધ થયું હતું, જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ વારાહી ચોક નજીક સવારના સમયે બે આખલા બાખડયા હતા.આ ઘટનામાં બંને આખલાઓએ એકબીજા પર શીંગડાથી હુમલો કર્યો હતો, જેના કારણે આસપાસના વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો. લગભગ 15-20 મિનિટ સુધી ચાલેલા આ યુદ્ધ દરમિયાન ટ્રાફિક જામ થયો હતો.



શહેરના અનેક માર્ગો પર છેલ્લા કેટલાક મહિનાઓથી આખલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.રાહદારીઓ અને વાહન ચાલકો ને આ આખલા ટોળાબંધીમાં ફરતા હોવાથી અવર-જવર કરતા લોકોમાં ડરનો માહોલ રહે છે.આ ઘટના પગલે ભાવનગર મહાનગરપાલિકાની ઢોર પકડવાની કામગીરી પર એકવાર પ્રશ્નો ઉભા કર્યો છે. પાલિકા દ્વારા દર વર્ષે ઢોર પકડવા માટે લાખો રૂપિયા ખર્ચવામાં આવે છે, તેમ છતાં શહેરના મુખ્ય માર્ગો પર આખલાઓ અને ગાયોનું જૂથ નિયમિત દેખાતું રહે છે.

## હિસ્ટ્રી શીટર-માથાભારે શખસો નિશાન પર : કોસાડ આવાસમાં DCP-ACP સહિત મોટા પોલીસ કાફલા સાથે મેગા કોમ્બિંગ


**સુરત, તા.09**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના ભાગરૂપે, અમરોલી વિસ્તારના કોસાડ આવાસમાં પોલીસે મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં છ જેટલી ટીમો દ્વારા કોસાડ આવાસના H-1 અને H-2 બિલ્ડિંગ એરિયામાં મોટાપાયે સઘન ચેકિંગ અને સર્ચ કામગીરી કરવામાં આવી હતી. DCP, ACP સહિત મોટા પોલીસ કાફલા સાથે મેગા કોમ્બિંગ કરતા 6 તલવારો મળવા સાથે 58 કેસ કરાયા હતા. આ કોમ્બિંગ ઓપરેશનમાં સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત પાંચ પોલીસ સ્ટેશનનો સ્ટાફ જોડાયો હતો. અમરોલી, ઉત્રાણ, જહાંગીરપુરા, રાંદેર અને અડાજણ પોલીસ સ્ટેશન કોમ્બિંગમાં જોડાયા હતા. ડીસીપી, એસીપી, તેમજ પાંચેય પોલીસ સ્ટેશનના પીઆઇ કોમ્બિંગમાં જોડાયા હતા. પોલીસ ટીમોએ ખાસ કરીને ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સોના રહેઠાણો પર તપાસ કરી હતી. આ કોમ્બિંગનો મુખ્ય હેતુ વિસ્તારમાં કાયમી ધોરણે અસામાજિક પ્રવૃત્તિઓ કરતા તત્વોને પકડી પાડવાનો હતો. હિસ્ટ્રી શીટર, MCR (મોસ્ટ ક્રિમિનલ રેકોર્ડ) ધરાવતા શખ્સો, ટપોરી અને માથાભારે શખ્સો પર કાર્યવાહી કરી હતી.

## સુરતમાં સરાજાહેર મારામારી, પોલીસ પેટ્રોલિંગની પોલ ખુલી : પાનના ગલ્લા પર કાતરના 7-8 ઘા ઝીંકીને યુવક પર હુમલો

**સુરત, તા.09**

સુરતમાં ગુનાખોરીનો ખુલ્લો ચહેરો ફરી એકવાર સામે આવ્યો છે: ડીંડોલીમાં પાનના ગલ્લા પર કાતરથી 7-8 ઘા ઝીંકીને યુવક પર હુમલો કરતો આરોપી અને સચિનમાં જાહેરમાં પિસ્તોલ બતાવી ધમકાવતો યુવક - બંને ઘટનાઓના CCTV અને વીડિયો ફૂટેજ વાયરલ થતાં શહેરની કાયદો-વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા છે. એક તરફ રાત્રે 8:30 વાગ્યે ખુલ્લેઆમ તીક્ષ્ણ હથિયારથી હુમલો અને બીજી તરફ પિસ્તોલ લઈને દાદાગીરી - આ બંને ઘટનાઓએ પોલીસના



પેટ્રોલિંગની પોલ ખોલી નાખી છે, જ્યારે સચિનમાં તો ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ પોતે જ પિસ્તોલવાળા આરોપીને પકડીને માર માર્યો હતો.

સુરતમાં અસામાજિક તત્વો કેટલા બેફામ છે તેનો બીજો પુરાવો ડીંડોલીના પેરાયોસા બ્લીસ વિસ્તારમાંથી મળે છે. પાનના ગલ્લા પર લગાવેલા CCTV ફૂટેજમાં 7 ડિસેમ્બરના રોજ રાત્રે 8:30 વાગ્યાની આસપાસ એક ભયાનક દ્રશ્ય કેદ થયું છે. વીડિયોમાં પ્રશાંત નામનો યુવક અચાનક આવે છે અને કાતર લઈને સામેના યુવક પર સતત 7 થી 8 વાર હુમલો કરતો જોવા મળે છે. આ હુમલાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી પરંતુ, જાહેરમાં તીક્ષ્ણ હથિયાર વડે આટલો ઘાતક હુમલો એ શહેરની કાયદો-વ્યવસ્થા પર લાલબત્તી સમાન છે. ડીંડોલી પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે, પરંતુ ગુનેગારોની હિંમત જોતાં પોલીસનો નિષ્ક્રિય પેટ્રોલિંગ ચર્ચાનો વિષય બન્યું છે. સચિન પોલીસ સ્ટેશનની હદમાં એક યુવકે જાહેરમાં પિસ્તોલ બતાવી લોકોમાં દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો. નજીવી બાબતે ઉશ્કેરાયેલા યુપીના યુવક પવન કુમાર ઉર્ફે ઋષિલાલ પાલએ બેફામ બનીને પોતાની પાસે રહેલી પિસ્તોલ બતાવી લોકોને ડરાવવાનું શરૂ કર્યું હતું. પહેલાં તો લોકો ડરી ગયા, પણ જ્યારે આ યુવકની દાદાગીરી હદ વટાવી ગઈ, ત્યારે વિસ્તારના ચારથી પાંચ યુવાનોએ હિંમત ભેગી કરી. તેમણે જાહેરમાં જ આ આરોપીને પકડી પાડ્યો અને તેને જ્યાં છે ત્યાં જ મેથીપાક ચખાડ્યો. આ વીડિયોમાં લોકોની હિંમત અને આરોપીની લાચારી સ્પષ્ટ દેખાય છે.

## ફોનમાં પ્રેમી સાથે સતત વાત કરતી હોવાની પિતાને શંકા જતાં 6ટ્ઠા માળેથી ઝંપલાવી તરુણીનો આપઘાત

**રાજકોટ, તા.09**

શહેરના 80 ફૂટ રોડ પર સત્યમ પાર્કમાં રહેતી અશ્વિની સંતોષભાઈ બાબર(ઉં.વ.15) નામની તરુણીએ બહેનની બહેનપણીના એપાર્ટમેન્ટમાં જઈ છઠ્ઠા માળેથી પડતું મૂકી ઝંપલાવી આપઘાત કરી લેતા એપાર્ટમેન્ટમાં ચકચાર મચી જવા પામ્યો હતો. બનાવને પગલે એપાર્ટમેન્ટના લોકો બિલ્ડિંગની પાછળના ભાગે એકઠા થઈ ગયા હતા. તરુણીને નદીમાંથી કાઢી 108 મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખેસડવામાં આવી હતી. જ્યાં એક દિવસની ટૂંકી સારવાર બાદ તરુણીનું મોત નીપજ્યું છે. બનાવની હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા થોરાળા પોલીસને જાણ થતાં પીએસઆઈ નિખિલ ડોબરિયા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# ચૂંટણી પૂર્વે કરોડો રૂપિયાના વિકાસ કામોને તાબડતોબ વેગ : ભાવનગરમાં આડેધડ ખોદકામથી લોકો પરેશાન

**ભાવનગર, તા.09**

આગામી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને રાખીને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પડતર કામોને વેગ આપવામાં આવ્યો છે. લાંબા સમયથી બંધ અને બાકી રહેલા વિકાસલક્ષી કામો પાલિકા દ્વારા ચૂંટણી નજીક આવતા એકાએક શરૂ કરવામાં આવ્યાં. રોડ-રસ્તા, ડ્રેનેજ, પેવિંગબ્લોક સહિતના કામો માટે શહેરમાં જ્યાં જોવો ત્યાં ખોદકામ ચાલી રહ્યું છે. ધીમીગતિએ કામો ચાલતા વાહનચાલકો-રાહદારીઓ હેરાન થઈ રહ્યા છે. શહેરના સંસ્કાર મંડળ, શિવાજી સર્કલ, તળાજા જકાતનાકાથી શિવાજી સર્કલ, નિર્મલનગર, વાઘાવાડી રોડ, મહિલા કોલેજ સહિત અનેક વિસ્તારોમાં જ્યાં જોવો ત્યાં રોડની કામગીરી ચાલી રહી છે, જેની અસર વાહન-વ્યવહારો પર પડી રહી છે. રાહદારીઓ પણ આ તમામ કામો વહેલી તકે પૂર્ણ થાય તેવી માગ કરી રહ્યા છે.

બીજી તરફ કોંગ્રેસે આક્ષેપ કર્યા છે કે,શાસક પક્ષને કોર્પોરેશનની ચૂંટણીના ભણાકારા લાગી ગયા છે અને એટલે જ્યાં હોય ત્યાં ખોદકામ ચાલુ કર્યું છે. આ માત્ર ચૂંટણીલક્ષી કામો છે. પ્રજાના પૈસાનો વેડફાટ છે. તો શાસકપક્ષે ચૂંટણી ઢઢેરાના બાકી કામો કરી રહ્યાંનું જણાવી કોંગ્રેસને આડેહાથ લીધી હતી. ભાવનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મનોહરસિંહ ગોહિલે આક્ષેપ સાથે જણાવ્યું હતું





કે, ખાસ કરીને પાંચ વર્ષમાં કામ જે ન કર્યા હોય એ અત્યારે કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે, એટલે એના ભણકારા આ શાસકોને લાગી ગયા છે. ભાવનગરની જનતા અત્યારે ભાજપથી ખૂબ જ નારાજ છે, જેથી શાસકપક્ષે આડાઅવળા, જ્યાં હોય ત્યાં ખાડા ખોદી કામો ચાલુ કરી દીધા છે. આ માત્ર ચૂંટણીલક્ષી કામો છે. પાંચ વર્ષથી ભાવનગરની જનતા પીડાઈ રહી છે. ભાવનગરની જનતાના ટેક્સનો દૂરઉપયોગ આ શાસકોએ જેટલો કર્યો છે એટલો અત્યાર સુધીમાં કોઈ શાસકોએ કર્યો નથી. કોઈ જાતના કોઈપણ ભાવનગરની જનતાને ટેક્સનું વળતર મળતું જ નથી. આ એની સાબિતી છે.

અત્યારે ભાવનગરની જનતા ભાજપથી ખૂબ જ નારાજ હોવાથી તાબડતોબ આવી કામગીરી ખાલી ખોટી ઉતાવળથી કરી અને બતાવે છે, પણ એવું કંઈ છે જ નહીં. ગ્રાઉન્ડ ઉપર અત્યારે લોકો ખૂબ જ ભાજપથી પરેશાન છે. જ્યાં હોય ત્યાં અત્યારે રાહદારીઓ પરેશાન છે. પેલા રોડ બનાવે તો ત્યાં ડ્રેનેજલાઈન બાકી રાખી દે છે. ખોદો તો પહેલા દરેક ડિપાર્ટમેન્ટની એનઓસી લઈને કામગીરી કરવી જોઈએ. આ પ્રજાના પૈસા છે, તમારા ખીચાના પૈસા નથી. આ લોકોના ટેક્સના પૈસાથી તમે કામ કરાવો છો. તમે કોઈ ભાવનગરવાસીઓ ઉપર ઉપકાર નથી કરતા, તમારી ફરજ છે આ કામ કરવાની. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુ રાબડિયાએ જણાવ્યું કે, ભાવનગર મહાનગરપાલિકા 2047ને ધ્યાને રાખી શહેરમાં મુખ્યત્વે ડ્રેનેજનું તિલકનગરથી લઈને શિવાજી સર્કલ, શિવાજી સર્કલથી દુઃખી શ્યામ અને લીલા સર્કલ સુધીનું જે ચોમાસામાં કામ બંધ રહ્યું તેને શરૂ કરવામાં આવ્યું છે. ચોમાસામાં રોડ પણ તૂટી ગયા હોય, 20 ફૂટ ઊંડાઈએ ડ્રેનેજનું કામ બંધ રાખવામાં આવ્યું હતું. જેમાં સંસ્કાર મંડળવાળા રોડ પર મુખ્યત્વે લીંબડીયું રૂપાણી થઈ દીવડીવાળા ખાચામાં થઈને આપણે આગળ કામ લીધેલું છે, એ પણ ચોમાસા દરમિયાન બંધ કર્યું હતું, જે શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં શહેરમાં રોડના 327 કરોડના કામો ચાલુ છે. મહિલા કોલેજ વાઈટ ટોપિંગ રોડ પૂર્ણ કર્યો છે, એ જ રીતે મંત્રેશ કોમ્પલેક્ષનું કામ પ્રગતિમાં છે. તળાજા જકાતનાકાથી શરૂ કરીને ટોપથ્રી સુધીનો પીક્યુસી રોડ લોકોની વર્ષોની યાત્રાઓ પછી પણ ફોર ટ્રેક રોડ કરી લોકો માટે ખુલ્લો મૂકી લોકો ઉપયોગ કરી રહ્યા છે. આ જ રીતે સંસ્કાર મંડળ ચોકથી સહકારી આર્ટ સુધીના વાઈટ ટોપિંગનું કામ થઈ રહ્યું છે. તે જ રીતે ડ્રેનેજના 219 કરોડના કામ ચાલુ છે. ભાવનગરની પ્રાથમિક જરૂરિયાત ધ્યાનમાં લઈ આગામી દિવસોની અંદર પાણી માટે થઈને જે રીતે ફિલ્ટર વિભાગ અને વોટરવર્ક્સ વિભાગના 150 કરોડના કામો ચાલુ છે, આગામી દિવસોમાં પાણીની ઘટ ન પડે એના માટે થઈ નવી ટાંકી, નવા ફિલ્ટરો આ બધી જ વસ્તુઓ જોવા જઈએ તો અનેક ભાગોની અંદર આ બધા કામો ચાલુ છે. જનરલ ક્રમમાં લોકોને થોડી મુશ્કેલી પડી હોય પણ સ્વાભાવિક ક્રમ છે કે આવડું મોટું કામ થઈ રહ્યું છે, ત્યારે થોડી વાર પણ લાગી હોય. તો અત્યારે ચોમાસાની સિઝન જેવી પૂરી થઈ છે, તે પછીનું લગભગ દોઢ મહિનાથી બધા જ કામો ફુલ પ્રગતિએ અમે કરાવી રહ્યા છીએ.

શહેર કોગ્રેશ પ્રમુખે કરેલ પ્રહારો અંગે સ્ટેન્ડિંગ ચેરમેને જણાવ્યું કે, ભાવનગર મહાનગરની અંદર છેલ્લા 30 વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે. કોંગ્રેસ કાયમ માટે થઈને ભાવનગર એક નહિ, પરંતુ સમગ્ર દેશની અંદર વિકાસ વિરોધી રહી છે. કોંગ્રેસને જે રીતે લોકોએ જાકારો આપ્યો છે, ભાવનગરની અંદર ખાસ કરીને કોંગ્રેસને લોકોએ બેહાલ કરી છે. કોંગ્રેસના નેતાઓ જે રીતે સામાન્ય બાબતને લઈને ભાવનગરને ગુજરાતમાં બદનામ કરવા જઈ રહ્યા છે, મને એવું લાગી રહ્યું છે કે, ચૂંટણીલક્ષી એજન્ડા છે. લોકો સારી રીતે જાણે છે. ભાવનગરના વિકાસમાં સહયોગ આપવાના બદલે ભાવનગરને વખોડવાનું કામ, ભાવનગરને બદનામ કરવાનું કામ કરે ત્યારે આગામી દિવસોમાં ભાવનગરની જનતા ક્યારેય સાખી નહીં લે. આગામી દિવસોમાં જે વિકાસના કામો થયા છે, સારી ભેટ જનતા જાણી રહી છે. મેં કીધું એમ, ચોમાસા દરમિયાન થોડી મુશ્કેલી પડી છે, એના માટે દિલગીર પણ છીએ. ભાવનગરની ચૂંટણીલક્ષી કોઈ એજન્ડાથી અમે કામ કરીએ એવું નથી. આજથી પાંચ વર્ષ પહેલા ચૂંટણી ઢંઢેરામાં જે બોલેલા છીએ, આ બધી જ વસ્તુઓ ભાવનગરની જનતાને અમે આપ્યા છીએ અને આપી રહ્યા છીએ.

આ કોંગ્રેસના નેતાઓને આપના માધ્યમથી મારે કહેવું છે કે, એકવાર ચૂંટણીનો ઢંઢેરો પકડે અને એને વાંચે, સમજે અને પછી એમના વિધાનો અથવા એમની વાત મૂકે. આ ભાવનગરની જનતા છે અને ભાવનગરની જનતા વિકાસને સારી રીતે સમજે છે, જાણે છે અને જોઈ પણ રહી છે. જે રીતે ભાવનગરની અંદર આજે 1400થી વધારે કરોડના કામો ભાવનગરની સુખાકારી માટે થઈ રહ્યા છે, ત્યારે ભાવનગરની સુખાકારી માટે થનાર કામોને લોકો આવકારી રહ્યા છે.

## મહિલાએ 20 સેકન્ડમાં 13 ફડાકા મારી ચપ્પલવાળી કરી : વરાછામાં મોબાઈલ ઝૂંટવી ભાગતા સ્નેચરને લોકોએ દબોચ્યો, જાહેરમાં મેથીપાક ચખાડ્યો

**સુરત, તા.09**

સુરતના વરાછા વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગની ઘટનામાં લોકોની સતર્કતા અને મહિલાના આક્રોશનો મામલો સામે આવ્યો છે. વરાછાના માતાવાડી નજીક આવેલી રંગ અવધૂત સોસાયટીના માર્કેટ વિસ્તારમાં એક મોબાઈલ સ્નેચરને લોકોએ રંગેહાથ ઝડપી પાડીને સબક શીખવ્યો હતો. જે મહિલાના હાથમાંથી મોબાઈલ ઝૂંટવીને ભાગી રહ્યો હતો. તે મહિલાએ મોબાઈલ સ્નેચરને 13 તમાચા અને ચાર ચપ્પલ મારી હતી. ત્યારબાદ મોબાઈલ સ્નેચરને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના વરાછાના માતાવાડી નજીક આવેલી રંગ અવધૂત સોસાયટીના માર્કેટ વિસ્તારમાં બની હતી, જ્યાં એક શખ્સ એક મહિલાના હાથમાંથી મોબાઈલ ઝૂંટવીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, આસપાસના લોકો તરત જ સતર્ક બની ગયા હતા અને સમયસૂચકતા વાપરીને આ સ્નેચરને પકડી પાડ્યો હતો.મોબાઈલ સ્નેચર પકડાઈ જતાં ગુસ્સે ભરાયેલા લોકોએ તેને 'મેથીપાક' આપવાનું શરૂ કર્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599